કુમાર

૪૭૬

સંસ્થાપક : રવિશંકર રાવળ
તંત્રી : બચુભાઈ રાવત
ઑગસ્ટ ૧૯૬૩

આવતી કાલનાં નાગરિકોનું માસિક



"આપણા પરિશ્રમ અને પુરુષાર્થ વડે બેવડાવી દેવા પડશે. અનાજનાં કૂંડાં સમૃદ્ધ કરવા સાથે રક્ષણની તૈયારીને પણ વધુ મજબૂત કરવાની છે: કવાયત અને કારખાનાં બંને મોરચાની આપણે કાળજી રાખવાની છે."



(ઉપર) એન. સી. સી. અફસરો (મહિલા વિભાગ)ની કવાયત તપાસવા આવેલા સર સેનાપતિ જનરલ ચૌધરી; (જમણી બાજુ) એક હાથમાં ધ્વજ અને બીજામાં બંદૂક ધારણ કરીને જનતાને યુદ્ધભૂમિ પર દોરી જતી સ્વાતંત્ર્યદેવીનું આ ચિત્ર આલેખનાર ફ્રેંચ કલાકાર યુજેન દેલાક્રવાનું ચરિત્ર અંદર છે.

કુમાર

ઑગસ્ટ ૧૯૬૩ · અંક ૪૭૬

ચિત્રો

સ્વાતંત્ર્યની દેવીની દોરવણી · યૂજ઼ેં દેલાક્રવા	પૂંઠું
સાર્ડાનેપૅલસનું સમર્પણ · યૂજ઼ેં દેલાક્રવા	મુખચિત્ર પાછળ
રાધાનું નૃત્ય (પહાડી-ચંબા-કલમ)	પૂર્ણરંગી મુખચિત્ર
મૅસૅકર ઑવ સ્કીઓ ને સિંહનો સામનો · દેલાક્રવા	પૃ. ૩૫૯ સામે
યૂજ઼ેં દેલાક્રવાની કેટલીક કૃતિઓ	પાછલી પ્લેટ

કાવ્યો

ઊંઘ ભાંગી	પ્રિયકાન્ત મણિયાર	૩૨૦
મોહમુક્તિ	મજલાલ દવે	૩૨૦
સ્વાગત	રઘુવીર ચૌધરી	૩૨૦
આગિયો	યોસેફ મૅકવાન	૩૨૦
વિરહ	દિલીપ ઝવેરી	૩૨૦
કરી પાર નૌકા	'સાકિન' કેશવાણી	૩૨૦
આવ્યો વસંત	કંદર્પ ઓઝા	૩૨૦
પૂર્ણિમા	લાભશંકર ઠાકર	૩૨૦
આવ્યું મનનું માગ્યું જન	ચંદ્રકાન્ત શેઠ	૩૨૦
વ્યથા	ભાનુપ્રસાદ ત્રિવેદી	૩૨૦

ચરિત્ર

ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જર (ગરવા ગુજરાતી-૪)		૩૨૩
યૂજ઼ેં દેલાક્રવા	કિરણચંદ્ર સોમનાથ જોશી	૩૨૩
જીવનપટનાં સ્મૃતિચિત્રો-૨૦	રવિશંકર મ. રાવળ	૩૨૮

વાર્તા

એક રાતની વાત	સુધીર દલાલ	૩૨૬
રૈવા વહુ (સત્યકથા-૧૫)	મુકુન્દરાય વિ. પારાશર્ય	૩૩૪

લેખો

રાષ્ટ્રીય બહુમાનથી વિભૂષિત		૩૩૧
શબ્દ-પલ્લવી (સાંકેતિક લિપિઓ-૪)	સુશીલા આર. પટેલ	૩૩૯
ઈન્ગ્રીડ બર્ગમૅનની વાત (રંગગઠરિયાં-૩૨)	ચંદ્રવદન ચી. મહેતા	૩૪૪
પ્રોટીન (આહાર અને આરોગ્ય-૪૪)	ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી	૩૪૭
રક્ત દાબ-બ્લડ પ્રેશર	નટવરલાલ માલવી	૩૫૦
ચકમર્દ, શરપંખો (ઘરગથુ ઔષધ-૨૦)	લાભશંકર ઠાકર	૩૫૪
શતરંજની હરીફાઈ	સુરેશ મોદી	૩૫૪

વિભાગો

વાચકો લખે છે		૩૧૮
ભારતની રાજકીય એકતાની સ્થાપના (વિચારવિશેષ)		૩૨૧
કલાવાર્તા (ઠાકોરભાઇ પટેલ, હર્શહૅર્ન)		૩૩૬
સાહિત્ય સંપર્ક		૩૪૦
પચ્ચીસ વર્ષ પહેલાં		૩૪૩
માધુકરી (નંદલાલ બોડીવાળા, કલાઉડ બર્સ્ટ, વિલાયતી)		૩૫૨
સીલ (જગતનાં પ્રાણી-૬૧)		૩૫૨
ફોટો-હરીફાઇનું પરિણામ	શ્રીદામ ભટ્ટ	૩૫૬
આમાસ ઇતિહાસમાં (વ્ય.વિ. : મૅપાસાં)		૩૫૮
છેલ્લું પાનું		૩૫૯

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૧૦; પરદેશમાં રૂ. ૧૪ અથવા શિ૦ ૨૧; છૂટક નકલ : રૂ. ૧-૨૫

વાચકો લખે છે....

જુલાઇ અંકમાં કોપનહાગનના 'મરમેઈડ'-ના શિલ્પની સરસ કથા આપી છે. પરંતુ એનો સર્જક કોણ તે જણાવાયું નથી.

અર્ધ-માનવ સમી આ જલપ્રાણી 'મરમેઈડ'ની માન્યતાનું મૂળ, પ્રાચીન બૅબીલોનિયન પ્રજાના મત્સ્ય-દેવતા ઑનેન જોડે સંકળાએલું જણાય છે. કોપનહાગનના બારાવાળી મરમેઈડ ઉપરાંત અન્ય મરમેઈડોને શિલ્પ તથા ચિત્રો દ્વારા, સાગરની સપાટી ઉપર એક હાથે નિજના લાંબા કેશકલાપને ઓળતી, અને બીજા હસ્તે દર્પણમાં પોતાના મુખને નિહાળતી દેખાડાઈ છે. એવું કહેવાય છે કે કુદરતે એમને ભવિષ્ય ભાખવાની બક્ષેશ કરી છે, અને પ્રકૃતિએ તેઓ કામાતુર હોય છે.

જેમ જલપ્રાણીઓમાં 'દરિયાઈ ઘોડો' તેમ 'દરિયાઈગાય' નામે માછલી પણ હોય છે, જે 'મૅનાટી' નામે ઓળખાય છે. એના વિચિત્ર દેખાવને લઇને, બહુ જૂના કાળથી, સાગરખેડૂ ખલાસીઓનાં મનમાં 'મરમેઈડ'નો ખયાલ આવેલો લાગે છે. ચૅાસરથી માંડી તે કીટ્સ લગીના ઘણાખરા આંગ્લ કવિઓએ એ ખયાલને ખૂબ પંપાળ્યો છે. બ્રિટનની ઘણી વીશીઓ અને દુકાનો પર પણ 'મરમેઈડ'નાં નિશાનવાળાં પાટિયાં જોવામાં આવતાં.

જેમ જલપરીને 'મરમેઈડ'નું નામ તેમ તેના નરને 'મરમેઈન'નું નામ અપાયું છે. વળી કેટલાક કવિઓએ તો મરમેઈડની નશ્ર નશીલી આંખો કલ્પીને બે અક્ષર ઉમેરીને તેને 'મરમેઈડન્સ' પણ કહી છે!

પરાપૂર્વથી માન્યતા ચાલી આવી છે કે કોપનહાગનના બારાની જેમ અન્ય સાગર-સરિતા અને પહાડ-કુંજગલીઓમાં પરીઓનો વસવાટ છે. આ ઉપરથી આંગ્લ ચિત્રકાર જે. ડબ્લ્યુ, વૉટરહાઉસે 'હાઈલાસ ઍન્ડ ધ નિમ્ફ્સ' નામે ચિત્ર બનાવ્યું છે. જે અત્યારે મૅન્ચેસ્ટર ગૅલેરીમાં છે.* દંતકથા છે કે તરુણ હાઈલાસ પાણીની શોધમાં એશિયાટિક કિનારે આવી લાગ્યો, ત્યાં તેની બેહદ ખૂબસૂરતી પર મોહાંધ બની જલપરીઓ તેને ખેંચીતાણી પાણીમાં ઘસડી ગઈ અને ત્યાં એ બાપડા પર સામટો આલિંગનોનો એવો તો જબ્બરમારો ચલાવ્યો કે એ ત્યાં તત્કાળ મૃત્યુ પામ્યો!

(કરાચી) —ફિરોઝશાહ મહેતા


[* 'મરમેઇડ'ના સર્જક શિલ્પીનું નામ એડવર્ડ એરિક્સન. હાઇલાસવાળું વૉટરહાઉસનું ચિત્ર આ નીચે આપ્યું છે]

ખીલ મટાડવા હોય તો દરરોજ સવારના મોં ઉપર ગરમ પાણીની વરાળની બાફ અજમાવી જોશો. રાંધવાનો કૂકર સગડી ઉપરથી નીચે ઊતરે ત્યારે તેના પાણીનો, અથવા તો નહાતી વખતે બંબામાંથી કાઢેલા ગરમ પાણીનો પણ ઉપયોગ કરી શકશો.

નળમાં વપરાતા વાઈસરના*ખર્ચથી બચવું હોય તો કોઈપણ ઇંજેકશનની નાની શીશીનો રબ્બરનો બૂચ કામ લાગશે. તેની ટોટી કાપી લઈ, ઉપરનો ગોળ ભાગ વાઈસર તરીકે ઉપયોગમાં લઈ શકાશે. સોયા અથવા ખીલાને તપાવી તેની મધ્યમાં કાણું પાડી શકશો.

(મુલુંડ) —લહેરચંદ હીરજી મેપાણી

[*સાચો શબ્દ 'વૅાશર' છે.]



'કુમાર' જુલાઇ અંકનું છેલ્લું પાનું: 'વીજળીની શોધ વૉલ્ટાએ કરી તેથી (જોકે એ પહેલાં કદાચ બેન્જામિન ફ્રૅંકલિને પણ સ્ટૅટિક ઇલેક્ટ્રિસિટી–સ્થિર વિદ્યુત્‌ના પ્રયોગો કરેલા, પરંતુ એ જવા દો) વિદ્યુત્પ્રવાહના એકમને 'વૉલ્ટેજ' તરીકે ઓળખવામાં આવે છે' એ વિધાન ખોટું છે. વિદ્યુત્પ્રવાહનો એકમ ઍમ્પેર કે ઍમ્પિયર છે, જે એ જ નામના એક ફ્રેંચ વૈજ્ઞાનિક પરથી લેવામાં આવ્યો છે. વિદ્યુત્-પ્રવાહ એટલે 'ઇલેક્ટ્રિક કરન્ટ'. એ પ્રવાહનું કારણ વિદ્યુત્દબાણ (ઇલેક્ટ્રોમોટિવ ફોર્સ=વિદ્યુત્ ચાલક-બળ) છે, જેને 'વૉલ્ટેજ' પણ કહેવામાં આવે છે. હકીકતમાં વૉલ્ટેજ એકમ નથી, માત્ર નામ છે. એ વિદ્યુત્-દબાણનો એકમ છે ('વૉલ્ટ'); એ વૉલ્ટેજ અને તેનો એકમ બંને વૉલ્ટાના નામ પરથી ઓળખવામાં આવ્યા છે એમ કહેવું બરાબર છે. વિદ્યુત્-દબાણ (વૉલ્ટેજ), વિદ્યુત્પ્રવાહ (કરન્ટ) અને 'વીજ-અવરોધ' (ઇલેક્ટ્રિક રેઝિઝટન્સ) વચ્ચે સંબંધ છે: $V=C\times R$.

(અમદાવાદ) —કંદર્પ ઓઝા

~

'જીવનપટનાં સ્મૃતિચિત્રો' રસપૂર્વક વાંચ્યું છું. મોટાં માના અવસાનના પ્રસંગનું શ્રી રાવળે દોરેલું ચિત્ર દોષવાળું લાગે છે. બ્રાહ્મણોના શબને, જો મારો ખયાલ સાચો હોય તો, બે વાંસ અને ખપાટિયાંની નનામી ઉપર નહિ પણ વળી ઉપર બાંધીને લઇ જવામાં આવે છે, અને એને ઉપાડનાર બે જ જણ હોય છે: એક આગળ અને એક પાછળ.

(જૂનાગઢ) —ઈન્દુકુમાર દે. જોષી

[*ઉત્તરમાં શ્રી રવિશંકર રાવળ લખે છે: 'વળી ઉપર શબને લઈ જવાનો રિવાજ ગામડાંમાં છે અને ગામડાંમાંથી શહેરમાં આવી વસેલી જ્ઞાતિઓએ તે રૂઢિ પકડી રાખી છે. ગામડાંમાં વાંસનાં ચપાટિયાં તેમજ બીજો સામાન મળવો મુશ્કેલ હોવાથી કોઈ ઘરની વળી ખેંચી કાઢી તેની સાથે શબની ઝોળી બાંધી લઇ જાય છે. શહેરની પેઠે ત્યાં લાકડાંની કાઠી પણ તૈયાર હોતી નથી એટલે ઘરઘરથી છાણાં-લાકડાં ભેગાં કરી લાવવાં પડે છે.

શબને વળી સાથે બાંધી લઇ જવાની રીત ગ્રામ્ય અને અગવડભરેલી છે. શબનો ભાર સરખો વહેંચાતો નથી અને ઘણીવાર તો શબની ઝોળી માર્ગમાં છૂટી જાય છે. ગામડાની આ રૂઢિનું શહેરમાં પાલન કરનાર એક બ્રાહ્મણ ગૃહસ્થના શબની ઝોળી બજાર વચ્ચે છૂટી ગએલી અને શબને ફરી બાંધવું પડેલું એવો દાખલો મારી જાણમાં છે.

હવે તો ઘણા સમજુ લોકોએ, આ રૂઢિમાં શબને સ્મશાનભૂમિ પર પહોંચાડવું એ જ મુખ્ય હેતુ છે એ જાણી, દવાખાના કે બંબાખાતાની ઍમ્બ્યુલન્સ કારમાં શબને પહોંચતું કરવામાં સગવડ અને ડહાપણ જોયાં છે. ત્યાં પણ શબનું દહનકાર્ય શીઘ્ર ને સરળ બને એવી રીતોનો સ્વીકાર કર્યો છે: અગ્નિદાહને બદલે વીજળિક દહનને પસંદગી આપી છે. દેશમાં બળતણની ખોટ પડતી જાય છે ત્યારે વીજળિક દહનથી બળતણ બચે છે અને શબ બહુ જ ઝડપથી ભસ્મ બની જાય છે તેમજ સહાયે આવેલા બંધુજનોના ધંધારોજગાર, સમય અને તકલીફમાં રાહત મળે છે.

પ્રાચીનકાળમાં શબને ઠેકાણે પાડવાની રીતોમાં આર્ય સંસારમાં દાહ અને દફન બંને પ્રથાઓ હતી. બુદ્ધના સ્તૂપો, સાધુઓની સમાધિઓ એ કાળની અવશિષ્ટ રૂઢિઓ છે. દફનનો રિવાજ પ્રાચીન ઈજિપ્તથી ચાલતો આવેલો, જે મુસ્લિમ, ખ્રિસ્ત અને બૌદ્ધ સંપ્રદાયોમાં રહી ગયો. પણ તેથી કબ્રસ્તાનોમાં ખેડાઉ જમીનોનો વિસ્તાર રોકાય છે.

ભારતવાસીઓએ આરોગ્ય, જમીનનો બચાવ અને મૃતદેહથી આત્મા ભિન્ન છે તે સિદ્ધાન્ત અનુસાર દહનનો પ્રકાર સ્વીકાર્યો તેમાં તેમની જ્ઞાનદૃષ્ટિ સ્પષ્ટ છે. ચરાણો ઘણાં હતાં તેથી કાષ્ઠની ખોટ કોઇને જણાઇ નહોતી, એટલે દહનનો વ્યાપક પ્રચાર થઈ શક્યો. હવેના જીવનપ્રશ્નો પર નજર રાખી દહનની નવી પ્રથાને આવકાર આપવો યોગ્ય છે.']

~

જુલાઇ અંકમાં શબ્દકથા વિષેના મારા પત્રમાં ભૂલથી 'વરસાવો' શબ્દ છપાયો છે તે 'વરસાળો' જોઇએ.

(વીરમગામ) —સુશીલા પટેલ

~

જુલાઈ અંકમાં શ્રી રુસ્તમજી દસ્તૂર લખે છે એવાં પુસ્તકો વિષે મારા 'બિબ્લીઓગ્રાફી ઑવ સ્ટેઈજેબલ પ્લેઈઝ ભાગ ૧'ના ગુજરાતી વિભાગના પાન ૩૭ પર ઍપેન્ડિકસ પાંચમાં (શ્રી ફિરોઝશાહ મહેતાના પુસ્તકના ઉલ્લેખ સાથે) યાદી છે, તે કૃપા કરી જોવી.

(વડોદરા) —ચન્દ્રવદન મહેતા

~

જુલાઈ અંકમાં કમાન્ડર કૅબના ચરિત્રમાં જણાવ્યું છે કે કૉમરેડ ક્રુશ્ચેવ અને 'પ્રમુખ' બુલ્ગાનિન ઇંગ્લંડની રાજકીય મુલાકાતે ગયા હતા. આ બરાબર નથી. પ્રમુખને બદલે 'વડાપ્રધાન' બુલ્ગાનિન જોઇએ.

(મુંબાઈ) —કુમાર ટોપરાણી



સાર્ડાનેપૅલસનું સમર્પણ કલાકાર · યૂઝેં દેલાક્રવા (આ માસમાં ઊજવાતી એની શતસંવત્સરી નિમિત્તે અપાએલા એના ચરિત્ર તથા અન્ય ચિત્રો માટે જુઓ આ અંકમાં અન્યત્ર)

આસીરિયાના સમૃદ્ધ રાજા સાર્ડાનેપૅલસ વિષે બાયરને ઈ. ૧૮૨૧માં લખેલી (અને ગઅથેને અર્પણ કરેલી) કારુણિકા ઉપરથી દેલાક્રવાએ કરેલું આશરે ૧૫ ફૂટ × ૧૨ ફૂટનું આ ચિત્ર ફ્રાન્સના રાષ્ટ્રીય કલાસંગ્રહ લુવ્રમાં સંઘરાએલું છે. કથા એવી છે કે મીડિયાના સત્રપ રાજા આર્બેકિસે તેના પર ચડાઈ કરીને તેની રાજધાની નિનેવેહને ઘેરો ઘાલ્યો. બે વરસના ઘેરાને અંતે બચવાનો કોઈ ઉપાય ન રહ્યો ત્યારે શરણે થવાને બદલે પોતાના સર્વ ખજાના, ઝનાના તથા વફાદાર નોકરો સાથે બળી મરવાનું તેણે પસંદ કર્યું. એ પ્રસંગને આલેખતા આ આવેગભર્યા ચિત્રને દેલાક્રવા પોતાની શ્રેષ્ઠ સર્જનો પૈકીનું એક ગણતો.



રાધાનું નૃત્ય (પહાડી–ચંબા–કલમ) શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈના કલાસંગ્રહમાંથી

કુમાર · આવતી કાલનાં નાગરિકોનું માસિક · વર્ષ ૪૦ · અંક ૮ · ઑગસ્ટ '૬૩ · સળંગ અંક ૪૭૬

ઊંઘ ભાંગી

· વસંત–મૃદંગ ·

ત્યાં રાત્રિમાં અધવચે મુજ ઊંઘભાંગી:
પારેવડું ગભરુ ઘૂઘવતું છજામાં.
વીતી ગયા દિવસનું હજી શું ય બાકી?
આ શાંત સૌ ક્ષણ વિષે ફરી ઘૂઘવે છે.
કેમે કરી મન થયું ન નિવારવાને;
આ રાત્રિના પ્રહરમાં કહીં તે ઉડાડું?
ને બ્હાર તો લહર પોષની શીત ગાજે.
બેચેન હું બની રહ્યો; હતું એક ગાજતું,
તો યે થતું ગગન તારક સર્વ ગાજે
પારેવડા રૂપ લઈ મુજના છજામાં.
ના છેવટે રહી શક્યો મુજને હું હાથ,
બે હાથની થપકીથી દીધ ત્યાં ઉડાડી.
બીજે છજે લઘુક પાંખ ગઈ બિડાઈ.
નિદ્રાભર્યાં તદપિ લોચન ના બિડાયાં.

પ્રિયકાન્ત મણિયાર

મોહમુક્તિ

· મિશ્ર ·

ગૃહાંગણે તું તુલસી સમાન
લ્હેરી; અરે! કિન્તુ સુપથ્યનું અમી
મને અજાણ્યું; મન લાલચેલું
ધસી ગયું ભાંગની ડાળખીમાં!
પાણે લસોટાઈ, પછી ચડી જઈ
નસે નસે, ધણી રહ્યું અભાન.
આભાસની આકૃતિઓ ચૂમીચૂમી
ક્ષણાયુ લ્હેરે ભટક્યું છકેલું.
પાછુથાંગનાનો સરતો નશો યદા,
કળે બધાં અંગ તૂટુંતૂટું થતાં,
હા, એમ આ ચિત્ત અતીત ડંખથી
કળ્યા કરે મોહવિમુક્તિ પામતાં.
હાવાં, મળ્યું જે જળ જાગૃતિનું
હું જાળવું છિદ્રિત પાત્રમાં કશું!

વ્રજલાલ દવે

સ્વાગત

· વસંતતિલકા ·

સૌંદર્ય શાન્ત અભિરામ: જરા વધારે
બેસી રહો; નીરખવાં હજી આજ મારે.
પૂર્વે, અધીર તમ લોચનનાં વિવર્તે,
આગ્નેયસ્પર્શી ઋજુ અંગુલિનો અકસ્માત,
હિલ્લોળ બેફિકર પાલવનો કદાચિત,
આશ્લેષ આક્રમણશો ભુજબંધ કેરો.
આજે ગભીર સહુ ચંચલ ભંગિમાઓ,
ખામોશ ઓષ્ઠ, નજરું મધુપર્ક માત્ર.
આવું નજીક? હલશો નહિ ને જરા યે!
કાયા સુકોમલ મને જ નવાજવા દો.
ચૂમી ભરીશ નમીને અતિ લોલ ભાલે
અંકે અધિષ્ઠિત મુલાયમ સ્વર્ગને હું.

રઘુવીર ચૌધરી

આગિયો

· વૈતાલીય ·

પરસાળ વિષે હું રાત્રિએ
અમથો આજ ઘડીક બેસતો;
છલકે ઘન અંધકાર તે
પરશે આજ ભીનાશ એહની!
નયને પડી કો કણી સમા
ખટકે આ સહુ તારકો મને;
અરધીપરધી સ્મૃતિ સમાં
સરતાં વાદળ ક્યાંકક્યાંકથી!
તમરાં પણ કોતરે અહીં
ઘર ને બ્હાર છવાઈ શાંતિને;
તિમિરે તરુમાં તરી તહીં
પ્રિયના સ્મિત સમો શું આગિયો,
પળ બે પળ કૈં ઝબૂકતો
મનનું ગીત લઈ ક્યહીં જતો?

યોસેફ મૅકવાન

વિરહ

· વસંત–મૃદંગ ·

આ નીમની મૃદુ સુગંધમહીં સકંપ
ધીમે સ્વરે રણકતો મુજ વિપ્રલંભ.
આંહી સદા ય અટવાય હવાનું રેશમ
નીચે નમેલ ગુલમ્હોરની લાલ ડાળે.
સાંજે પ્રલંબ પથ પે ઝણકંત ઝાંઝર
ઝિલ્લી રવે. હળુક નામ પુકારી મારું
સંતાઈ જાય વનરાઈમહીં અનામિકા.
ને વારવાર ખખડી હજુ દ્વાર ઊઠે.
રાત્રી પડ્યે, સ્વપ્નવેલમહીં અનાગતા
આવી રહે. ઘુઘરમાળ બજંત દૂરથી.
સાથે અનંત મધુગોપિત કરેલ પ્રેમની
પ્રાતે તુષારજલમાંહિ વિલીન થાય.
માર્ગે પડેલ પદચિહ્ન ખરંત પર્ણથી
ઢંકાઈ જાય. હળવે લહરી હવાની
ને નીમગંધ થકી બંધુર વિપ્રલંભ.

દિલીપ ઝવેરી

કરી પાર નૌકા

· વસંતતિલકા ·

પોકારવા મથી રહ્યો ભવસિન્ધુ બંડ,
મોજાં પહાડ સરખાં ઊછળ્યાં પ્રચંડ;
તારી કૃપા થકી જ મેં કરી પાર નૌકા,
કીધો સમુદ્રપટને નવભૂમિખંડ!

'સાકિન' કેશવાણી

· વસંત–મૃદંગ ·

આવ્યે વસંતની અહીં લહરો પહેલી
રે આમ્રની કૂંપળ કેટલી લાલ લાલ!
. . . . . પ્રથમ વાર જ . . . . .
તારા પ્રિયે, અધરને મમ અંગુલિ અડે
ને કર્ણપર્ણ થઈ જાય રતુંબડાં, અહો!

કંદર્પ ઓઝા

પૂર્ણિમા

· મિશ્ર ·

ભાર જરીક પોપચે
અનુભવ્યો નીંદરનો,—તુરંત શો
તમિસ્રના ઓવરમાં ટબૂકતા
સુવર્ણના કો ઘટ શો, ઝબૂકતો
નાનો અમસ્તો જરી એક આગિયો.
તમિસ્રની જર્જર બીનને કશી
અદૃશ્ય કોઈ અડી જાય અંગુલિ!
વહી ગયો અર્ધખૂલેલ બારીથી
ક્ષણેકમાં, જે થકી એ પ્રવેશ્યો.
ખોલી દઉં સત્વર દ્વાર, બ્હાર હું
મૂકું હજી જ્યાં પગ ત્યાં જ તન્મય
બની રહું; આવરતો અખિલને
આકાશથી પૃથ્વી લગી અરે શું
બિન્દુ થકી અબ્ધિ બની અનસ્ત!

લાભશંકર ઠાકર

આવ્યું મનનું માગ્યું જન

· ગાન ·

કૉળી ઊઠ્યો કેવડિયો ને મ્હોરી ઊઠ્યું મન,
આજે મારે આંગણ આવ્યું મનનું માગ્યું જન.
ગુલની કરમાતી કલમે કો દે પાંદડી દેખા,
કાળે વાદળ નમણી ઊઠે રંગધનુષની રેખા,
મારું આજે ફળવા બેઠું મોઢું એક સ્વપન.
ફૂલ ફૂલ પર ઝાકળ બેસી લાગ્યું ચમક ચમકવા,
મનમાં સ્મિતની સોનરેખ કો લાગી હવે ઝબકવા,
એનું ચોગમ હવામહીં આ ઊડતું લહું વસન.
સમદર જાણે વહી આવતો સરિતા પાસે મળવા!
વસત આવે કોઈ કળીની પાસ નિરાંતે હળવા!
અહીં પંખીના નીડમહીં કો આવી ચડ્યું ગગન.

ચંદ્રકાન્ત શેઠ

વ્યથા

· હરિણી ·

મથું મથું છતાં એની એ આ ઉરે ઊઠતી વ્યથા,
રહી રહી ધુમાતાં કાષ્ઠોમાં ધખે અગની યથા.
અસહ બનતું આ એકાકીપણું, જીરવાય ના,
અવર સથવારો તો એથી સહ્યો વળી જાય ના!
વ્યર્થ વ્યવહારોનું દાસત્વ રે કઠતું કહું,
પણ શરણ લૈ એનું હુંથી છુપાઈ જવા મથું!
ક્ષત ક્ષત સહુ અંગેઅંગે, અપંગ શી જિંદગી!
હજી ય રહું છું એના આલંબને નિજને ઠગી!
સમજી શકું છું, તો યે છોડી શકું ન વિડંબના,
સતત નિજને ખોવાની આ પ્રલંબિત વંચના;
અતિ કઠિન આ કોરી ખાતો અભિનય, જિંદગી—
નિરદયી તણો હીણો, નિઃસાર, ક્ષુદ્ર અનુનય.
વ્યથિત ઉરની લંબાવું ના હવે વધુ આ કથા,
અવશપણું છે, હૈયું યે છે, અને વળી છે વ્યથા!

ભાનુપ્રસાદ ત્રિવેદી

ભારતની રાજકીય એકતાની સ્થાપના

પછી હવે પતનનાં બીજ?

આપણા નામી ઇતિહાસજ્ઞ સરદાર કે. એમ. પણિક્કરે ભારતની રાજકીય એકતાના વિકાસની આપેલી આ રૂપરેખા અનુસાર કાળપુરુષની કેટલી પ્રક્રિયાઓ પછી આજે અખંડ ભારતનું નિર્માણ થયું છે! પણ એ પછી દોઢ જ દાયકામાં આપણે શું કરવા બેઠા છીએ? એક તરફ, રાજકીય સત્તા અને ધનવૈભવના ભોગવટા માટે પડાપડી, ખટપટ અને કુસંપ પેધી રહ્યાં છે, તો બીજી તરફ, આક્રમક દુશ્મનોના હાથ મજબૂત કરતી કરવિરોધ અને હડતાળો જેવી ચળવળો ચાલી રહી છે. આ બધું જોઇને થાય છે કે આપણે ફરી પાછા આપણા પતનનાં બીજ તો નથી વાવી રહ્યા ને?



એ વાત ખરી છે કે ભારત દેશ સમગ્ર રૂપે તો એક બન્યો સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી. પરંતુ તેની સાંસ્કૃતિક અને સામાજિક એકતાનાં મૂળ તો લગભગ અઢી હજાર વર્ષ જૂનાં ગણાય.

ઠેક ઇસ્વી સન પૂર્વેની ચોથી સદીથી હિંદુ પ્રજાની એકતાની ભાવના સાકાર થવા માંડેલી ને તેમની ધાર્મિક તથા સામાજિક પરંપરાઓનો એકસૂત્રી વિકાસ થતો આવેલો, એ હકીકત હવે મોટા ભાગના ઇતિહાસકારો સ્વીકારે છે.

એ પછી ચૌદમી સદીથી ઈસ્લામ ધર્મ ધીરેધીરે સમગ્ર દેશમાં જે પ્રસર્યો, એણે ભારતમાં એક સમાંતર સમાજનું નિર્માણ કર્યું, અને એ રીતે ભારતનું સામાજિક માળખું દ્વિવિધ બન્યું. છતાં એથી ભારતની એકતાને કોઈ પ્રતિકૂળ અસર પહોંચી નહિ. માત્ર એથી એનું સ્વરૂપ સહેજ બદલાયું.

ભારતની રાજકીય એકતાની કલ્પના પણ લગભગ પ્રાચીન કાળથી પ્રગટી હતી, પરંતુ તે છેક ઓગણીસમી સદી સુધી ક્યારે ય સાકાર બની નહોતી. જોકે એવી એકતા સાધવાના પ્રયાસો તો અવારનવાર કરવામાં આવ્યા જ હતા અને અમુક સમયે તે એકતા લગભગ સધાઈ પણ હતી: દાખલા તરીકે મૌર્ય સમયમાં. પરંતુ તે ક્ષણજીવી નીવડી હતી.

પણ આ કલ્પના માત્ર હિંદુ વિચારણાનું જ પરિણામ હતી એવું નથી. મુસ્લિમોની શાહી માન્યતા પણ એ પ્રકારની હતી કે દિલ્હીના તખ્તની કબજાગીરીથી તેમને સમગ્ર ભારતના સામ્રાજ્યનો કાનૂની અધિકાર સાંપડી જતો હતો; અને આને પરિણામે શક્તિશાળી મુસ્લિમ શાસનકર્તાઓ પોતાને 'પાદશાહે-હિંદ' કહેવડાવતો દાવો સાચો ઠરાવવા મથતા હતા.

એક છત્ર નીચે

આમ છતાં ભારતને એક છત્ર નીચે આણવાના જો કોઇએ સન્નિષ્ઠ પ્રયત્નો કર્યા હોય તો તે મુઘલોએ. અકબરે જ્યારે દક્ષિણના સુલતાનોને વશ કરવાની નીતિ અપનાવી ત્યારે તેની પાછળ પણ સમગ્ર ભારતને એકસૂત્રે બાંધવાની એ જ સાહજિક વૃત્તિ રહેલી હતી, જે ગંગાપ્રદેશના શાસનકર્તાઓમાં બીજ રૂપે રહી હતી. જોકે એ મુઘલોએ પણ ભારતની રાજકીય એકતા હાંસલ કરવા એકધારા પ્રયાસો તો એક સદી લગી કર્યાં, પરંતુ અંતે એ તક તેમના હાથમાંથી પણ સરી જ ગઈ.

અઢારમી સદીમાં મુઘલ સામ્રાજ્યનો પડછાયો તો જોકે સમગ્ર ભારત પર પડતો હતો, છતાં દેશના અનેક ટુકડા થઇ ચૂક્યા હતા. હકીકતમાં તો અકબર અને ઔરંગઝેબ જેવા મહાન મુઘલ બાદશાહોની સત્તાનો મધ્યાહ્ન તપતો હતો ત્યારે જેટલું સામ્રાજ્ય વિશાળ નહોતું એથી વધુ વિશાળ સામ્રાજ્ય અઢારમી સદીની આખરમાં અંધ શાહઆલમને વારસામાં મળ્યું હતું,—પણ તે માત્ર છાયા રૂપે, કેવળ નામનું જ.

ઓગણીસમી સદીમાં બ્રિટિશ સત્તાના ઉદ્ગમ સાથે, જે ભારતની રાજકીય એકતાનો વિચાર પ્રકટ્યો તેની યે મૂળ ભૂમિકા તો એ મુઘલ કલ્પના જ હતી; પરંતુ બ્રિટિશરોએ મજબૂત વહીવટી સૂત્રો વડે ગૂંથીને સમગ્ર ભારતને એક છત્ર નીચે એકત્ર કર્યું ત્યારે જ એ કલ્પના હકીકત રૂપ બની રહી.

બ્રિટિશરોનો ફાળો

ઓગણીસમી સદીની અધવચથી તે પહેલા વિશ્વયુદ્ધના અંત સુધીનો સિત્તેર વર્ષનો ગાળો ભારતની એ એકતા સાધવાના ગાળા તરીકે ઓળખાવી શકાય. એ ગાળામાં (૧) દેશભરમાંની એકસરખી તાર અને ટપાલ વ્યવસ્થાએ તેને એકસૂત્રે સાંકળ્યો; (૨) રેલવેઓ દેશના જુદાજુદા ભાગો વચ્ચે કડીરૂપ બની રહી; (૩) કાશ્મીરથી કન્યાકુમારી સુધી એક જ ચલણી નાણું અસ્તિત્વમાં આવ્યું ને દેશી રાજ્યોનાં સ્થાનિક ચલણો અદશ્ય થયાં. (૪) દેશની ચારે સરહદે જકાત વ્યવસ્થા નિર્માણ થઇ અને કરટમની આ દીવાલની અંદર સુરક્ષિત રહીને દેશના આર્થિક જીવનનું સંકલન સધાયું.

આ ઉપરાંત બ્રિટિશ શાસન દરમિયાન દેશની રાજકીય એકતા સાધવામાં ફાળો આપનાર બીજું એક ખાસ નોંધપાત્ર પરિબળ તે દેશમાં દાખલ કરવામાં આવેલી એકસરખી શિક્ષણ-વ્યવસ્થા. ઈ. ૧૮૫૪નો સર ચાર્લ્સ વૂડનો અહેવાલ, અને ૧૮૫૭-૫૮માં કલકત્તા, મુંબાઇ અને મદ્રાસમાં સ્થપાએલી વિદ્યાપીઠોએ (ભલે મર્યાદિત પ્રમાણમાં પણ) દેશભરમાં એક-સરખી શિક્ષણપદ્ધતિ પ્રસારી, અને સમગ્ર મધ્યમવર્ગી જનતા-માં એક પ્રકારની સમત્વની ભાવના નિર્માણ કરી.

બે સાચાં પરિબળો

પરંતુ બ્રિટિશરોના માત્ર આ બધાં શાસનસૂત્રોથી જ કાંઈ ભારતની એકતા સધાઇ નથી. એમ તો બાલ્કન અને અરબ પ્રજાઓ પણ ૪૦૦ વર્ષ સુધી એક જ શાસન નીચે રહી હતી. પણ બ્રિટિશ આધિપત્યને અંતે ભારતની પ્રજા એક રાજ તરીકે ઊગમ પામી એની પાછળ બે બીજાં મહાન પરિબળ કામ કરી રહ્યાં હતાં : (૧) ઓગણીસમી સદી દરમિયાન ભારતના ઇતિ-હાસ અને ગૌરવનું થએલું સાચું દર્શન અને એને પરિણામે પ્રગટેલી રાષ્ટ્રીય અસ્મિતા; અને (૨) લગભગ ૫૧ સદીના છેલ્લા ઉગ્ર સ્વાતંત્ર્યસંગ્રામ સહિત સાઠ વર્ષના લાંબા ગાળા સુધી દેશમાં ચાલેલું રાજદ્વારી આંદોલન.

આમાંના પહેલા પરિબળનું મહત્ત્વ નાનુંસૂનું નથી. ભારત-ના ઇતિહાસનું એ દર્શન લાધવાની પ્રક્રિયા અશોકના શિલાલેખો-ના ઉકેલ સાથે શરૂ થઇ તે પહેલાં ભારતીય પ્રજામાં જે કંઈ ગૌરવ હતું તે માત્ર સ્થાનિક અને મર્યાદિત સ્વરૂપનું હતું. મરાઠા, રાજપૂતો, આંધ્રવાસીઓ અને બીજા લોકો પોતપોતાની જ ભૂતકાલીન મહત્તામાં રાચતાં; કોઇનામાં સમગ્ર ભારત માટે સાચું ગૌરવ ભાગ્યે જ હતું. પરંતુ જેમજેમ પુરાતત્ત્વવિજ્ઞાન, શિલાલેખો, શિલ્પ-સ્થાપત્યો અને અન્ય વિદ્યાશાખાઓ દ્વારા ભારતના ઇતિહાસનાં પાનાં ઊઘડતાં ગયાં તેમતેમ ભારતીય પ્રજાની અસ્મિતા પ્રગટવા માંડી; ને આ પ્રક્રિયાએ, જગતની સંસ્કૃતિમાં મૂલ્યવાન અર્પણ આપનારી વિશ્વની એક મહાન ઐતિહાસિક પ્રજા તરીકે ભારતીય પ્રજાનું દર્શન કરાવ્યું.

આમ ઉકેલાઈ રહેલો ભારતનો ઇતિહાસ, ધર્મ, સાહિત્ય, તત્ત્વજ્ઞાન, કલા, સ્થાપત્ય વગેરે અનેક ક્ષેત્રોમાં મહાન સિદ્ધિઓ સાધનાર ભારતની અખંડ સંસ્કારિતાનો જ માત્ર નહિ, પરંતુ સમંદરો અને રણ-વેરાનો પાર કરીને નગરો, રાજ્યો અને સામ્રાજ્યો સ્થાપનાર તેમજ નજીકના જ ભૂતકાળમાં મહાન પ્રવૃત્તિઓ કરનાર ભારતના સાંસ્કૃતિક વિસ્તરણની ભવ્ય પરં-પરાનો પણ સાક્ષી રૂપ બની રહ્યો. એ ઇતિહાસે જ ભારતીય પ્રજાના માનસપટ પર ભારતીયત્વનું ગૌરવ અંકિત કર્યું. ભારતની પ્રજામાં પ્રગટેલી આ નવી અસ્મિતા વિના એની રાજકીય એકતા કૃત્રિમ બની રહી હોત.

પરંતુ ૧૮૮૫થી રાષ્ટ્રમુક્તિનું જે આંદોલન ઊપડ્યું તે જો શરૂ ન થયું હોત તો, અરબ રાજકીય એકતાની જેમ, અસ્મિ-તાની આ ભાવના પણ એક રંગીન સ્વપ્ન જ રહી હોત. રાષ્ટ્ર-મુક્તિના આ આંદોલનના પરિણામે જ એકસરખી શિક્ષણ-પદ્ધતિ, ભારતીયત્વની પ્રબળ બનતી જતી ભાવના ને વિદેશી શાસનની ગુલામીની વેદનાની વિભિન્ન વૃત્તિઓ 'દેશભક્તિ'ની ભાવના રૂપે સંકેન્દ્રિત બની. કાળક્રમે, ૧૯મી સદીની આખર સુધીમાં તો, રાષ્ટ્રીય એકતાની ભાવનાનાં ઊંડાં મૂળ ભારતના બુદ્ધિજીવી વર્ગના મન-અંતરમાં નંખાઈ ચૂક્યાં હતાં.

રાષ્ટ્રમુક્તિનું આ આંદોલન મહાત્મા ગાંધીજીના નેતૃત્વ નીચે એક સામુદાયિક અહિંસક લડત રૂપ બન્યું, તેથી ભારતની રાજકીય એકતાનો આદર્શ એક હકીકત રૂપ બન્યો. આ લડત ૨૭ વર્ષથી યે વધુ સમય ચાલી. એ ગાળા દરમિયાન સ્વાતંત્ર્યનો સંદેશ દૂરદૂરનાં ગામડાં સુધી પહોંચ્યો. દેશી રાજ્યો સુદ્ધાં દેશના પ્રત્યેક ભાગમાં આ સ્વાતંત્ર્ય-સંગ્રામની ઘેરી અસર પહોંચી, અને દેશના દરેક ભાગે સ્વતંત્રતા તથા એકતાની સિદ્ધિ માટે નિઃસંકોચ બલિદાન આપ્યાં.

એ ખરું છે કે ભારતે એની રાજદ્વારી આઝાદી હાંસલ કરી ત્યારે એના ભાગલા પડ્યા અને પાકિસ્તાનનું નવું રાજ્ય રચાયું; પરંતુ ભાગલા પછી ભારત જે એક અખંડ રાજદ્વારી ઘટક તરીકે અસ્તિત્વમાં આવ્યું તેવું અખંડ ઘટક રૂપે પૂર્વે ક્યારે ય નહોતું.

ભારતીય પ્રજાનું જ સર્જન

ઘણી વાર એમ કહેવામાં આવે છે કે ભારતની રાજકીય એકતા તો બ્રિટિશ પ્રજાની દેણ છે. જોકે બ્રિટિશરોએ પોતાના વહીવટીતંત્રથી અને સાર્વભૌમત્વના સિદ્ધાંત દ્વારા એક જ રાજકીય ઘટકનું બાહ્ય માળખું રચ્યું એ ખરું, પરંતુ આપણે એ પણ યાદ રાખવું જોઇએ, કે એ બ્રિટિશરોએ જ ઈ. ૧૯૨૮થી 'ભારતના દેશી રાજાઓ બ્રિટિશ તાજ સાથે સીધો સંબંધ ધરાવવાના અધિકારી છે' એવો દાવો માન્ય રાખીને ભારતની એકતા ખંડિત કરવાના કૃતનિશ્ચયી પ્રયત્નો પણ કર્યા હતા. ભારતીય પ્રજાની અણનમ લડતે અને કેટલાક રાજવીઓ તથા તેમના સલાહકારોની દેશભક્તિની ભાવનાએ જ આ ભયંકર ષડ્યંત્ર નિષ્ફળ બનાવ્યું હતું. આથી ભારતની એકતા તો ખરે-ખર ભારતીય પ્રજાનું પોતાનું જ સર્જન છે.

ભારતની રાજકીય એકતા મુખ્યત્વે સ્વાતંત્ર્યસંગ્રામનું તથા ઓગણીસમી સદીનાં પરિબળોનું પરિણામ છે એ વિધાન, ભારતીય ઇતિહાસના સાતત્યના સંદર્ભમાં કંઈક વિચિત્ર લાગે છે; પરંતુ હકીકતમાં તો ઈંગ્લંડ, ફ્રાન્સ અને સ્પેન સિવાયના આજના મોટા ભાગના અન્ય મહાન દેશોએ પણ પોતાની રાજ-કીય એકતા એ ઓગણીસમી સદીમાં જ હાંસલ કરી હતી. જર્મનીનો સામાજિક અને સાંસ્કૃતિક ઇતિહાસ લાંબો હોવા છતાં તે છેક ૧૮૭૦માં જ રાજદ્વારી દૃષ્ટિએ સંગઠિત બન્યું હતું. ઈટાલી પણ એ જ અરસામાં એક બન્યું. અમેરિકાનો વિસ્તાર પણ ઓગણીસમી સદીના મધ્યમાં જ પ્રશાંત સાગરકાંઠા સુધી પ્રસર્યો હતો. મધ્ય એશિયામાંના સોવિયેટ સંઘના પ્રદેશો પણ એ સદીની જ પ્રાપ્તિ લેખી શકાય.

આ સંયોગોમાં, ભારતની સામાજિક ને સાંસ્કૃતિક એકતા ઓગણીસમી સદીમાં જ રાજદ્વારી એકતાના સ્વરૂપે મૂર્ત બની અને વીસમી સદીમાં જ એ સંપૂર્ણતઃ સિદ્ધ બની એ હકીકતથી કાંઈ આશ્ચર્ય થવું જોઇએ નહિ, કે એથી એક પ્રાચીન પ્રજા તરીકેના આપણા સાતત્યને કોઈ આંચ આવવી જોઇએ નહિ.



ગરવા ગુજરાતીઓ-૪

આ માસમાં જેમની જન્મશતાબ્દી ઊજવાય છે

પ્રોફેસર ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જર

આ ઓગણીસમી સદીના પાછલા ભાગમાં, ભારતની અસ્મિતાનું પ્રાકટ્ય થતું હતું તે કાળે ગુજરાતની ગૌરવમૂર્તિ ઘડનારા અને દેશની ઇતિહાસ-સમૃદ્ધિમાં અગત્યનો ફાળો આપનારા જે મહાન ગુજરાતીઓ થઈ ગયા તેમાં પ્રો. ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જરનું નામ ઊજળા અક્ષરે આલેખાયું છે. ગુજરાતના એ પહેલાનો પ્રતિભાશાળી રસાયનશાસ્ત્રીનો ભાવનાભક્તિ ને કર્તવ્યસાધનાથી ભરેલો જીવનઇતિહાસ નવગુજરાતની ગૌરવગાથામાં એક મહામોલું પ્રકરણ છે. 'કુમારે' તો છેક ત્રેત્રીસ વરસ પર, ઈ. ૧૯૩૦માં, લાગટ ત્રણ અંકમાં (ગુજરાતમાં સૌ પ્રથમ) એમની લાંબી જીવનકથા પ્રકટ કરેલી. આજે સમસ્ત ગુજરાત એમની જન્મશતાબ્દી કાળે, હવે તો મોટા ભાગનાં પત્રોમાં એમની ટૂંકી જીવનરેખા ઉપરાંત પુસ્તકાકારે એમનું ચરિત્ર પણ પ્રકટ થયું છે. એટલે અમે આજે એમના પાત્ર ગુણકીર્તન સાથે આ પ્રસંગે અમારી વંદના અર્પણ કરીએ છીએ.

આજથી બરાબર સો વર્ષ પહેલાં ઈ. ૧૮૬૩ના ઑગસ્ટમાં સૂરત મુકામે ત્યાંની સ્થાપત્યનિપુણ સુતાર જ્ઞાતિના એક સામાન્ય ગજ્જર કુટુંબમાં એમનો જન્મ થયો, બાળપણથી જ પ્રકાશતાં આવેલાં બુદ્ધિબળ તથા પ્રતિભા વડે કૉલેજજીવનની જ્વલંત કારકીર્દિ ગાળી વિજ્ઞાન લઇ તે એમ. એ. થયા; દેશોન્નતિનાં સ્વપ્નાં સેવી ઔદ્યોગિક કેળવણીના ધામ સમું કલાભવન એમણે સ્થાપ્યું; ગુજરાતી ભાષામાં વૈજ્ઞાનિક સાહિત્ય સમૃદ્ધ કર્યું; મહારાણી વિકટોરિયાની શિલ્પમૂર્તિ ઉપરના કાળા ડાઘ દૂર કરી મોંઘી કીર્તિ કમાયા; 'ટેકનોકેમિકલ' લૅબૉરેટરી જેવી એ પ્રકારની પ્રથમ અને વિજ્ઞાનના અનેકાનેક વિદ્યાર્થીઓની માતૃસંસ્થા સમી પ્રયોગશાળા સ્થાપી હિંદમાં રસાયનશાસ્ત્રના અભ્યાસની પ્રેરણાત્મક સગવડ કરી આપી; રંગ, દવાઓ આદિ સ્વદેશમાં તૈયાર કરવા ઍલેમ્બિક વર્કસ જેવા કારખાનાની સ્થાપના કરી પ્રાંતમાં નવીન જ ઉદ્યોગનો પાયો નાખ્યો; સમાજસેવા અને સ્ત્રીકેળવણીમાં બનતો ફાળો આપ્યો અને કલ્યાણગ્રામ જેવી ભવ્ય લોકોપકારી યોજનાનાં સ્વપ્નો સેવ્યાં; આયોડાઈન ટરકલોરાઇડની જંતુઘ્ન દવાની શોધ વડે ઔષધશાસ્ત્રમાં અગત્યનો ફાળો ઉમેરી અનેક માનવજીવોને દુ:ખ તથા મૃત્યુના મુખમાંથી મુક્ત કર્યા; મોતી ધોવાની સફળ ક્રિયા હાથ કરી અઢળક દ્રવ્ય કમાયા અને પોતાના ઉચ્ચ જીવન-આદર્શોની સિદ્ધિ પાછળ તે ખર્ચ્યું;— આવો, પ્રેરણા અને પ્રતિભા, ભાવનાભક્તિ અને કાર્યકૌશલ, ખંત અને જહેમત તથા સિદ્ધિ અને રિદ્ધિ વડે અણુએ અણુ સીંચાએલો એમનો જીવનકોષ એક જ આદર્શ પાછળ અર્પણ થયો હતો: 'માતૃભૂમિનું ગૌરવ.'

આજે શતસંવત્સરીએ જગત જેનું તર્પણ કરે છે

શી વિધિની વિચિત્રતા છે!

ઈ. ૧૮૯૮માં જ્યારે એની જન્મ-શતાબ્દીનો વખત હતો ત્યારે કોઇએ એને સંભાર્યો યે નહોતો; કેમકે જેમજેમ 'ઈમ્પ્રેશનિઝમ' લોકોની ચાહના મેળવતું ગયું તેમતેમ ફ્રાંસના આ અગ્રણી રંગદર્શી કલાકારની ઉપેક્ષા થતી ગઈ. અને હવે આ માસમાં એના અવસાનની શતાબ્દી આવી છે ત્યારે એને સાચા દૃષ્ટિકોણથી પિછાનવામાં રહી ગએલી ખામીને દૂર કરવા પશ્ચિમનું કલાજગત એને માટે અનેક લેખો પ્રકટ કરી રહ્યું છે; એને લગતા ત્રણ નવા ગ્રંથો તૈયાર થાય છે; અને ઠેરઠેર એનાં ચિત્રોનાં પ્રદર્શનો યોજાયાં છે.

પોતાના જગવિખ્યાત કલા-સંગ્રહાલય લુવ્રમાં એ પનોતા કલાકારનાં ૧૬૫ જેટલાં ચિત્રોનું એક ખાસ પ્રદર્શન યોજ્યું છે. પરદેશ ચાલ્યાં ગએલાં એનાં કેટલાંક ચિત્રો ઉછીનાં લાવીને પણ પ્રદર્શિત કર્યા છે. એ ચિત્રકારના એક નિકટના મિત્રે એને વિષે કહેલું તેમ 'એના દિમાગમાં સૂર્યની ભભક અને દિલમાં તુફાન ભર્યાં હતાં. ચિત્રરાગના ત્રણે સપ્તકના પડદા પર એની આંગળીઓએ સૂર છેડી બતાવ્યા હતા.' એ વિધાન ખરું પાડવા જાણે આ પ્રદર્શન મથી રહ્યું છે.


સો વર્ષ આટલો બધો રસ ઉત્પન્ન કરનાર એ કલાકાર હતો દેલાક્રવા. તોતડા મીઠા ફ્રેંચ ઉચ્ચારમાં કહીએ તો ફર્દિનાન્દ વિકતર યુજેં દેલાક્રવા એ એનું પૂરું નામ. પારી(સ) નજીક ચારેન્ટન-સેન્ટ મૉરિસમાં ઈ. સ. ૧૭૯૮ની ૨૬મી એપ્રિલે એનો જન્મ થએલો. પિતા ચાર્લ્સ દેલાક્રવા ફ્રેંચ વિદેશ પ્રધાન હતો. યુજેં એનો ગેરકાનૂની પુત્ર. બચપણમાં જ પિતાની છાયા ખોઈ બેસતાં યુજેં પારી(સ)માં એની બહેન પાસે રહેવા ગયો. લી સી નેપૉલિયૉમાં યુજેં ભણ્યો. બૅરન ગ્વેરાં પાસે એ ચિત્રકામ શીખ્યો. ગેરીકૉલ્ટ પણ એ વખતે ત્યાં શીખવા આવતો. યુજેં એનો ગાઢ મિત્ર હતો બલ્કે એનો મુગ્ધ પ્રશંસક હતો.

ઇંગ્લિશ કળાશૈલી ને પ્રાણીચિત્રણા તરફનો એનો રસ તથા પરંપરાગત શિષ્ટ આકારો અને એ આરંભની ૧૯મી સદી સુધી ચીત-

જેના દિમાગમાં સૂર્યની ભભક અને દિલમાં સાગરનું તુફાન ભર્યાં હતાં અને ચિત્રરાગના ત્રણે સપ્તક પર જેની આંગળીઓએ સૂર છેડી બતાવ્યા હતા

એક ફ્રેન્ચ કલાકાર

યૂજીન દેલાક્રવા



"તૉરી, અમીરી, એકાંતનો ચાહનારો અને મનનું ધાર્યું કરનારો દૃઢાગ્રહી, ભવ્ય સ્વપ્નોને ચિત્રમાં મૂર્તિમંત કરનારો, ફ્રાન્સનો આ ઉમદા ચિતારો ચિત્રકળાના એક નવા પ્રવાહનો અગ્રચારી થઇ ગયો. શૅક્સપીઅરના હૅમ-લેટ, ગથેના ફાઉસ્ટ તથા ગ્રીસના પ્રાચીન વીરનરોના વિ-ચારોમાં જ એ મગ્ન રહેતો, ને એવાં જ કથાવસ્તુ ચીતરતો. એની પીંછી શૂરોને અને સંતોને, સિંહોને ને કુસુમ-કમળોને ચિત્રફલક પર સચેતન કરી મૂકતી." (ચં. ચી.)

રાતા આવતા બહુધા પૌરાણિક પ્રસંગોની રૂઢિનાં બંધનોથી છૂટવાના દેલાક્રવાના વલણ પાછળ ગેરીકૉલ્ટની અસર સાથે ગ્વેરાંની કલા-શાળાનું વાતાવરણ પણ કારણભૂત છે. વળી, પારી(સ)ના રહેણાક દરમિયાન લુવ્રની મુલાકાતોથી પણ એને ઘણું શીખવાનું મળ્યું. ત્યાં સંઘરાએલી ઉસ્તાદ ચિત્રકારોની કૃતિઓમાંથી પ્રેરણા લઈ એ ઘર-આંગણે પોતાનો હાથ અજમાવતો અને ઘડતો ગયો. લુવ્રમાં રહેલી રૂબેન્સ અને પાઓલો વેરોનીઝની કૃતિઓએ એના પર ઘણી અસર પાડી હતી. બૉનિંગ્ટન સાથે પણ એને મિત્રતા હતી. દેલાક્રવાના પ્રથમ ચિત્ર 'દાન્તે ઍન્ડ વર્જિલ'માં આ બધાંની અસરો જોવા મળે છે. પારી(સ)ના સેલૉંમાં (૧૮૨૨માં) એ પ્રદર્શિત થયું ત્યારે એને સુંદર રીતે મઢીને રજૂ કરવા જેવી પણ એની આર્થિક સ્થિતિ નહોતી! પણ એ ચિત્રમાંથી એની કલાશક્તિ પરખાઈ આવતી હતી. વિવેચકોએ એમાં રૂબેન્સ જેવાની અસર વરતાવાનું કહ્યા છતાં એમાં એનું પોતાનું હૈવત પણ અછતું નહોતું. 'સ્ટાઈક્સ' પાર કરતા દાન્તે અને વર્જિલના એ ચિત્ર પર અનેક વિવેચકોએ જોકે પસ્તાળ પાડી, તો પણ એકંદર એને સારો આવકાર મળ્યો ને ફ્રાંસની સરકારે એ ખરીદી લીધું.

અને પછી? પછીનું એનું જીવન એટલે ચિત્રકળાની સાધના—પ્રચંડ પરિશ્રમ અને અનેકવિધ પ્રયોગોની કથા જ છે. એના પ્રયોગો, અનુભવો અને વિચારોની એણે તૂટકતૂટક નોંધો રાખેલી છે. The Journal of Eugene Delacroix નામે પ્રકટ થએલી એની આ ટાંચણપોથી, એ તેનાં જીવનનાં સૌથી મહત્ત્વનાં વર્ષો (૧૮૨૨થી ૧૮૬૩)ની આત્મ-કથા છે. કમનસીબે ૧૮૩૨ થી ૧૮૪૬ સુધીના ચૌદ વર્ષના ગાળાની નોંધો એમાં નથી; તો પણ આ ડાયરી ઉપરથી તેના જીવનની કડીબંધ વિગતો મળી રહે છે. આ ટાંચણો તે દર બીજા-ત્રીજા દિવસના અંતરે લખતો અને તે બધાંને સંભાળથી સાચવી રાખતો. પાછળથી જરૂર લાગે તો એમાં સુધારા યે કરતો. ક્વચિત્ સાથે સ્કેચ પણ દોરતો.

'દિલમાં તોફાન' લઈ ભમતો દેલાક્રવા કલાના ઈતિહાસના એક એવા કાળમાં જીવતો હતો કે જ્યારે એની સામે પરંપરાગત શિષ્ટ કલા-શૈલીના પુરસ્કર્તા ઇંગ્રેસ જેવા સિદ્ધહસ્ત ચિત્રકારોએ મોરચા માંડયા હતા. પણ દેલાક્રવા તો અનોખો જ રહ્યો. તેણે પોતાના ચિત્રવિષયો પણ નવા જ લીધા. અન્ય ચિત્રકારો પેઠે એણે ગ્રીસ અને રોમની કલાયાત્રા કરવાને બદલે ૧૮૨૫માં ઇંગ્લંડની સફર ખેડી. ત્યાંના નિસર્ગ ચિત્રકારો—ખાસ કરી કૉન્સ્ટેબલના પ્રભાવથી એ અંજાયો. રંગોને નાનાનાના વિસ્તારોમાં તોડી નાખી એમાં તીવ્રતા લાવીને એને સ્પંદિત થતા કેમ બતાવવા એનું જ્ઞાન એને કૉન્સ્ટેબલ પાસેથી મળ્યું. બાયરનનાં કાવ્યોએ એને ગ્રીસનાં સ્વાતંત્ર્યયુદ્ધોનો પક્ષપાતી બનાવ્યો. ઇંગ્લિશ રંગોની મોહકતા ને એના આલેખનની તાઝગીથી એ મુગ્ધ થઇ ગયો હતો. મધ્યકાલીન તથા લોકકથાઓના ચિત્રપ્રસંગોનું બાહુલ્ય પણ એને પ્રભાવિત કરી ગયું. અને ઇ. ૧૮૨૪માં એ બધી અસરનું પરિણામ એના 'મૅસૅકર ઑવ સ્કીઓ' (સ્કીઓની કતલ)માં રજૂ થયું.

દેવદેવીઓ અને પુરાણોના કથાપ્રસંગો આલેખવાનું વલણ ધરા-વતી પરંપરાગત શિષ્ટ શૈલીની કળાના એ વખતમાં ગ્રીસના ઇતિહાસ-નો એક કરુણ પ્રસંગ આલેખતા એ ચિત્રે વિવેચકોને ખળભળાવી મૂકયા. માત્ર પ્રસંગ જ નહિ, એની રજૂઆતમાં પણ એણે રૂઢ પ્રણાલિ તોડી હતી. ચીલાચાલુ ગૂઢ ઘેરા રંગોને બદલે એણે તો એમાં ઊજળા લાગતા રંગોમાં સમગ્ર ચિત્રવિષયની બેધડક સ્પષ્ટ રજૂઆત કરી હતી. આવી, વિદેશી ચિત્રવિષય તથા વર્તમાન અને શિષ્ટ ફ્રેંચ શૈલીની ઉપેક્ષા રૂપ, ગેરીકૉલ્ટ અને ઈંગ્લિશ કળાની અસરવાળી દેલાક્રવાની મુક્ત અને મનસ્વી લાગતી કલમ જોઈ ઊકળી ઊઠેલા વિવેચકોએ એ ચિત્રને સ્કીઓની નહિ પણ 'ચિત્રકળાની કતલ' તરીકે ઓળખાવ્યું! છતાં એને આવકારનારો એક વર્ગ પણ હતો જ. ફ્રાન્સની સરકારે એ ચિત્ર પણ ખરીદી લીધું. આમ, કૉન્સ્ટેબલના રંગોની રજૂઆતને પો-તાની કળામાં વણી લઇ એણે ફ્રાંસની કલામાં એક નવું ઉમેરણ કર્યું.

ઓગણીસમી સદીમાં જે જુદીજુદી શૈલીઓ પ્રચલિત થઇ તેમાં રંગવૈવિધ્યની છાંટનો પુરોધા દેલાક્રવા જ હતો. 'સ્કીઓની કતલ' તો તેની કારકિર્દીની શરૂઆત ગણાય. તેની પીંછીમાં રંગ એ મૃત રસાયન નહિ, પણ એક જીવંત તેજનો ધબકાર બન્યો હતો. શુદ્ધ રંગોની મેળ-વણીના તથા એક રંગ ઉપર બીજા રંગથી ચીતરવાના એના અવનવા અખતરા તેનાં ચિત્રોમાં વિવિધતાઓ રૂપે સ્પષ્ટ જણાઇ આવે છે. રંગ, કાવ્યમયતા અને રચનાત્મક સંયોજનથી એની પીંછી આગવી તરી આવે છે. શેક્સપીઅર, બાયરન અને દાન્તેની કૃતિઓની કાવ્ય-મયતા સાથે એના વિચારોનું સામ્ય કદાચ એને આગવા ચિત્રવસ્તુની પણ પસંદગી તરફ દોરતું હશે એમ કહી શકાય. બાયરનનાં કાવ્યો પેઠે એનામાં યે ગ્રીસની સ્વાતંત્ર્ય-લડતો પ્રત્યે સમભાવ જોવા મળે છે. આ સમભાવથી પ્રેરાઇ ૧૮૨૬માં એણે ત્યાંના દેશભક્તોના લાભાર્થે પોતાનાં કેટલાંક ચિત્રોનું એક પ્રદર્શન પણ યોજ્યું હતું. એ જ બાયરને વર્ણવેલા એક પ્રસંગની પ્રેરણા લઇ ઈ. ૧૮૨૯માં એણે એનું વિખ્યાત ચિત્ર 'સાર્ડાનેપૅલસ' સર્જ્યું. (જુઓ આ અંકની ચિત્રપ્લેટ)

ચાલુ લઢણને ફગાવી દઈને એણે રજૂ કરવા માંડેલા આવાં રંગદર્શી ચિત્રોને વખોડનારા વર્ગની પ્રવૃત્તિને કારણે એને આર્થિક મુશ્કેલી યે વેઠવી પડતી. પણ કરકસર કરીકરીને એણે પોતાની રીતે કામ કર્યે રાખ્યું. રાજકારણથી એ દૂર રહેતો, છતાં ફ્રાંસનો બળવો એના હૃદયને સ્પર્શી ગયો. એમાંથી 'સ્વાતંત્ર્યદેવીનું માર્ગદર્શન' નામે ચિત્ર સરજાયું. (જુઓ પૂઠું) અનેક વિરોધો છતાં નિજી સ્વતંત્રતાથી કામ કરતા દેલાક્રવાએ એ ચિત્રમાં ક્રાંતિની દેવીમાં જાણે કે કલાના સ્વાતંત્ર્યની દેવીને પણ રજૂ કરી દીધી હતી. સૅલોંમાં એ ચિત્ર પ્રદર્શિત થવા આવ્યું ત્યારે રાજકારણથી રંગાએલા વિષયના એ ચિત્રને પ્રદર્શિત કરવાની હિંમત બતાવતાં પણ પ્રદર્શકો ગભરાતા હતા! બીજી બાજુ એક ચિત્ર તરીકે એ કૃતિની ગુણવત્તામાં લેશ પણ કચાશ નહોતી. આખરે નિયામકે માર્ગ કાઢ્યો: રાષ્ટ્રીય સંગ્રહ માટે એણે એ કૃતિ ખરીદી લીધી, પણ દીવાલ પર એને ઊંધી ટાંગી કે જેથી કોઇ જોઇ ન શકે!

આ પછી ફ્રાન્સના એક દૂત તરીકે તે મોરોક્કો ગયો. આ સફરમાં અરબ અને યહુદી જીવનનાં દશ્યો, પ્રાણીઓ અને તુર્ક સામેની ગ્રીક લડતોના સંદર્ભવાળી બાયરનની કૃતિઓના જીવંત પ્રસંગો વગેરે જેવા ચિત્રવિષયોનું એક તદ્દન નવું અને વિશાળ ફલક એની સામે ખુલ્લું થઈ ગયું. લોકોનાં રંગબેરંગી વસ્ત્રવિધાન ને સૂર્યપ્રકાશમાં ઝળહળતી ત્યાંની ધરતીથી પ્રભાવિત થઇ એણે જે મબલખ આલેખનો કર્યાં એના પરથી જ 'ઇસ્તંબુલમાં ક્રુઝેડરોનો પ્રવેશ' જેવાં ચિત્રો સર્જાયાં. એનું આ ચિત્ર રંગસંવાદિતાનો એક ઉત્કૃષ્ટ નમૂનો ગણાય છે. મોરોક્કોની રંગસમૃદ્ધિ અને ભભકે એને પ્રભાવિત કરી દીધો હતો. ત્યાંની પુરાતન સંસ્કૃતિમાં એને કેટો અને બ્રૂટસ જેવાં પાત્રો જ નજરે ચડતાં હતાં. યુરોપનાં સંગ્રહસ્થાનોમાં સંઘરાએલા સંગેમરમરના અવશેષોમાં દેખાવાને બદલે રોમ અને ગ્રીસની ભવ્યતા તો એને અહીં જણાતી હતી. અન્ય કલાકારોમાં જ્યાં પુરાતન વસ્તુનો પ્રેમ એક ઠંડા સુધારા તરીકે પરિણમે ત્યાં દેલાક્રવામાં એ પૌર્વાત્ય રજૂઆતના એક અભિનવ રૂપે પ્રકટ થયો.

એનાં ચિત્રાલેખનોને પચાવી નહિ શકનાર મોટો વર્ગ હોવા છતાં ઈ. ૧૮૩૦થી ભીંતચિત્રોનું કામ એને સારી પેઠે મળતું રહ્યું હતું. એના સૌથી મોટા હરીફ અને વિરોધી ઇંગ્રેસને ભીંતચિત્રો આલેખવાની ફાવટ નહોતી. સેનેટ લાયબ્રેરી, લક્ઝમબર્ગ મહાલય અને લુવ્રની છતો ને દીવાલો પરનાં એનાં ચિત્રો તત્કાલીન ભીંતચિત્રોમાં શ્રેષ્ઠ ગણાય છે. આમાં પણ 'ટ્રાયમ્ફ ઑાવ ઍપોલો' નામક ભીંતચિત્ર સર્વશ્રેષ્ઠ ગણાય છે. પણ અંગત રીતે તો એને પોતાને લડાઇઓ, શિકાર, પ્રાણીઓની કશમકશ અને શૉપેં સમા નિકટના મિત્રોની તસવીરો જેવાં નાનાં કદનાં ને મુક્ત હાથે કરેલાં ચિત્રોમાં વધુ આનંદ આવતો. બીજી બાજુ એની ઉપેક્ષા કરનારાઓએ–ખાસ કરીને એના સમકાલીન ઈંગ્રેસે એને વર્ષો સુધી અકાદમીમાં પ્રવેશવા દીધો નહોતો. પણ આખરે એનો સ્વીકાર થયો. ૬૦ વર્ષની ઉમરે એને અકાદમીમાં પ્રવેશ મળ્યો. ખુદ ઈંગ્રેસે પણ એને આવકાર્યાનું કહેવાય છે. પણ આ સુખદ સ્થિતિ બહુ ન ટકી શકી. ઈ. સ. ૧૮૬૩ની ૧૩મી ઑગસ્ટે એનું અવસાન થયું.

ચોવીસમે વર્ષે પોતાનું ચિત્ર જાહેરમાં પ્રદર્શિત કર્યું ત્યારથી તે જીવનના અંત સુધી દેલાક્રવાએ કલાની સતત સાધના કરી, એટલું જ નહિ પણ તેમાં અવનવા પ્રયોગો કરતા રહેવાની પોતાની ખાસિયતને કારણે એને ચીલાચાલુ ચિત્રકારો સામે ટકવા માટે ઘણી હિંમત પણ બતાવવી પડી. વિધિએ જાણે એની શક્તિની કસોટી કરવા માટે જ એની સામે હરીફ તરીકે ઈંગ્રેસ જેવા સમર્થ કલાકારને મૂક્યો. પોતાના ચિત્રરાગની સ્પષ્ટતા માટે એણે માત્ર પુરાણી સ્તુતિઓનું એકધારું ગાન જ ન કરતાં ત્રણે સપ્તકો પર પોતાની આંગળીઓ ફેરવી. એણે છેડેલા એ સંગીતમાંથી જાણે તાર સપ્તકનો ઝણઝણાટ ગાજી ઊઠ્યો. એમાં એણે માણસોના કાળા કેર, એમના વિગ્રહો તથા જહન્નમના વર્ણન કરતો ઉન્માદક સિંધુડો, અને કારુણ્યભર્યો જોગિયો સંભળાવ્યો. એની તસવીરોમાંથી કરુણ તરજો ને એનાં પ્રસંગચિત્રોમાંથી લાગણીના તાલ ધબકાવ્યા. ઉત્કટ લાગણીશીલ હોવા છતાં એ બુદ્ધિશાળી માણસે પોતાની લાગણીઓને કદી નિરંકુશ થવા દીધી નહિ. એ કહેતો કે 'આપણી બધી નબળાઇઓ પર બુદ્ધિનો કાબૂ રહેવો જ જોઈએ.'

પોતાની રોજનીશીમાં પોતાના અનેક પ્રેમ-પ્રસંગોની નોંધ પણ એણે કરી છે; પણ છેવટે તો એના પ્રેમનો બધો પ્રવાહ કલાની ઉપાસના તરફ જ ઢળ્યો ને ત્યાં ચિરંતન ટકી રહ્યો. તત્કાલીન પારી(સ)ના સામાજિક, બૌદ્ધિક અને કલાના વિકાસની પણ એ નોંધોમાં એણે સારી પેઠે વિવેચના કરી છે. એની પીંછીમાં ઉસ્તાદ કારીગરની કાબેલિયત હતી. પોતાના શિષ્યોને એ કહેતો, 'ચોથા માળની બારીએથી પડતું મૂકનાર માણસ હેઠે જમીન પર પહોંચે ત્યાં સુધીમાં જો તમે એનો સ્કેચ દોરી ન શકો તો તમે કદી કોઈ મહાન કૃતિ સરજી નહિ શકો.'

ચિત્રવિષયમાં એણે કોઈ ક્ષેત્ર બાકી નહોતું રાખ્યું. દેવદેવીઓનાં ચિત્રોની મર્યાદા ઓળંગી એણે ભૂત અને વર્તમાન ઇતિહાસના પ્રસંગોને પોતાના ફલક પર ઉતાર્યા. એણે માણસો દોર્યા—એની અસલિયતને બેધડક ખુલ્લી પાડે એ રીતે દોર્યા. કલાકો સુધી જાનવરો સામે બેસી એમનો અભ્યાસ કરીને એણે એમની ખાસિયતો પકડી. મોરોક્કોના પ્રવાસમાં એને સિંહે આકર્ષ્યો. સિંહના શિકારનાં તો એણે અનેક ચિત્રો આપ્યાં છે. રૂબેન્સને બાદ કરતાં એનાં એ સિંહ-ચિત્રોની કોટિએ કોઈ પહોંચી ન શકે એવાં એ તાદશ છે. શેક્સપીઅરનાં કથાનકોમાંથી પણ એણે પ્રેરણાઓ લીધી. ઇંગ્લંડના ચિત્રકારોનાં નિસર્ગચિત્રોથી પ્રભાવિત થઈ એણે એમાં પણ સફળ હાથ અજમાવ્યો. નિર્જીવ વસ્તુઓને પણ એણે જીવંત સૃષ્ટિના એક અંગ જેવી રજૂ કરી. પુષ્પથી માંડી પહાડો સુધી એણે ઘણું ચીતર્યું. એના ચિત્રફલકનું આવું વિશાળ વિષયવૈવિધ્ય જોઇ કહી શકાય કે જો સમગ્ર યુરોપનાં બીજાં બધાં કલાચિત્રો નાશ પામી ગયાં હોય તો એકલા દેલાક્રવાનાં ચિત્રો પરથી પણ એ જમાનાનો અને એ કાળે થતા રહેલા કલાપ્રયોગોનો ખયાલ મળી શકે.

ઈ. ૧૮૬૩ પછીના 'મૉડર્નિઝમ'ના અટકચાળા ચિત્રકારો જે વાંચતાં પણ ભોંઠા પડે એવા વાર્તા-સાહિત્યમાંથી દેલાક્રવાએ પોતાના ચિત્રવિષયોને ખેંચ્યા હતા. પુનરુત્થાનકાળ(રેનેસાં)ની કળાનો એ ગણનાપાત્ર છેલ્લો ચિત્રકાર હતો, કે ચીલાચાલુ પદ્ધતિઓ અને કલાબંધનોને વિચ્છેદનાર તરીકે 'મૉડર્નિઝમ'નો એ પુરોધા હતો એ એક મૂંઝવતો પ્રશ્ન છે. પણ એ બંને હતો.

પોતાના જીવનકાળમાં એણે સદા ક્રાંતિકારી વલણ દાખવ્યું હોવા છતાં, ઘણા લોકો એના વિરોધી અને હરીફ ઈંગ્રેસને આજના ચિત્રકારોનો અગ્રણી ગણે છે. પોતાના જાદુઈ રંગ લાવણ્યથી એણે ચિત્રકળામાં એક નવો વિકાસ આણ્યો. 'ઈમ્પ્રેશનિસ્ટ' શૈલીના એક અગત્યના અંગ જેવી રંગની મિલાવટ દેલાક્રવાની કોમળ રંગમિલાવટમાંથી જ વિકસી છે. રંગદર્શી મહાકાવ્યો જેવાં એનાં વિશાળ ફલકચિત્રોને તો હજી કોઈ આંબી શક્યું નથી જ. ઇંગ્રેસની પેઠે એ ચિત્રકળાના રીતસરના વર્ગો ચલાવતો નહોતો, એટલે એને શિષ્યો પણ બહુ જ થોડા હતા. આથી પણ કદાચ એની શૈલીનો કોઇ કલાવારસ તૈયાર થયો નથી. રંગદર્શિત્વનું એનામાં રહેલું તત્ત્વ એ એની આગવી શક્તિ હતી.

રોજિંદા જીવનની અનેક ચડઊતર એના જીવનમાં પણ આવી જ હશે, પણ એની કલાસાધના અને ચિત્રફલક પર એણે અજમાવેલા ચિત્રપ્રયોગોના વૈવિધ્યને પડછે એનું બહુ મહત્ત્વ નથી.

કિરણચન્દ્ર સોમનાથ જોશી

એક રાતની વાત

જ્યારે ઠરી ગયાં'તાં ગાત

સુધીર દલાલ

બસો-ત્રણસો માઈલની મુસાફરી મારે માટે નવી નહોતી. હું ચાની એક કંપનીનો ટ્રાવેલિંગ સેલ્સમેન હતો, એટલે મારે નાનાં ગામડાંથી માંડી મોટાં શહેરો સુધીની મુલાકાત લેવી જ પડતી. એમાં અવનવા અનુભવો થતા અને રોજનીશીમાં તેની નોંધ લેવાની મને ટેવ હતી; ગયા શિયાળાની એક રાતની વાત એમાં નોંધેલી છે. એ યાદ આવતાં આજે ય હું કંપી ઊઠું છું.

એ દિવસે જાન્યુઆરીની ૧૪મી હતી, એ હું ભૂલી નથી ગયો; કારણકે ઉત્તરાયણને દિવસે અમદાવાદની બહાર જતાં—જવું જ પડે એમ હતું એટલે—મનમાં ખૂબ કચવાટ થએલો. ટાઢ સારી પેઠે હતી. આખો દિવસ આકાશ ધૂંધળું રહેલું. સવારના છ વાગ્યે નીકળ્યો ત્યારે તો ગાઢ ધુમ્મસ હતું. દિવસ ચડતાં થોડું વિખરાયું, છતાં ય જાણે મચ્છરદાનીમાંથી જોતા હોઇએ એવું તો આખો દિવસ રહ્યું.

સાંજના પાંચેક વાગ્યે મોટરમાં કાંઈક અવાજ થવા લાગ્યો, એટલે રસ્તાની બાજુમાં મોટર ઊભી રાખી. ખાનામાંથી W.I.A.A. નો નકશો કાઢી જોયો તો હજુ બાવન માઈલ કાપવાના હતા. સાધારણ રીતે એટલું અંતર કાપતાં દોઢેક કલાક જાય,—રસ્તો સારો સીધો સપાટ હોય તો. પણ નકશો તો વીસેક માઈલ પછી પહાડી પ્રદેશ બતાવતો હતો, ને બે હજાર ફૂટનું ચઢાણ પણ હતું. મેં ઓછામાં ઓછા બે કલાકનો આશરો મૂક્યો.

મોટરમાંથી ઊતરી, બૉનેટ ખોલી મેં તેલ-પાણી તપાસી જોયાં. થોડું પાણી ઉમેર્યું. તેલ નાખ્યું. મોટર જરા વધારે તેલ ખાતી હતી. હજુ દિવસનો પ્રકાશ હતો એટલે એન્જિન નીચેથી આવતો અવાજ શાનો છે એ જોવા હું મોટર નીચે પેઠો. દસેક મિનિટ ફાંફાં માર્યાં છતાં કંઈ જડ્યું નહિ એટલે હું બહાર નીકળ્યો. અવાજની મને ચિંતા પેઠી. બે હજાર ફૂટનું ચઢાણ! કૃષ્ણપક્ષની રાત હતી અને ઝાડી ગીચ થતી જતી હતી. નકશો આગળ જંગલ બતાવતો હતો. મનમાં ફફડાટ પેઠો. અને એક વાર પેઠો એટલે નીકળે? દરેક જાતના અમંગળ પ્રસંગો મેં કલ્પ્યા: ઢાળ પર બ્રેક ફેઈલ ગઇ, અને મોટર ખાઈમાં પડી; ફૅન-બેલ્ટ તૂટી ગયો અને જંગલ તથા પહાડોની વચ્ચે રાત આખી મોટરમાં બંધ કાચે ગાળી—વાઘચિત્તાની તગતગતી આંખો શોધવા ઝાડી તરફ આંખનું મટકું ય માર્યા વગર તાકતાં તાકતાં; લૂંટારુઓ મળ્યા—જે છે તે આ પાકીટમાં છે, આશરે ત્રણસો રૂપિયા અને આ કાંડા ઘડિયાળ સોનાના પટ્ટાવાળી, અને બૅગમાં એક સૂટ......

સવા પાંચે મોટર ચાલુ કરી. પાંચેક મિનિટ હાંકી ત્યાં ચપટી વગાડતાં જાદુ થાય એમ એકાએક વાતાવરણની પેલી ધૂસર ઊંચકાઇ ગઈ અને હવા સ્વચ્છ થઇ ગઇ. પવન પડી ગયો અને ઝાડીમાં પાંદડાં સ્થિર થઇ ગયાં—કાન દઇ સાંભળવા માટે પ્રયત્ન કરતાં હોય તેમ. હવે સામે થોડાક જ માઈલ દૂર પહાડની કાળી રેખા છતી થઇ.

રસ્તો સીધો, પહાડને અથડાવા તાકતો હતો. પણ બીજા પાંચેક માઇલ જતાં તો પહાડની રેખા ખૂબ જ બદલાઇ ગઈ. ધ્યાન દઇને જોયું તો પહાડ પાછળ કાળાં ડીબાંગ વાદળાંનાં શિખરો ઊમટી રહ્યાં હતાં. ક્ષણભર શિયાળાને બદલે ચોમાસું હોય એમ લાગ્યું. હવે તો દિલમાં ખરેખરી ચણચણાટી પેઠી. અંધારી રાત, જંગલ, પહાડ, ચઢાણ, આ બાજુ મોટરમાં અવાજ અને એ બધા ઉપર તોફાન, વરસાદ, માવઠું! મારી ગણતરીએ માવઠું મને પહાડમાં જ નડવાનું હતું. બાવન માઈલ કાપવા માટે ઘડીક પહેલાં બે કલાક મૂકતો હતો, તે પણ હવે અશક્ય હતું. મેં એક્સીલરેટર ઉપર જરા પગ દબાવ્યો. કાંટો ૭૦ માઈલ બતાવવા લાગ્યો.

પહાડ આવ્યો અને મોટરનો કચવાટ વધ્યો. થોડી વારમાં તો ધુરકિયાં કરવા લાગી. મેં એને 'પદમડી વહુ' કહેવા માંડ્યું. એની અસર થઈ. મનમાં થોડું હસવું આવ્યું. એણે પણ મુનશી વાંચ્યા લાગતા હતા!

છેવટે એ તૂટી પડ્યો. હેલી! વીજળીઓની ફ્લૅશગનથી તસવીરો ખેંચાતી હતી. કડાકાઓ–ભયંકર, કાન ફાડી નાખે એવા–પહાડોમાં પડઘા પાડતા હતા કે ખરેખર એટલા લાંબા ચાલતા હતા એ કળવું મુશ્કેલ હતું. ભીની વનસ્પતિની તીવ્ર મહેક ફેલાઈ ગઈ હતી. મોટરની હેડલાઈટમાં વાંકોચૂંકો આસ્ફાલ્ટ રસ્તો ક્યારેક પહાડને અથડાતો તો ક્યારેક આંધળિયું કરી ખીણમાં ભૂસકો મારતો લાગતો હતો. અને આ વિકરાળ પ્રકૃતિ પર, બગડી ગએલી ટ્યૂબલાઈટ જેવા વીજળીના ઝબકારા વચ્ચેના અંધકારને વધુ બિહામણો બનાવતા હતા.

મોટર માંડમાંડ ગણગણતી, બબડતી ચઢતી હતી. એન્જિન નીચેનો અવાજ પણ હવે તો વધુ આવતો હતો. એવામાં મોટરનો પ્રકાશ એક ઝાડ પર બાંધેલા પાટિયા પર પડ્યો: 'હિલ વ્યૂ હોટેલ ૧૦૦ વાર દૂર.' ઓહ! સ્વર્ગ સો વાર દૂર! આ બધાંનો અંત સો વાર દૂર! ઝાડીમાં મકાન દેખાયું. હેડ લાઇટમાં એની દીવાલો સળગી ઊઠી. મોટર પણ હાશ કરીને એની મેળે જ બંધ પડી.

બધી જ હિલ વ્યૂ હોટેલો જેવું એનું મકાન હતું: જૂનું, ઊંચું, ઢળતા છાપરાવાળું. મોટરમાંથી ઊતરી વરસાદમાં પલળતો દોડતો-દોડતો હું વરંડામાં આવ્યો. એક ટેબલ પર ફાનસ બળતું હતું. બારણું બંધ હતું. મેં ટકોરા માર્યા. થોડી વાર રાહ જોઇ. અંદર સળવળાટ સંભળાતો નહોતો. બહારના તાંડવમાં અંદરનો અવાજ સંભળાવો ય મુશ્કેલ હતું. ત્યાં પાછળથી પાણીનાં ખાબોચિયાંમાં પગલાં પડતાં સંભળાયાં: છબ, છબ, છબ. થોડી વારમાં એક માણસ આવ્યો; 'બાબુજી!'

એ શબ્દ આવકારમાં બોલાયો હતો કે પ્રશ્નાર્થમાં એ હું કળી શક્યો નહિ. 'રાત ઠેરના હય.' મારી ભાંગીતૂટી હિંદીમાં મેં કહ્યું.

'આઇયે.' કહી એ આગળ થયો.

હું ખખડાવતો હતો એ જ બારણું એણે થોડો હડસેલો દઈ ખોલ્યું. ફાનસ ઝાલી એ અંદર પેઠો. ઓરડો મોટો હતો. એક આરામ ખુરશી બે પગ લાંબા કરીને પડી હતી. વચ્ચે ગોળ ટેબલ હતું. આજુ-બાજુ ચારપાંચ ખુરશીઓ હતી. ખૂણામાં એક નેતરની પાટ હતી. પાસે ટેબલ લૅમ્પ હતો. ત્યારે જ મને ખયાલ આવ્યો કે હોટેલમાં વીજળી હતી. 'તુફાનમેં પાવર કટ ગયા હૈ.' એ બોલ્યો: જાણે મારા મનમાં ચાલતો વિચાર કળી ગયો!

એ મોટા ઓરડામાંથી અમે બહાર નીકળ્યા. ડાઇનિંગ રૂમમાં થઈ પડખેના બારણામાંથી નીકળી બીજા ઓરડામાં પેઠા. એણે ફાનસ એક ટેબલ પર મૂક્યું: 'ઠીક હય?'

'ચલેગા.' મેં કહ્યું અને મનમાં બબડ્યો: અત્યારે તો જ્યાં ઉતારીશ ત્યાં ચલેગા.

'સામાન લે આતા.' 'એક બૅગ ઔર એક બિસ્તર હય.'

લગભગ સાંભળ્યા વગર જ ચાલતો થયો. થોડી વારમાં પલળેલો બિસ્તરો અને બૅગ લઈ આવ્યો અને બીજા ટેબલ પર મૂકયાં. ઓરડામાં એક ખાટલો હતો—લોખંડનો, સ્પ્રિંગવાળો. ઉપર એક પાતળી ગાદી હતી. એના ઉપર સફેદ ઊજળી ચાદર. સામે દીવાલ પર આયનો લટકતો હતો—તડવાળો. એની નીચે ડ્રેસિંગ ટેબલ હતું. તે પર ઍલ્યુમિનિયમનો કાળો પડી ગએલો જગ હતો અને એક વાદળી રંગનું એનૅમલનું વૉશબસીન. વચમાં એક જર્જરિત શેતરંજી પર બે ખુરશીઓ મૂકેલી હતી. એકનો હાથો ભાંગેલો હતો, બીજીનું નેતર ઝાળી જેવું થઈ ગયું હતું. મેં એક ખુરશી ખસેડી. એનો પાયો ફાટેલી શેતરંજીમાં ભરાયો. શેતરંજી ચરરરડ બોલીને વધુ ફાટી. પેલો મારી સામે તાકી રહ્યો. એની આંખમાં ધૃષ્ટતા હતી, બેદરકારી કે કુતૂહલ એ સમજાતું નહોતું. 'માફ કરના.' મારાથી કહી જવાયું.

જવાબ આપ્યા વગર એ બારી તરફ વળ્યો, બારી ખોલવા. મેં ના પાડી. બારી બંધ હતી તો ય હું ધ્રૂજતો હતો. ઠંડી હાડકાંની પાર નીકળી જતી હતી. દાંત તો કયારના તારસંદેશા મોકલતા હતા.

'ખાના ખાઓગે?' 'કયા મિલેગા?'

મને થયું કે એ હમણાં બોલી જશે: મિન્સ્ટ્રોન સૂપ; વેજીટેબલ કટલેસ વિથ રશિયન સૅલાડ ઍન્ડ બૉઈલ્ડ વેજીટેબલ; પીઝ પુલાવ વિથ પનીર ઍન્ડ મટર કરી; ફ્રુટસૅલાડ ઍન્ડ હૉટ કૉફી. માણસ એટલો કાબેલ તો લાગતો જ હતો. સો વાર દૂર આ ઓચિંતું સ્વર્ગ મળી ગયું હતું તો કશું ય અશકય નહોતું.

પણ એણે એવું કંઇ કહ્યું નહિ. 'બ્રેડ-બટર, આમલેટ, ચાય-કૉફી; ઔર બોલો તો ચપાટી-સબ્જી બના દૂં.'

મેં કહ્યું: બ્રેડ બટર, આમલેટ-કૉફી ચાલશે. ગરમ કૉફી-ગરમાગરમ, ઠંડી (અને બીક) ભગાડી મૂકે એવી!

'આપ આરામ કીજીએ. અભી બુલાતા.' કહી એ ચાલ્યો ગયો.

મેં પગ લંબાવ્યા. આખું શરીર કળતું હતું. આંખો પર ભાર હતો. મગજમાં હજુ ય મોટરની ઘરઘરાટી બોલતી હતી.

થોડી વાર પછી એ મને ડાઇનિંગ રૂમમાં લઇ ગયો. ત્યાં પેટ્રોમૅક્સ બળતું હતું. એના સફેદ પ્રકાશમાં ટેબલ પર પાથરેલું ટેબલક્લૉથ વધારે સફેદ લાગતું હતું. ટેબલ લાંબુ હતું. ફરતી ઊંચી ઊભી પીઠવાળી કાળી છ ખુરશીઓ હતી. એક ભીંત પાસે લાંબું ખાનાવાળું ટેબલ હતું. ટેબલ પર થોડા પ્યાલા-રકાબી ને ડિશ-ચમચાં ઊંધાં પાડેલાં હતાં. એક પાણીનો કાચનો જગ હતો. ખાનામાંથી નૅપકિન કાઢી એણે મને આપ્યું.

બ્રેડ-બટર ને આમલેટ કૉફી ભૂખ્યા વરુની જેમ હું પેટમાં ઓરે જતો હતો ત્યારે એ મારી સામે જ અદબ વાળી ઊભો રહ્યો. મારી સામે એ તાકતો હતો. થોડું પેટમાં પડયા પછી મેં એની સામે ઊંચે જોયું, એટલે એ છોભીલો પડી ગયો.

'કયા મોસમ હય! બહુત બારિશ આયા.' ક્ષોભ ઢાંકવા એ બોલ્યો.

'અભી ભી ગિરના હી હય ના?'

'ઈસ જાડેકી મોસમમેં જબ ભી આતા તબ સારી રાતભર યા દિનભર બરસતા.'

માણસ પાતળો હતો. માથે લીલા રંગનો ફેંટો બાંધ્યો હતો. મોટી આંખો, ભરાવદાર મૂછો, શરીરના પ્રમાણમાં મોટું લાગતું માથું. રંગ કાળો ગૂઢ—સીસમિયો. વાત કરતો ત્યારે આંખો ચમકતી અને વાકય પૂરું થતાં ફરી ઊંડી ઊતરી જતી. તદ્દન મિતભાષી હતો. એની જોડે વાત કરવાની મને ઈચ્છા પણ નહોતી.

જમીને હું ઊઠયો એટલે એણે કહ્યું: 'આપ અભી સો જાયેંગે? આપ કો કુછ કામ હો તો મૈં યહાં હી રહતા હૂં.' કહી એણે બહાર આંગળી ચીંધી. મેં ધારી લીધું કે એ બાજુ એની ઓરડી હશે.

'ગુડ નાઈટ સર.' હું વળ્યો એટલે એ બોલ્યો.

'ગુડ નાઈટ, ભાઇ.'

હું મારા ઓરડામાં આવ્યો. બારણું બંધ કર્યું. અરધા બારણાને ય માંડ ઢાંકતો પડદો સરખો કર્યો. ખુરશી પર બેસી બૂટ કાઢયા. બૅગમાંથી નાઈટસૂટ કાઢયો. પહેર્યો. પછી ચોપડી કાઢી. કમનસીબે Best Ghost Stories (શ્રેષ્ઠ પ્રેતકથાઓ) લાવેલો, એટલે ઊંઘ આવે છે માટે નથી વાંચવું કરી, ચોપડી પાછી મૂકી દઇ, ફાનસની વાટ નીચી ઉતારી પથારીમાં પડયો.

બહાર હજુ વરસાદ એટલો જ જોશમાં પડતો હતો. પવન સૂસવાટા મારતો હતો. ફાનસના અજવાળાને ઝાંખું પાડી દેતી વીજળીઓ ઘડીભર ઓરડાને ભરી દેતી હતી. પાછળ જ ગડગડાટ દોડતો આવતો હતો. એક બારી બરાબર બંધ નહોતી. પવનના ફૂંફાડામાં ખૂલતી, ફંગોળાતી, અથડાતી, પાછી ખૂલી જતી, અને એટલામાં અંદર વાછટ પથરાઈ જતી. ફાનસની જ્યોત ફૂદકા મારતી અને પાછી બેસી જતી. બારી બંધ કરવા પ્રયત્ન કર્યો, પણ બંધ થતી નહોતી. દોરી કે સૂતળી માટે ચારે બાજુ નજર ફેરવી, પણ જડી નહિ. આ અવાજમાં કેમ કરી ઊંઘ આવશે એમ વિચારતો હતો ત્યાં પવનનો એક સપાટો આવ્યો. બારી જોરથી અથડાઈ, ખણણણ કરી કાચ તૂટી પડયો ને ફાનસ ઓલવાઇ ગયું! વીજળીના ઝબકારા પછી બિહામણો અંધકાર ફેલાઈ ગયો.

થોડી વાર અંધકારમાં પડયો રહ્યો હોઈશ. પેલા માણસને ઉઠાડી ફાનસ સળગાવડાવવું કે નહિ એમ વિચાર કરતો હતો ત્યાં જ બારણે ટકોરા પડયા. બેઠો થઇ ટેબલ સાથે અથડાતાં અથડાતાં બારણે પહોંચ્યો. ઉઘાડયું. બીજો જ કોઈ માણસ અંદર આવ્યો એમ હું વીજળીના ઝબકારામાં જોઈ શકયો. અંદર આવી એણે કહ્યું: 'અંધેરા હો ગયા?'

'પવન મેં બારી ખુલ જાતી હય, ઔર યે ફાનસ બુઝ જાતા હય.' મેં ફરિયાદ કરી.

'અભી ઠીક કર દેતા' કહી એ બહાર ગયો. થોડી વારમાં એ દીવાસળીની પેટી લઈ આવ્યો. ફાનસ સળગાવ્યું. ફાનસના પ્રકાશમાં હું એને જોઈ રહ્યો. એ મારી સામે જોઈ હસી રહ્યો હતો.

આ માણસ યુવાન હતો કે બુઢ્ઢો એ કળવું મુશ્કેલ હતું. એના આગળના દાંત પડી ગએલા હતા. વાળ લાંબા, ઓળ્યા વગરના હતા અને આંખ પર આવતા હતા. ગાલ બેસી ગએલા હતા. આંખો જાણે ગુફામાંથી તાકતી હતી. કપડાં મેલાં હતાં. થોડી થોડી વારે એ હસતો હતો.

'અભી આયે?'

'હાં.'

'યહાં કૈસે આયે?' કેવો પ્રશ્ન?

'પહાડકી ચઢાઈ પે તુફાન મિલા તો સોચા કી યહાં હી રાત ઠહર જાઉં. કલ ચલા જાઉંગા.'

'કલ હોગી તો—' કહી એ ખડખડાટ હસ્યો. હું ચોંકી ઊઠયો.

'કયોં?' મારા દાંત કકડી ઊઠયા. એ પાસે આવ્યો—છેક પાસે.

'કીસી કી હૂઈ નહિ, ન હોગી. યે ઘરમેં જો આયા વો જિન્દા ગયા નહિ. શાયદ આપ ભી...' એ ફરી હસ્યો અને તરત જ 'ગુડ બાય સર' કહી બારણા તરફ વળ્યો. ગુડનાઈટ નહિ—ગુડ બાય!

'દેખો, સુનો...' હું એની પાછળ ગયો, પણ એ બારણું ભચકાવી ચાલ્યો ગયો. હું બારણું ખોલી બહાર નીકળ્યો. બહાર તદ્દન શાંતિ હતી. ન સૂઝે એવું અંધારું હતું. મારા શ્વાસોચ્છ્વાસ જ હું સાંભળી રહ્યો. પેલાના જવાનાં પગલાં પણ સંભળાતાં નહોતાં. મગજના એક ખૂણામાં મને શંકા થઈ—એ કયાંક આટલામાં (અનુ૦ પૃષ્ઠ ૩૫૭)

આત્મકથાનક-૨૦ # જીવનપટનાં સ્મૃતિચિત્રો

લેખક
અને આલેખક
રવિશંકર
રાવળ



જેમની ચિત્રકળાની એકાંત સાધના અને સારું તથા પવિત્ર જીવન મારા પ્રવતારક સમ ગણીને જેમને મેં મારા ગુરુપદે સ્થાપ્યા, તે જ્ઞાન ને સૌજન્યની મૂર્તિ 'દેવમહારાજ'—વાસુદેવ મહારાજ

૮૫ વાસુદેવ મહારાજનું સંગીતકીર્તન

મોટાં માના કારજ પછી શેરડીપીઠના ડહેલાના અસલ ઘરમાં જઇને રહેવાનું ઠર્યું એટલે ત્યાં ફરી કેટલાક સુધારા અને ગોઠવણો કરાવી અને દક્ષિણીનો ડહેલો છોડવાનો સમય આવ્યો. પણ આ દરમિયાન મને ત્યાં જે કેટલીક નવી વ્યક્તિઓનો પરિચય થયો તેણે મારી સંસ્કારસૃષ્ટિ ઘણી સમૃદ્ધ બનાવી મૂકી.

દક્ષિણીના ડહેલામાં વિશિષ્ટ પ્રકારનાં માણસોનો કોઇ વાર મેળાપ થઈ જતો. તેનાં મુખ્ય કારણ તો કેશવરાવકાકાની સંગીતસાધના અને ગણેશ-ઉત્સવો હતાં. એક વાર એવા ગણેશ-ઉત્સવને અંગે દેવમહારાજે સંગીતકીર્તન કરવાનું સ્વીકાર્યું. આથી અમને અંદરોઅંદર ઘણું આશ્ચર્ય થયું. રાજની વસુલાતી કચેરીમાં ૪૫ રૂપિયાની નોકરી કરતા એ અવલ કારકુન તેમનાં જ્ઞાન, સૌજન્ય અને પ્રસન્ન હાસ્યવાળી મુખમુદ્રાથી અમને સૌને પ્રિય અને આદરપાત્ર પુરુષ તો હતા જ. તેમની પાસે જઈ નમસ્કાર કરી બેસીએ ત્યારે કૈંક ને કૈંક મજાની વાત સાંભળવા મળતી. તેઓ દંભી અમલદારો અને શ્રીમંતોના ઘમંડની નકલ કરી હસાવતા કે કોઇ ભવ્ય જીવનકથા કહેતા. પરંતુ એમનું શાસ્ત્રો અને કથા-ઉપકથાઓનું સ્મૃતિજ્ઞાન તો એમના આ કીર્તન પ્રસંગે જ પ્રકાશ્યું. એમાં માત્ર ધર્મજ્ઞાન કે ઔપચારિક વાર્તાકથન ન હતું, પણ ભાવ અને ઊર્મિઓનાં મોજાંથી તે પરિપ્લાવિત હતું. તેમાં યે એમનું 'ભરતભેટ'નું કીર્તન તો ખૂબ વખણાતું. મેં પહેલી જ વાર એમનું કીર્તન સાંભળ્યું ને મારા મનથી એમને ગુરુજનના પદે સ્થાપી દીધા.

એમણે કીર્તનને ધંધા તરીકે કદી કર્યું નહોતું. જનસમુદાયમાં ભક્તિ, પ્રેમ ને પાવિત્ર્ય પ્રસારવાનું એક આકર્ષણ તેમાં રહેલું છે. એમ સમજીને એક ધર્મકાર્ય તરીકે તેમણે તેમાં તાલીમ લીધી હતી.

દેવ મહારાજનું કથાકીર્તન એક ધંધાદારીનું નહોતું.તેમને પુરાણના આદર્શો અને ખાસ કરી રામાયણનાં પાત્રો માટે ઉત્કટ આદર હતો, એટલે અવારનવાર કોઈ મિત્રને ત્યાં ધાર્મિક કાર્યો પ્રસંગે જ કીર્તન કરતા. એ માટે કોઇ ભેટ કે દક્ષિણા સ્વીકારતા નહિ. કથાના નિયમ મુજબ આરતી થાય ત્યારે શ્રોતાઓ આરતીમાં જે કૈં દ્રવ્ય મૂકે તે બધું ગૌશાળામાં કે પાઠશાળાના વિદ્યાર્થીઓની સહાય માટે આપી દેતા. સાજિંદા પણ એવા જ ભાવનાશીલ અભિજાત યુવાનો હતા. તેમના લઘુ બંધુ–નાનાલાલ ભાવનગર રેલવેસ્ટેશનના સિગ્નલર—તબલાં પર નામ કરી ચૂકયા હતા; અને બીજા એક સિગ્નલર કલ્યાણજી હારમોનિયમ પર ભાવના પ્રકટાવતી સુરાવટ આપતા હતા. આ બંને વ્યક્તિઓની જાણ મને ભવિષ્યમાં વિશેષ સુંદર સમાગમ આપનારી થઇ પડેલી.



વાસુદેવ મહારાજનું સંગીતકીર્તન

દેવ મહારાજે કીર્તનની પરંપરા પ્રમાણે પૂર્વરંગ કર્યો, તેમાં સંતજનોની શાસ્ત્રીયતાથી રામાયણની ભાવનાસૃષ્ટિની સ્થાપના કરી; અને ઉત્તરરંગમાં એ ભાવના જીવનમાં પ્રત્યક્ષ કરી બતાવતાં એમણે જ્યારે રામાયણનાં પાત્રો—રામ, સીતા, લક્ષ્મણ, ભરત, દશરથ, કૌશલ્યા વગેરેનાં સ્વરૂપોને કથા ને કીર્તનની વાણીમાં આકાર્યાં ત્યારે હું તો મારી રામાયણભક્તિને અનેકગણી વિસ્તરતી જોઈ શકયો. બદલાતા કથાભાવોની સાથેસાથે બદલાતાં ભાવગીતોનું સંગીત અને ઝંકાર દેવમહારાજના અવાજમાં જે વિકમ્પન લાવતાં તેમાં તેમની પોતાની અંતરની ભક્તિ ઝબકારા દેતી. વનવાસમાં સાથે આવવા હઠ બતાવતાં સીતાને રુદન કરતાં જોઇ રામ ઉચ્ચર્યા :

'સીતા વહાલી! રો મા, રો મા! તું આવ આપણી સાથ.'

એ ગીતમાંનાં રામ અને સીતા વચ્ચેનાં વહાલ અને અનન્યતા સંસારમાં જોવા મળે તેમ નહોતાં, પણ તેમની વાણીમાં અમે તેનો સાક્ષાત્કાર કરી શકયા. દેવમહારાજની કથાનાં પિપાસુ વર્તુલોમાં હમેશાં પૂછપાછ રહેતી અને કોઇ ઠેકાણે કથા ઠરી હોવાની જાણ થતાં જ ઉચ્ચ કોટિનો શ્રોતાવર્ગ વગર નિમંત્રણે ભેગો થઈ જતો.

આ કીર્તન-પ્રથાનો પ્રચાર ગુજરાતમાં દક્ષિણી કથાકારોએ આણ્યો હતો અને વડોદરામાં વસતા કથાકારો ગુજરાતી ભાષામાં એ કથાવસ્તુ લઇ સૌરાષ્ટ્ર અને ગુજરાતનાં મુખ્ય નગરોમાં વખતોવખત



દેવમહારાજે આલેખેલા નાનાવિધ માનવ-પાત્રોના અસંખ્ય સ્કેચો પૈકીના કેટલાક

નીકળી આવતા. તેઓ કોઈ શ્રીમંત ગૃહસ્થને ત્યાં કે કોઈ દેવસ્થાનના રંગમંડપમાં યા ચોકમાં કીર્તન કરતા.

કીર્તનપ્રથાનો યથાયોગ્ય વિકાસ કરવા વડોદરામાં શ્રીમંત સયાજીરાવ મહારાજે એક હરિકીર્તન શાળાની યોજના કરી હતી. એ સંસ્થામાં દેવમહારાજ નાનપણમાં તાલીમ લઇ આવ્યા હતા અને કથાકીર્તનને કેવળ પોતાનું બ્રાહ્મણ તરીકેનું ભાવનાકાર્ય સમજીને જ તેની સાધના તથા પ્રતિષ્ઠા કરતા હતા. પોતાની આજીવિકા માટે તો ઉપર જણાવ્યું તેમ ભાવનગરના વસૂલાતખાતામાં કારકુની કરતા હતા. એમ છતાં સમાજમાં પોતાના નીતિનિયમો અને ચારિત્ર્યપ્રભાવથી દરેક ઠેકાણે પૂજ્ય વ્યક્તિ તરીકે આદર મેળવતા. એમના ઉપરી અમલદારો પણ એમનાં માનમર્યાદા સાચવતા. દરેકને ખાતરી હતી કે દેવમહારાજ કોઇનો સોપારીનો કટકો પણ ગ્રહણ નહિ કરે. એમના પોશાકમાં જાડા કાપડનું અંગરખું, ખેસ, માથા પર કોઈ છટાનો વિચાર કર્યા વિના વીંટેલો સફેદ ફેંટો ને પગમાં જાડાં તળિયાંવાળા ગામઠી જોડા. આવા, ઊજળા વર્ણવાળા, પડછંદ કાયાવાળા, શ્વેત પરિધાનવાળા દેવમહારાજ ચાલ્યા આવતા હોય કે ક્યાં ય પણ ઊભા હોય ત્યાં પરિચિત જનો તેમને બહુ ભાવથી વંદન કરતા અને પ્રત્યુત્તરમાં તેમની હળવી મૂછો નીચેથી સફેદ દંતાવલીનું પ્રસન્ન હાસ્ય પામતા. તેમનામાં કોઇએ કદી ઉતાવળ કે ગભરાપણું જોયું નહોતું. કોઈ ઠેકાણે બેસી ગયા ને તેમનો વાર્તાલાપ છૂટે ત્યારે આસપાસનાં કામ બંધ થઈ જાય, અને તેઓ સમાજની વસ્તુસ્થિતિ પર ચર્ચાઓ ને નર્મમર્મ કરી લોકોને સન્માર્ગે દૃઢ રહેવાની પ્રેરણા આપી, સ્વસ્થતાથી નમસ્કાર કરી આગળ ચાલે. રોજ સાંજે સહજભાવે પીલ ગાર્ડનમાં એક ઠેકાણે લીલી ગોંદરી પર બેઠા હોય ત્યારે યુવાનો કે વૃદ્ધો સહજવારમાં તેમને વીંટળાઈ જાય ને કૈંક દૃષ્ટાંતો, હાસ્યપ્રસંગો અને ઉચ્ચ પ્રકારનું ઉદ્‌બોધન પ્રાપ્ત કરે.

૮૬ રાજા રવિવર્માથી મળેલી મનોદીક્ષા

આવા એ દેવમહારાજ પ્રત્યે મારું આકર્ષણ અનેરું હતું. તેમનાં દર્શન, વાણી અને પ્રેમપૂર્ણ વ્યવહારથી હું મુગ્ધ થયો હતો. પણ તે ઉપરાંત મેં જ્યારે જાણ્યું કે દેવમહારાજ ચિત્રકળાના એક પ્રખર સાધક અને ભક્ત છે ત્યારે તો મારા માટે તેઓ તીર્થરૂપ બની ગયા. મને ખબર પડી કે તેઓ વડોદરામાં હતા ત્યારે રાજા રવિવર્મા ત્યાંના લક્ષ્મી-વિલાસ મહેલ માટે થોડાં પૌરાણિક ચિત્રો કરવાને રાજ્યના અતિથિ બની આવ્યા હતા. દેવમહારાજે તેમને નજરોનજર જોયા હતા; થોડો સમાગમ પણ સાધ્યો હતો. તેમનાથી પ્રેરણા લઇ તેમણે ચિત્રકામના શ્રીગણેશ કર્યા હતા. રાજા રવિવર્માની શક્તિવાળા વિરલ ગુરુ મળી ગયા, એટલે તેમને મુખેથી તેમના પ્રયોગોની વાતો સાંભળી દેવ-મહારાજે એકલવ્યની માફક જીવતાં માનવપાત્રો પરથી સીધા આલેખો કરવાની ઉપાસના શરૂ કરી દીધી.

ચિત્રકળામાં તે કાળે શેઇડ-લાઈટ (છાયા-પ્રકાશ) અને રેખાની તાદૃશતા તેમજ પર્સ્પેક્ટિવ (દૃષ્ટિસંધાન) બરોબર રાખવાનો પ્રયોગ ભારતમાં નવો હતો, છતાં રાજા રવિવર્માએ એ પ્રયોગો પોતાનાં ચિત્રો-માં સફળ બનાવ્યા હતા. એટલે દેવમહારાજે પ્રથમ તો રાજા રવિ-વર્માનાં ચિત્રો (તેમનાં પોસ્ટકાર્ડો અને છબીઓ) પરથી છૂટે હાથે ખૂબ અનુકૃતિઓ કરી આંખ અને પેન્સિલની શિસ્ત મેળવી લીધી. પણ રવિવર્મા તો પોતાનાં ચિત્રો જીવતાં પાત્રોને બેસાડી તૈયાર કરતા. તેથી જ્યાં સુધી જીવતાં પાત્રો પરથી ચિત્રાલેખન આવડે નહિ ત્યાં સુધી સાધના પાકી ન ગણાય, એમ વિચારી તેમણે કોરા ફૂલસ્કેપ કાગળોની મોટી પોથીઓ બાંધી તેમાં નિયમિતપણે ખરાં માનવપાત્રો પરથી સીધા સ્કેચના આલેખ કરવા માંડ્યા. આવી ચોપડી ભૂંગળું વાળી તે બગલમાં રાખતા અને જ્યાં કંઈ બેસવાની સગવડ મળે કે તરત તેમાં સ્કેચ કરતા. ઘણી વાર તે બાવાસાધુઓનાં ઝુંડમાં પહોંચી જતા અને તેમને પાઈ પાઇ દક્ષિણા આપી તેમના સ્કેચ કરતા. તેમનું માનવું હતું કે આ દેશની પ્રકૃતિ પ્રમાણે ઘડાએલાં શરીર બાવા-સાધુ-ઓમાં જ જોવા મળે છે.

૮૭ એકાંતસાધનાનું દર્શન

એક વાર દક્ષિણીના ડહેલામાં તે કેશવરાવકાકા પાસે આવેલા. ત્યારે તેમની બગલમાં એવો ચોપડો જોઈ બાબુરાવે મને બોલાવ્યો અને અમે જરા લાડકા થઇને તે જોવા માગી લીધો. હું હાઈસ્કૂલના ચિત્રવર્ગમાં છું અને ભગવાનજી માસ્તરને ઘેર પણ જાઉં છું તેમજ ચોરસ ખાનાંના માપથી મોટી છબી બનાવું છું એ વાત કરી ત્યારે તેઓ જરા મર્માળું હસ્યા અને કહ્યું કે કોઈ પણ આધાર વગર માત્ર આંખની જ મદદથી હાથ ધાર્યો આકાર કરી શકે ત્યારે જ સાચી ચિત્રસિદ્ધિ થઈ ગણાય. આવી સિદ્ધિ સેંકડો સ્કેચ કર્યા પછી જ પ્રાપ્ત થાય. તેમના આ કથનના પુરાવા રૂપે તેમનો સ્કેચો ભરેલો ચોપડો તો તેમની સાથે જ હતો. એમના એ ચોપડામાં માત્ર રેખાથી અનેક ઓળખીતાં પાત્રો, બાવાઓ, સાધુઓ આદિના ખરા ચહેરાના માપના કરેલા આલેખો જોઇને, ખાનાં પાડી પાડીને છેક સાંજ સુધીમાં ચહેરાની જેવી તેવી રેખા કરનાર હું શરમાઈ ગયો. મેં નમ્રતાપૂર્વક તેમને ઘેર જઈ બધા સ્કેચ તેમજ તેમનું ચિત્રકામ જોવા દેવાની વિનતિ કરી, અને તેમણે પ્રસન્નતાથી મને રવિવારે બપોરે આવવા કહ્યું.

રવિવારે હું તથા બાબુ તેમના ઘેર ગયા. ઘરમાં કંઇ વૈભવ કે



ચિત્ર પર ઢાંકેલો કાગળ હટાવ્યો

સરંજામ મળે નહિ. ઉપરની મેડી પર એક ગુણપાટ પાથરેલો ને ભીંત આગળ એક પાટિયું ઊંધું રાખેલું. એક આળિયામાં (હાટિયામાં) સ્કેચ-બુકોના થોકડા ઠાંસીને ભરેલા. બપોરના બાર વાગ્યા હતા. તેઓ નીચેથી જમીને ઉપર આવ્યા ત્યાં સુધી અમે અમારા કુતૂહલને માંડમાંડ રોકી રાખ્યું હતું. સ્કેચ-આલેખોના બેચાર ચોપડા જોયા પછી પાટિયામાં શું ચીતર્યું છે તે પૂછ્યું. ત્યારે તેમણે હસીને કહ્યું, 'ક્રેયૉનથી એક ચિત્ર શરૂ કર્યું છે, પણ માંડ એક ચહેરો પૂરો થયો છે. બે ખરાબ ચિત્રો કરવા કરતાં ધીરજ અને કાળજીથી એક ચિત્ર કરવાથી વધારે ફળ મળે છે એમ હું માનું છું.' આમ કહીને તેમણે પાટિયું ઉલટાવીને ગોઠવ્યું અને તે પર ઢાંકેલા કાગળની પિનો હટાવી તો રાજા રવિવર્માએ કરેલું 'યમુનાતીરે બંસીધર કૃષ્ણ'નું ચિત્ર ઊંચી જાતના કાગળ પર ક્રેયૉન (કોલસાપેન)થી શરૂ કરેલું જોયું. ફક્ત ગળા સુધીનો ભાગ કાળા શેઈડમાં કરેલો, છતાં ખૂબ સુરેખ ને સ્વચ્છ આલેખન હતું. એમણે કહ્યું, 'આટલું કામ હું બે દિવસ અખંડ બેસીને કરી શક્યો છું.'

આટલી સિદ્ધ કક્ષાનું કામ અમને તો જીવનમાં કદી જોવા મળ્યું નહોતું અને એ બતાવનારું પણ કોઇ નહોતું. અમે દેવમહારાજની આ એકાંત સાધનાને મનોમન વંદન કર્યું અને કોઈના માર્ગદર્શન વિના પણ કેવળ અખંડ ઉપાસનાથી અત્યંત ધીર ગતિએ પણ ઉચ્ચ કળાની સિદ્ધિ મેળવી શકાય એવી શ્રદ્ધા મેળવી. દેવમહારાજના શબ્દો મારા મનમાં મંત્રોની જેમ ચોંટી ગયા અને ખાનાં પાડીને કામ ન જ કરવું એવો સંકલ્પ કર્યો. તે દિવસથી મારી સાધના કઠોર બની, દૃષ્ટિ અને હાથ ગતિમાન બન્યાં, નકલ કરવાની લાલચ ગઈ, જીવંત સૃષ્ટિમાં મને રસ પડવા લાગ્યો, એટલું જ નહિ પણ દેવમહારાજનું સ્વરૂપ તથા એમનું જીવન લક્ષમાં રાખી સંકલ્પ કર્યો કે કળાસાધકમાં પવિત્ર ભાવનાઓ અને પ્રખર તપસ્યા હોવાં આવશ્યક છે.

૮૮ સંગીતના સાથિયા

દક્ષિણીના ડહેલામાં ઉચ્ચ સંગીતનો જે આહલાદ ભોગવ્યો તેથી એક લાભ એ થયો કે નાટકી ગાયનો પરથી મારી પ્રીત ઊતરી ગઈ. મારા મોટાભાઇને નાટકોનો પ્રબળ શૉખ હતો અને તે નાટકોની ચોપડીઓ ભેગી કરી ગીતોના રાગ બેસાડતા, પણ તેમને રાગોનાં નામ કે તાલ વિષે ખરી માહિતી નહોતી. એવામાં એક પ્રસંગથી એનો યોગ થયો. અમારા ઘરમાં શ્રી નથુરામ શર્માની દીક્ષાથી વૈદિક બ્રહ્મોપાસના દાખલ થઇ હતી. પરંતુ મારાં માતુશ્રી વારતહેવારે આસપાસના શિવાલયમાં, હવેલીમાં કે જગદીશ મંદિરમાં દર્શને જતાં. એક વાર બાજુની ઠાકોરજીની હવેલીમાંથી પાછાં આવ્યાં ત્યારે એક નાની તંબૂરી સાથે મેવાડી ઢબે બાંધેલા ફેંટિયા અને મુખિયાજી જેવી બંડીવાળા એક વૈષ્ણવપંથી જુવાનને લેતાં આવ્યાં, અને તેના માટે ચા કરવાનું કહ્યું. તેણે જ વાત ઉપાડી : 'પણ ફઈબા, મને તો ખબર જ નહિ કે તમે આંઈ પાસે જ રહો છો.' મારા મોસાળનું સગપણ બતાવતા આ ભાઈ અમને બંને ભાઇઓને જોઈ વારી ગયા : 'વાહ વાહ, બેઉ ભાઇઓ કેવા ઠાવકા છે! નામે ય રતિભાઇ ને રવિભાઈ!' પછી કહે, 'અમને તમારા નાટકના રાગ ન આવડે. અમારું કામ તો સવારસાંજ ભગવાન પાસે કીર્તન ગાવાનું. મંદિરનું એ સંગીત જુદી ભાતનું હોય છે.'

આ ગિરધરભાઈ ત્રિવેદી હતા તો નાની વ્યક્તિ, પણ સગપણદાવે તે દિવસે જે પરિચય થયો તે જનમભર એમણે સાચવ્યો. મંદિરમાંથી છૂટે ત્યારે અવારનવાર ઘેર આવે. અને રવિવાર હોય ત્યારે મોટાભાઇ તેમની સાથે રાગરાગિણીઓની વાત કાઢે. એ વખતે પોતાની નાની તંબૂરીના સ્વરો સાથે મંદિરના ધીરા ધ્રુપદ તાલમાં ભૈરવી, માલકૌંસ, કેદાર વગેરે રાગોમાં મંદિરનાં પદો સંભળાવે. અમારાં ચિત્તમાં સંગીતના પહેલા સાથિયા એમણે પૂર્યા. એમના આ પરિચય પછી ઠાકોરજી મંદિરમાં રોજ સવારબપોર જે શરણાઈ-નોબત વાગતાં તેમાં સમાસમાનાં રાગરાગિણી સાંભળવામાં મને બહુ રસ પડતો.

દક્ષિણીના ડહેલામાં જેમ સંગીતવિદોના જલસા થતા તેમ, શહેરમાં કોઇ નાટક કંપની આવે અને તેમાં કોઇ વાર દક્ષિણી નટો આવ્યા હોય ત્યારે તેઓ પણ કોઈ ને કોઈ ઓળખાણ લઈ કેશવકાકા પાસે આવતા. એક 'રાવ' તરીકે ઓળખાતા નટ હાસ્યનાં પાત્રો ભજવનાર તરીકે બહુ પ્રખ્યાત હતા. એક નાટકમાં મૂર્ખ જમાઇ સાસરે જાય છે તેના પાઠમાં જમાઇએ સાસરામાં ગળે ભાર રાખવો જોઇએ એવી શિખામણ માની ગળામાં ઘંટલાનું પડ બાંધી તે દાખલ થતા!

નાટકના આવડા મોટા પડદા કેમ ચીતરતા હશે તેનો મને આજ સુધી ખયાલ નહોતો, પણ તેમની જ પાસેથી મેં જાણ્યું કે આખો પડદો જમીન પર પાથરી, તે પર ચોરસ ખાનાં પાડેલા નાના ચિત્ર પરથી મોટું ખોખું કરીને બે-ચાર માણસો એકીસાથે રંગો ભરી દે છે, અને મુખ્ય ચિત્રકાર છેવટે બધું સરખું કરી લે છે.

એ ભાઈ એક વાર બાળ નટોને લઇને દક્ષિણીના ડહેલામાં આવ્યા. એ નટ નાટકમાં કોઈ સખીઓ કે નાચનારીના વેશમાં ઊતરતા. આ નટો વિષે અમને બહુ કૌતુક થતું. આવડા છોકરાઓ સ્ત્રીઓના વેશ લેવા માટે માથા પર કાયમ લાંબા ચોટલા વધારતા. (અનુ. પૃ. ૩૩૫)



વૈષ્ણવ
સંગીતકાર
ગિરધરભાઇ
ત્રિવેદી

રાષ્ટ્રીય બહુમાનથી વિભૂષિત



ડૉ. ઝાકિર હુસેન] ભારતરત્ન [ડૉ. પી. વી. કાણે



એ. એલ. મુદલિયાર · એચ. વી. પાટસ્કર · સુનીતિકુમાર ચૅટરજી
(મદ્રાસ યુનિ.ના ઉપકુલપતિ) (મધ્યપ્રદેશના રાજપાલ) (ભાષાશાસ્ત્રી)
પદ્મવિભૂષણ-પદકનું બહુમાન મેળવનાર ત્રણ મહાનુભાવો


આ વર્ષના ચૌદમા પ્રજાસત્તાક દિને ૩૮ મહાનુભાવોનું રાષ્ટ્રીય સમ્માન કરાયું છે. 'ભારતરત્ન'નો કલા, સાહિત્ય, વિજ્ઞાન વગેરે ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કોટિની સેવા માટે અપાતો સમ્માન-પદક આ વર્ષે ઉપરાષ્ટ્રપતિ ડૉ. ઝાકીર હુસેનને અને સંસ્કૃતના મહાપંડિત ડૉ. પાંડુરંગ વામવ કાણેને અપાયો છે. આ પદક અત્યાર સુધીમાં ૧૧ વ્યક્તિઓને અપાયા છે. **ડૉ. ઝાકીર હુસેન** લબ્ધપ્રતિષ્ઠ શિક્ષણકાર હોઇ 'પાયાની કેળવણી'ના ક્ષેત્રમાં એમનું નામ આદરણીય ગણાય છે. 'વર્ધા-યોજના' તત્ત્વતઃ એમની જ હતી અને દિલ્હીની વિખ્યાત શિક્ષણસંસ્થા જામિયા-મિલિયાનું નિર્માણ પણ એમણે જ કર્યું છે. 'હિન્દુસ્તાની તાલીમી સંઘ'નું લાલનપાલન, વિદ્યાપીઠ અનુદાન પંચ, ભારતીય અખબારી પંચ વગેરે ઉપરાંત અનેક શિક્ષણ સમિતિઓમાં એમણે સેવાઓ આપી છે. ભારતીય પ્રતિનિધિમંડળના સભ્ય તરીકે તેઓ 'યુનેસ્કો' સાથે પણ સંકળાએલા છે અને '૫૬-'૫૮માં તેના વહીવટી મંડળમાં પણ હતા. સાહિત્ય, વિજ્ઞાન, કલા વગેરે ક્ષેત્રમાં વિશિષ્ટ સેવા માટે અનામત રખાએલા સભ્યપદમાંથી, સૌ પ્રથમ ઈ. ૧૯૫૨માં રાજ્યસભાના સભ્ય તરીકે એમની નિમણૂક થઈ. તે પછી બિહારના રાજ્યપાલ હતા. હાલ તેઓ ભારતના ઉપરાષ્ટ્રપતિ છે. '૫૪માં એમને પદ્મવિભૂષણ-પદક પણ અર્પણ થયો હતો.

ડૉ. પી. વી. કાણે (જુઓ અંક ૪૭૧): સંસ્કૃતના આ વયોવૃદ્ધ સાહિત્યકાર ભારતના રાષ્ટ્રીય પ્રાધ્યાપક છે. તત્ત્વદર્શન અને ઇતિહાસનો તલસ્પર્શી અભ્યાસ કરી એમણે ઘણાં પુસ્તકો લખ્યાં છે. નાગપુર, ઈસ્તંબુલ ને કેમ્બ્રિજની પ્રાચ્યવિદ્યા પરિષદોમાં એમણે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે. વૉલ્ટેરની ભારતીય ઇતિહાસ પરિષદના તેઓ પ્રમુખ હતા. '૫૩-'૫૬ દરમિયાન સંસ્કૃત સાહિત્ય વિષે શ્રેષ્ઠ પુસ્તક બહાર પાડવા બદલ સાહિત્ય અકાદમીએ એમને પાંચ હજારનું પારિતોષિક આપ્યું હતું. '૫૮માં સંસ્કૃતમાં એમના કાર્ય માટે એમને પ્રમાણપત્ર, ઝબ્બો અને આજીવન વાર્ષિક ૧૫૦૦ રૂપિયાની નિવૃત્તિ વેતનની સનદ આપવામાં આવી. '૫૩માં રાજસભામાં પણ એમની નિમણૂક થઈ હતી. બ્રિટિશ સરકારે પણ એમની વિદ્વત્તાને 'મહામહોપાધ્યાય'ની ઉપાધિથી નવાજી હતી.

પદ્મવિભૂષણનો, અસામાન્ય અને વિશિષ્ટ પ્રકારની સેવા માટે અપાતો પદક આ વર્ષે ત્રણ વ્યક્તિઓને મળ્યો છે. તેઓ છે—

ડૉ. આર્કટ લક્ષ્મણસ્વામી મુદલિયાર: વિધાન પરિષદના સભ્ય અને ૧૯૪૨થી મદ્રાસ વિદ્યાપીઠના ઉપકુલપતિ. મદ્રાસ મેડિકલ કૉલેજના સર્વપ્રથમ ભારતીય પ્રિન્સિપલ અને '૫૯ની ભારતીય કૉંગ્રેસના પ્રમુખ હતા. વિદેશમાં અનેક મંડળોમાં એમણે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે. 'ક્લિનિકલ ઑબ્સ્ટ્રેટિક્સ' નામે એમનો એક અભ્યસનીય ગ્રંથ વિખ્યાત છે. એમને અગાઉ પદ્મભૂષણ-પદક પણ મળેલો છે.

હરિ વિનાયક પાટસ્કર: ૧૯૫૭થી મધ્યપ્રદેશના રાજ્યપાલ. કાનૂની બાબતો અને મુલ્કી વિમાન વ્યવહારખાતાના ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી. ભારતની બંધારણ સભાના અને '૫૨માં લોકસભાના સભ્ય હતા. સ્વાતંત્ર્ય લડતમાં અને મહારાષ્ટ્રમાં સામાજિક, શૈક્ષણિક ને રાજકીય પ્રવૃત્તિઓમાં એમનો ફાળો જાણીતો છે.



ડાબી બાજુથી અનુક્રમે:
હરિ દામોદર વેલાંકર,
શ્રી અગ્નિહોત્રમ થથચારિયાર
પંડિત બ્રહ્મદત્ત જિજ્ઞાસુ એ ત્રણ
સંસ્કૃત ભાષાના તથા
છેલ્લા ડૉ. મહમ્મદ નિઝામુદ્દીન 'ફિરદોસ'
અરબીના વિદ્વાનોનું બહુમાન.

પદ્મભૂષણનો ચન્દ્રક આ સાલ ૧૨ જણને અપાયો છે જેમાંથી ૧૦ વ્યક્તિઓનાં ચિત્રો નીચે આપી શકાયાં છે.



ડૉ. બદ્રીનાથ પ્રસાદ (ગણિતજ્ઞ) · **મે. જ. હરનારાયણ સિંગ** (રાષ્ટ્રપતિના લશ્કરી સચિવ) · **ડૉ. કે. એલ. રાવ** (સિંચાઈ-પ્રધાન) · **કર્નલ ડૉ. સોની** (લશ્કરમાં દંતવૈદ્ય) · **મખ્ખનલાલ ચતુર્વેદી** (હિન્દી સાહિત્યકાર)



ડૉ. એન. એન. બેરી (દંતચિકિત્સક) · **નીતીશચંદ્ર લાહેરી** (રોટરી ઇન્ટરનેશનલના પ્રમુખ) · **આર. જી. સરૈયા** (મહારાષ્ટ્ર એસ.ટી.નાં પ્રમુખ) · **ડૉ. રામકુમાર વર્મા** (હિંદી સાહિત્યકાર) · **સ્વ. રાહુલ સાંકૃત્યાયન** (ખ્યાતનામ વિદ્વાન લેખક)

ડૉ. સુનીતિકુમાર ચેટરજી પશ્ચિમ બંગાળની વિધાન પરિષદના અધ્યક્ષ, ભાષાવિદ. '૫૫માં પદ્મભૂષણ. અમેરિકાની પેન્સિલ્વાનિયા યુનિવર્સિટીના અગ્નિ-એશિયાનાં રાજ્યોની શાખાના પ્રવાસી પ્રાધ્યાપક. બંગાળી ભાષાનો વિકાસ તથા ભારતની આર્ય અને હિન્દુ સંસ્કૃતિ વિષેનાં મનનીય પુસ્તકોના લેખક.

પદ્મભૂષણનો ઉચ્ચ કક્ષાની સેવા માટે અપાતો ચંદ્રક આ સાલ ૧૨ જણને અપાયો છે. તેઓ છે—

ડૉ. બદ્રીનાથ પ્રસાદ : અલ્લાહાબાદ યુનિવર્સિટીના ગણિતજ્ઞ પ્રાધ્યાપક. નેશનલ ઇન્સ્ટિટ્યૂટસ ઑવ સાયન્સિઝ તથા લંડન મૅથેમેટિકલ સોસાએટીના ફૅલો અને લિવરપૂલ યુનિવર્સિટીના પીએચ. ડી. ભારતની ઘણીખરી વિદ્યાપીઠો સાથે એક યા બીજી રીતે સંકળાએલા છે.

મેજર જનરલ હરનારાયણ સિંગ ૧૯૫૦થી રાષ્ટ્રપતિના લશ્કરી સચિવ. ઈંગ્લંડમાં પ્રિન્સ ઑવ વેલ્સ રૅાયલ ઇન્ડિયન મિલિટરી કૉલેજમાં શિક્ષણ અને સેન્ડ હર્સ્ટ ખાતે તાલીમ લઈ કમાન્ડ હેડ કવાર્ટર્સમાં વહીવટીશાખાના મેજર જનરલ સહિતની કેટલીક અગત્યની સેવાઓ એમણે આપી છે.

ડૉ. કે. એલ. રાવ યંત્રોની દુકાનમાંથી સંસદમાં આવેલા, 'બંધો' અને 'પૂર સંરક્ષણ'માં પ્રમાણભૂત ગણાતા ઈજનેર. સિંચાઈ અને પાવર (શક્તિ)ના ખાતામાં હમણાં તેઓ કેન્દ્રીયપ્રધાન તરીકે આવ્યા છે.

ડૉ. એમ. એલ. સોની રાષ્ટ્રપતિના માનદ્ દંતસર્જન અને લશ્કરી દંતદળમાં માનદ્ કર્નલ. '૪૦માં લૉર્ડ લિનલિથગોના માનદ્ દંતસર્જન નિમાયા પછી બધા ગવર્નર જનરલો તથા રાષ્ટ્રપતિઓ સાથે તેઓ સંકળાએલા રહેતા આવ્યા છે.

પં. મખ્ખનલાલ ચતુર્વેદી સાહિત્યકાર. હિંદી સાહિત્યના સંમેલનના પ્રમુખ. મૌલિક સાહિત્ય બદલ સાગર યુનિવર્સિટી એ ડી. લિટ.ની માનદ્ ઉપાધિ આપેલ. સ્વાતંત્ર્યની લડતોના એક સક્રિય કાર્યકર.

ડૉ. એન. એન. બેરી : ભારતની દંતસમિતિના પ્રમુખ, સ્વાસ્થ્ય યંત્રાલયના માનદ્ દંત સલાહકાર હોવા ઉપરાંત એ વિષયની દેશવિદેશની ઘણી પરિષદોમાં ભારતીય પ્રતિનિધિ તરીકે હાજરી આપેલી.

શ્રી નીતીશચંદ્ર લાહેરી : રોટરી ઈન્ટરનેશનલના '૬૨-'૬૩ પ્રમુખ.

શ્રી. આર. જી. સરૈયા : ૧૯૫૪થી મહારાષ્ટ્ર રાજ્યના વાહનવ્યવહારના અધ્યક્ષ અને સારા ઈજનેર તરીકે જાણીતા છે. સહકાર ને વાણિજ્ય ક્ષેત્રે પણ સારો હિસ્સો આપ્યો છે.

ડૉ. રામકુમાર શર્મા : જાણીતા હિંદી સાહિત્યકાર, એકાંકી નાટકોના સફળ લેખક અને હિંદી સાહિત્ય અંગેના સંશોધનોમાં અમૂલ્ય ફાળો નોંધાવનાર. સાહિત્ય અંગે ઘણાં પારિતોષિક મેળવ્યાં છે.

સ્વ. રાહુલ સાંકૃત્યાયન : (જુઓ અંક ૪૭૩) અનેક ભાષાઓના જાણકાર અને અનેક પ્રમાણભૂત ગ્રંથોના રચયિતા. સાહિત્યના વિધવિધ ક્ષેત્રોમાંનું એમનું પ્રદાન ઘણું મૂલ્યવાન ગણાય છે.

આ ઉપરાંત આસામના લોકપ્રિય નેતા ને ઘણાં વરસથી રાજ્યના વિધવિધ ખાતાનાપ્રધાન તરીકે કામ કરતા આવેલા **શ્રી ઓ. કે. દાસ** તથા દિલ્હી વિદ્યાપીઠના રસાયણવિભાગના પ્રાધ્યાપક અને રસાયણ

પદ્મશ્રીનો ચન્દ્રક આ વર્ષે કુલ ૨૧ વ્યક્તિઓને આપવામાં આવ્યો છે. એમાંથી ૧૮ વ્યક્તિઓના ચિત્રો નીચે આપ્યાં છે.



અહીન્દ્ર ચૌધરી · બિશન માનસિંગ · મેલવિલ ડી' મેલો · બી. કે. ચાંદીવાલ · લેફ. કર્નલ ગ્રેગરી · રૅવ. લાકરા
(અભિનેતા) (આદર્શ ખેડૂત) (રેડિયો સમીક્ષક) (સમાજસેવક) (સંશોધક તબીબ) (સમાજસેવક)



કે. સી. જૌહરી · કૃષ્ણદેવનારાયણસિંહ · લીલા સુળગાંવકર · મેહબૂબખાન · મુશ્તાકઅલી · નાનીચંદ્ર બારડોલોઈ
(પોલિટિકલ અફસર) (કમિશનર–તેજપુર) (રક્તદાન ઝુંબેશ-કાર્યકર) (ફિલ્મ નિર્માતા) (ક્રિકેટપટુ) (માનસિક રોગ ચિકિત્સક)



પીલુ માણેકજી · પૂર્ણેન્દુ બેનરજી · રશીદ એ. સીદ્દિકી · એસ. કે. લાહિડી · સોરાબજી શ્રૉફ · સુમતકિશોર જૈન
(હોમગાર્ડ અફસર) (ચીનમાં હિંદી એલચી) (ઉર્દૂ લેખક) (સંશોધક) (નેત્રરોગ ચિકિત્સક) (બંધ નિષ્ણાત)

અંગેના ૫૦૦ જેટલા નિબંધોના લેખક **શ્રી ટી. આર. શેષાદ્રી**ને પણ પદ્મભૂષણના પદકનું માન અપાયું છે. એમનાં ચિત્રો પ્રાપ્ત ન હોઈ અહીં આપી શકાયાં નથી.

પદ્મશ્રી પદક કોઇ પણ ગણનાપાત્ર વિશિષ્ટ સેવા માટે આપવામાં આવે છે. આ વર્ષે નીચેની ૨૧ વ્યક્તિઓને એ આપવામાં આવ્યો છે: **શ્રી અહીન્દ્ર ચૌધરી** : બંગાળના ખ્યાતનામ નાટ્યકલાવિદ્; **બિશન માનસિંગ** : સૌથી વધુ પાક ઉગાડનાર આદર્શ ખેડૂત; **શ્રી મેલવિલ ડી' મેલો** : આકાશવાણીના પ્રસારક, વૃત્તાંતવાચક ને સમીક્ષક; **શ્રી બી. કે. ચાંદીવાલ** : ભારતસેવક સમાજની દિલ્હી શાખાના સમાજસેવક; **લેફ. કર્નલ જ્યોર્જ વિલિયમ ગ્રેગરી** : પ્રખ્યાત તબીબી સંશોધક અને પ્રાધ્યાપક; **રૅવરન્ડ જોએલ લાકરા** : બિહારના આદિવાસીઓના કાર્યકર્તા ને સામાજિક સેવક; **શ્રી કે. સી. જૌહરી** : બિામદ્રીલા ખાતેના પૉલિટિકલ ઑફિસર; **રાણા કૃષ્ણદેવ નારાયણ સિંહ**:તેજપુર ખાતે ડેપ્યુટી કમિશનર; **શ્રીમતી લીલા સુમંત સુળગાંવકર** : મુંબઈ ખાતે જવાનો માટે 'રક્તદાન' ઝુંબેશ ને 'બ્લડબૅંક'ના કાર્યમાં મહત્ત્વનો ફાળો આપનાર; **મેહબૂબખાન** : ફિલ્મનિર્માતા અને દિગ્દર્શક; **મુસ્તાકઅલી** : વિખ્યાત ક્રિકેટપટુ; **ડૉ. નાનીચંદ્ર બારડોલોઇ** : તેજપુરની માનસિક રોગોની ઑસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ; **શ્રીમતી પીલુ માણેકજી** : મુંબઈ મહિલા હોમગાર્ડના મુખ્ય નેતા; **પૂર્ણેન્દુકુમાર બેનરજી** : ચીનખાતેના હિંદી ચાર્જ દ અફેર્સ; **રશિદ અહમદ સીદ્દિકી** : ઉર્દૂ-સાહિત્યના ખ્યાતનામ લેખક; **શિશિરકુમાર લાહિડી** : દીવાદાંડી માટે નવા પ્રકાશક્ષેપકોના શોધક; **ડૉ. સોરાબજી પેસ્તનજી શ્રૉફ** : દિલ્હીની આંખની ઑસ્પિટલના સ્થાપક; **શ્રી સુમતકિશોર જૈન** : ઉત્તર પ્રદેશના બંધ-નિષ્ણાત ઈજનેર.

આ ઉપરાંત, કોયના વિદ્યુતયોજનાના મુખ્ય ઈજનેર **એન. જી. કે. મૂર્તિ**, નાગપ્રદેશના ત્યુએન્સંગ જિલ્લાના નાયબ કમિશનર **નૌશિર ફરામરોઝ સન્તોક** અને ત્યુતિગ ખાતેના મદદનીશ પૉલિટિકલ અધિકારી **શ્રી એસ. એસ. યાદવ**ને પણ પદ્મશ્રી પદક અપાયો છે. એમનાં ચિત્રો મળી શકયાં નથી.

રેવા વહુ

સ્મરણીય વ્યક્તિની સત્યકથાઓ [૧૫

મુકુન્દરાય વિજયશંકર પારાશર્ય

પ્રખ્યાત પુરાતત્ત્વવિદ્ પંડિત ભગવાનલાલ (ઈ.સ. ૧૮૩૯થી ૧૮૮૮)ના પિતા ઈન્દ્રજી. એ શાસ્ત્રી ઈન્દ્રજીના કાકા શાસ્ત્રી જેઠાલાલના કુટુંબની આ વાત છે.

શાસ્ત્રી જેઠાલાલના પિતા શાસ્ત્રી જગન્નાથ મૂળ પોરબંદરના. તેના ત્રણ પુત્રો : મુરારજી, અંબારામ અને જેઠાલાલ. ત્રણે ય ભાઇઓ વિદ્યા-સંપન્ન, શાસ્ત્રનિપુણ અને કર્મકાંડી હતા. જૂનાગઢના નાગરોના આ-ગ્રહને વશ થઈ મુરારજી તથા અંબારામ જૂનાગઢ જઇ વસ્યા અને જેઠાલાલ પોરબંદર જ રહ્યા.

ત્રણે ય ભાઇઓમાં જેઠાલાલ શાસ્ત્રી વધુ વિદ્યાવ્યાસંગી ને કાવ્ય-કોવિદ હતા. સંવત ૧૮૮૮માં તેમણે એક ગ્રંથ પણ લખેલો, જેની નોંધ શાસ્ત્રી દુર્ગાશંકર કેવળરામે લીધી છે. રાજ્યમાં તેમનું માન હતું. પોરબંદર, જામનગર, મોરબી, કચ્છ, વગેરે રાજ્યો તેમનો સારો સત્કાર કરતાં. પણ તેમની વિદ્વત્તા કરતાં તેમની ધર્મપરાયણતા અને સરળ-તાને કારણે તેમની સુવાસ ઘણી હતી. નિયમિત સારી આવકને અંગે જ્ઞાતિમાં સ્થિતિ પણ સારી ગણાતી, પરંતુ પતિપત્નીની ઉદારતાને કારણે પાસે સ્થાયી પૂંજી ન રહેતી.

એ શાસ્ત્રી જામનગર પરણેલા. પત્નીનું નામ મટીબાઈ. આ દંપ-તીને મોટી વયે સંતાનમાં એક પુત્ર થયો. પણ એ પુત્રમાં કુળની વિ-દ્વતાના કે બુદ્ધિક્ષમતાના ગુણો ન હતા. ભગવાનનો માણસ કહેવાય એવો સાવ ભોળો ને સમજહીન એ હતો. વળી બોલવામાં બહુ થોથ-રાતો. માતાપિતાએ ઘણા પ્રયત્ન કર્યા પણ છોકરો કંઈ યે ભણી ન શક્યો. તેમાં વળી સાતેક વર્ષની વયે, રસ્તામાં વીફરીને ભાગેલા બળદના પગ તળે આવી જતાં તે એક પગે સાવ લંગડો બની ગએલો. એ મરતાં બચી ગયો તે પ્રભુની કૃપા, એમ માનનાર માતપિતાને આ સંતાન બાબતનો સંતોષ ન હતો. એ છોકરાનું નામ ચતુર્ભુજ.

અપંગ છોકરાને નવડાવી મા તેને ઓસરીને ઓટલે બેસાડી દે. પડખે બે સુંડલી મૂકે. એકમાં હોય જાર, બીજીમાં હોય બાજરાનો લોટ. છોકરો પારેવાંને જાર નાખીને ચણાવે, ને જે કોઇ બ્રાહ્મણ આવે તેને ચપટી બે ચપટી લોટ આપે. સાંજે સીમમાંથી ગાય આવે ત્યારે માની ઓથે રહી ગાયને ને વાછરડાંને પૂળા ખવડાવી તેને હાથ ફેરવે.

અપંગ થયા પછી વળતે વર્ષે ચતુર્ભુજને જનોઈ આપી. એ પ્રસંગે મટીબાઇનાં બાળસહિયર પ્રભાકુંવર મોરબીથી આવેલાં. જામનગરમાં એ બંને એક પછીતે આવેલાં બે ઘરમાં પડખેપડખે રે'તાં, સાથે રમતાં, જમતાં, વ્રતો કરતાં. વર્ષોથી 'મટી'ને જોઇ ન હતી તેથી મળવા માટે જનોઈના આ પ્રસંગે તે આવ્યાં. મટીને મળી એ હરખથી રોઇ પડયાં. જેઠાલાલ શાસ્ત્રી પ્રત્યે આખા ગામનો ભાવ જોઇ સંતોષ પામ્યાં; પણ ચતુર્ભુજને જોઈ તેનું દિલ દુભાયું.

'મટી, તારો છોકરો અપંગ થયો તે ભારે થઈ!'

'ને સ્વભાવે જડભરત.' મટીબાઇએ કહ્યું.

'આ તો દેખીને દાઝવા જેવું થયું.' પ્રભાકુંવરે કહ્યું.

'હા. એમ થાય છે કે અમે માવતર કેટલાક દિ'? પછી આ છોકરો સાવ પરાધીન થશે. સૌનો ભગવાન છે; તો ય, હું તો કળજગની મા છું એટલે, થાય છે કે આનું શું થાશે?' કહી મટીબાઇ ઢીલાં થઇ ગયાં.

'પાછું, તારે બીજો દીકરો નથી; નહિતર ચિંતા ન રહે.'

'છતે દીકરે ડેલીએ તાળાં દેવાશે.' કહેતાં મટીબાઇને કમકમાં આવ્યાં.

'તાળાં નહિ દેવાય. આવા શાસ્ત્રીને ઘેર તાળાં ન હોય.'

'આને પોતાની દીકરી કોણ દે, બેન? ને પારકી દીકરીનો ભવ બગડે એમ મારાથી લેવાય પણ કેમ?' મટીબાઈએ કહ્યું.

'કેમ ન લેવાય? દે એની લેવાય.' પ્રભાકુંવરે કહ્યું ને ઉમેર્યું : 'હાલ્ય, મારી દીકરી રેવા તારા દીકરાને આપી, લે.'

'હં, હં! એવું ન બોલ! મારે એને પરણાવવો નથી. મારે મરતાં મરતાં કોઇના નિસાસા લેવા નથી.' મટીબાઈએ કહ્યું.

'હવે ના ન હોય, મારી જીભ કચરાઇ ગઈ.' પ્રભાકુંવરે કહ્યું.

'પણ મારે તારી દીકરી નથી લેવી.'

'મેં વચન દઇ દીધું. હવે તું ન લે તો મારી દીકરીને ગાળ ચોંટે. તું એટલી હદે જાઈશ? તારાથી મને ના ન કહેવાય.' પ્રભાકુંવરે કહ્યું.

'પણ તારા ઘરમાં તો પૂછ. ચદુરાયને પૂછ્યા વગર...'

'ઈ મને ના પાડે? એકાબીજાની હા જ હોયને? ઘરમના કામમાં ઈ ના નો કહે.'

ને આવી વાતચીતને અંતે, મટીબાઇ તથા તેનાં નણંદ-જેઠાણીને સમજાવી તે દ્વારા શાસ્ત્રી તથા તેના ભાઇઓને સમજાવી, પ્રભાકુંવરે પોતાની દીકરી રેવાનું સગપણ એ અપંગ જડભરત ચતુર્ભુજ સાથે કર્યું ને મોરબી પાછાં આવ્યાં.

એ વાત ઉપર બીજાં સાત વર્ષ ગયાં ને ચતુર્ભુજનાં રેવા સાથે લગ્ન થયાં.

પરણીને રેવા પિયર આવ્યા પછી એક વાર તેની બેનપણીઓએ 'રેવાનો વર લંગડો, રેવાનો વર લંગડો' કહીને ચીડવી અને તેથી રેવા ખૂબ રોઈ. ત્યારે રેવાની મા પ્રભાકુંવરે છોકરીઓને કહ્યું : 'ધણી લંગડો હોય કે માંદો, ગરીબ હોય કે ગાંડો, ધણીની સેવા કરી ઘર ઉજાળે એનું નામ સ્ત્રી. સ્ત્રીનો ધરમ સમજો ને પછી આ રેવા એના ધણીની કેવી સેવા કરે છે તે જોઇને બોલજો.'

આ પછી વર્ષે દોઢ વર્ષે આણું વળી રેવા સાસરે આવી. આવતાંની સાથે તેણે ઘરનો ભાર ઉપાડી લીધો. રેવામાંથી રેવાવહુ બની ગયાં.

દળણુંપાણી, છાણવાસીદું વગેરે કામ એ આનંદથી કરતાં. ચતુર્ભુજ-ને કપડાં પહેરીને બેસવાની ટેવ પાડી. સાસુને કહીને સસરાના કોઈ શિષ્ય સાથે લાકડીને ટેકેટેકે હવેલીએ દર્શન કરવા માટે સાંજે સાંજે મોકલવા માંડયો. આ કારણે, કે કોઇ બીજાં કારણે, ચતુર્ભુજમાં થોડીક પ્રસન્નતા દેખાવા લાગી. બહુ બુદ્ધિ આવી ગઈ એવું તો ન થયું, પણ સહુકોઇ પરિચતને એ તો દેખાઈ ગયું કે પહેલાંના ને પછીના ચતુ-ર્ભુજમાં ફેર થયો છે. પહેલાં એ ગમે તેવાં મેલાં કપડાં પહેરીને ઓ-સરીએ–ઓટે નીચે સૂઈ જતો, તે હવે પાથરણા વગર સૂતોબેસતો નથી. સ્વચ્છતાનો ખયાલ વધ્યો છે. ઘેર આવતાજતાંની સાથે થોડી ઘણી સરખી વાત કરે છે. જે શિખાબંધ ન રાખતો તે જાતે શિખાબંધ રાખે છે. શાસ્ત્રી પિતાને એ વાતનો હર્ષ થયો કે છોકરો ભલે અર્થ ન સમ-જતો પણ રોજ સવારે સૂર્યોદય પહેલાં નાહી, ઘરના ઠાકોરજી સામે બેસી ગાયત્રીની એક માળા કરે છે; ચંદન ઘસે છે. રોજ કંઈક નવો સુધારો છોકરામાં દેખાય છે તે પ્રતાપ વહુના છે, એમ એ કહેતા. ને

એ રેવાવહુ રોજ સાયંકાળે ઘરમાં દેવ પાસે દીવો મૂકી સાસુસસરાને પાયે પડતાં ત્યારે આંખમાં ઝળઝળિયાં ભરાઈ આવતાં અને ગદ્ગદિત થઈ શાસ્ત્રી કહેતા: 'વહુ બેટા! ઠાકોરજીને પગે લાગો છો એમાં અમે બેય આવી ગયાં. તમે અમારી લક્ષ્મીમાતા છો. બેટા, તમે પગે ન લાગો.' શાસ્ત્રી એને 'સુકન્યા' પણ કહેતા.

આ રેવાવહુ વ્રતો-ઉપવાસો બહુ કરતાં. જોકે તેનાથી તેનું શરીર લેવાઈ જતું. ઉત્તરોત્તર તેના મુખ પર પ્રસન્ન ગંભીરતા અને ઓજસ્ વધતાં જતાં હતાં. લગ્ન પછી દશબાર વર્ષને અંતે જોનારને 'આ એ જ રેવા?' એમ આશ્ચર્ય સાથે માન થતું, એવો ફેરફાર તેમાં થયો હતો.

આને લગ્ન પછી બાર વર્ષે રેવાવહુને સીમંત આવ્યું ને પુત્રજન્મ થયો. સુવાવડ પછી પિયરથી રેવાવહુ પાછાં આવ્યાં ત્યારે મટીબાઈએ શાસ્ત્રીના હાથમાં પૌત્રને મૂકતાં કહ્યું, 'લો, લક્ષ્મીજીના આશીર્વાદને રમાડો.'

જ્યારે નવરા હોય ત્યારે શાસ્ત્રીજી પૌત્રને રમાડતા; પણ એ જ્યારે પૂજામાં બેઠા હોય, શિષ્યોને ભણાવતા હોય કે શ્રવણ કરાવતા હોય ત્યારે તેની સામે ગોદડી નાખી તેમાં રેવાવહુ બાળકને સુવડાવી જતાં. એ બાળક અઢી વર્ષનો થયો ત્યારે શાસ્ત્રીજી અવસાન પામ્યા.

શાસ્ત્રીજીના કારજમાં તેમના ભત્રીજા ઇન્દ્રજીએ કહ્યું: 'કાકી, હવે જૂનાગઢ ચાલો. ત્યાં સહુ સાથે રે'શું તો ચતુર્ભુજને ગમશે.'

આનો નિર્ણય રેવાવહુએ લઇ સાસુને કહ્યું 'એ તો ગાય જેવા મૂંગા છે એટલે સમજાવી નહિ શકે, પણ આ ખોરડાં વગર એમનું દુઃખ હળવું નહિ થાય. અજાણ્યું રહેઠાણ એમને નહિ ગોઠે. ઓળખીતા આવ્યા કરે તેથી જીવ અહીં હળવો થશે. બાકી એ જે રીતે અહીં રહે છે તે ત્યાં નહિ બને. બાપદાદાનાં ખોરડાં તળે તમારા દીકરાનું કલ્યાણ જોઉં છું.'

વહુના વચને જૂનાગઢ જવાનો વિચાર પડતો મુકાયો.

શાસ્ત્રીજી ગયા એટલે રાજમાંથી આવક બંધ થઈ. પણ ચતુર્ભુજને તેની સમજ ન હતી. સવારે નાહીને એ ઓટે બેસે તે વખતે જારલોટથી ભરેલી બે સુંડલી પડખે તૈયાર હોય. એક સવારે અર્ધી સુંડલી લોટ જોઇ ચતુર્ભુજે કહ્યું: 'મા આખી સુંડલી આપો.'

માએ કહ્યું: 'બેટા, હવે તારા બાપ નથી. હવે પછેડી પ્રમાણે સોડ તાણતાં શીખ.'

વહુએ આ વાત સાંભળી સાસુને કહ્યું: 'જેણે આજ દિવસ સુધી આપણી રખેવાળી કરી છે એ ભગવાન હજી યે દઇ રે'શે. ભલે તમારો દીકરો દેતા હોય તેમ દે. એમનો જીવ દેવાથી રાજી રે' છે.'

પણ આપમેળે સ્થિતિ સમજીને બ્રાહ્મણો જ ઓછા આવવા લાગ્યા ત્યારે રેવાવહુએ આવનાર બ્રાહ્મણોને ફરી આવતા કર્યા. શાસ્ત્રીજીના સમયમાં બારસઅમાસે પાકાં સીધાં દેવાતાં તે દેવાયા કર્યાં. શાસ્ત્રીજીની વરસીમાં રાજ્ય તરફથી ફરી દરમાયો શરૂ થઈ ગયો.

ચતુર્ભુજના પુત્રનું નામ જગન્નાથ. એ બોલતાં શીખ્યો ત્યારથી રેવાવહુ તેને સંસ્કૃત શ્લોકો ને કવિતાઓ શીખવતાં, બોલાવતાં. રોજ પૂજા વખતે શાસ્ત્રીજી જે સ્તોત્રો બોલતા તે રેવાવહુએ સાંભળીને કંઠસ્થ કરી લીધેલા. તે વારસો તેણે જગન્નાથને જનોઈ દીધી તે પહેલાં આપી દીધો. જગન્નાથની જનોઈ પ્રસંગે પ્રભાકુંવર આવેલાં. તેને મટીબાઈએ કહ્યું: 'રોજ ચતુર્ભુજ પૂજા કરે તે ટાણે છોકરો સ્તોત્રો ભણે છે, એ કામ રેવાનાં છે. એટલે એ ઘરકામ કરતાં હોય ત્યાં માળામાંથી ઊઠીને મારું મન એને નમે છે. તારી તો એ દીકરી છે પણ મારી તો મા છે!'

એ પ્રસંગે ગામની થોડી સ્ત્રીઓ પ્રભાકુંવરને ખોળો પાથરી પગે પડી.

'બાઈયું, બેન્યું, તમે શું કામ પગે લાગો છો?' એમ પ્રભાકુંવરે પૂછ્યું ત્યારે તે સ્ત્રીઓએ કહ્યું: 'રેવાવહુ તો દેવી છે. તેનાં તમે જનેતા છો એટલે પગે લાગ્યાં. તમારાં દર્શન ક્યાંથી?!'

જગન્નાથની જનોઇ પ્રસંગે તેનું વેવિશાળ પણ થયું; ને થોડા માસ પછી મટીબાઈનું અવસાન થયું.

જગન્નાથને પહેલાં જૂનાગઢ ઈન્દ્રજી કાકા પાસે ને પછી મોરબી મોસાળમાં શાસ્ત્રી માહેશ્વર પાસે ભણવા મોકલેલો. એ મોરબી ભણતો ત્યારે રેવાબાઈ, મરે તો એ જ મરે એવાં માંદાં પડ્યાં. માંદી પત્નીની પથારીએ ચતુર્ભુજ બધો વખત બેસી રહેતા. સગાંવહાલાં હતાં તે તેને જમવાસૂવા જવા કહે તો યે ન ઊઠે. પત્નીના મંદવાડે એનું શરીર લેવાઇ ગયું હતું.

આ રાત નહિ કાઢે, માનીને સગાંસંબંધી બધાં જાગતાં બેઠાં હતાં. બીમાર પત્નીને ઓશીકે ચતુર્ભુજ બેઠા હતા. રેવાવહુએ પાણી માગ્યું. એ પાણી ટોતાં ટોતાં ચતુર્ભુજ રોઇ પડ્યા ને બે વખત બોલ્યા: 'તું મરીશ તો મારું શું થાશે?'

રેવાવહુ તેની સામે તાકી રહ્યાં. પછી હાથ જોડી આંખો મીંચી ગયાં ને થોડીવારે કહ્યું: 'હું નહિ મરું.'

ને એ મર્યાં નહિ. થોડા દિવસમાં હતાં તેવાં સાજાં થઈ ગયાં.

પછી તો અપંગ પતિને લઈ ગાડામાં બેસી તેણે દ્વારકા તથા પ્રભાસની યાત્રા કરી. જગન્નાથને પરણાવ્યો. ભણતર પૂરું કરી જગન્નાથ દાદા પેઠે શાસ્ત્રીપદું કરવા લાગ્યો ને વહુએ રેવાબાઇને માથેથી ઘરકામનો બોજો ઉપાડી લીધો.

એ પછી બેચાર વર્ષે ચતુર્ભુજ માંદા પડ્યા. મંદવાડ ભયંકર બન્યો. એક રાત્રે ચતુર્ભુજે કહ્યું: 'મને ઘણી વાર થાતું કે એકલું પાણી પી ભાગવત સપ્તાહ સાંભળું; પણ એ ન થયું. મારી વરસીમાં સપ્તાહ વંચાય ત્યારે મારાં અસ્થિને શ્રીમદ ભાગવતનાં દર્શન થાય તેમ ક્યાંક રાખજો ને પછી દ્વારકામાં પધરાવજો. છોકરો નાનો છે માટે તને કહું છું.'

ને ચતુર્ભુજ ગુજરી ગયા. રેવાબાઇ પણ સખત માંદાં થઈ ગયાં. ચાલતાં પડી જાય એવી અશક્તિ આવી ગઈ. પણ તેણે ઓટે બેસી બ્રાહ્મણોને લોટ આપવાનું પતિનું કામ ચાલુ રાખ્યું. એ લોટ તે જાતે દળતાં. જગન્નાથ જ્યારે પગે લાગીને દવા લેવા તથા આરામ કરવા કહેતો ત્યારે તે કે'તાં: 'બેટા, તું ચિંતા ન કર. મને કાંઈ નહિ થાય. હું જે કરું છું એ મારા મનના સંતોષ માટે આનંદથી કરું છું.'

અને ચતુર્ભુજની વરસીમાં જગન્નાથનાં અસ્થિ સંમુખે ભાગવતસપ્તાહ થઈ. પછી આખા કુટુંબને લઈ જગન્નાથ દ્વારકા ગયા ને પિતાનાં અસ્થિ પધરાવ્યાં. તે દિવસે બ્રહ્મભોજન કરાવ્યું. રાતમાં રેવાબાઇએ પુત્રને જગાડી કહ્યું: 'ઘેરથી ગંગાજળની લોટી લઇને આવી છું. આ લે. હવે હું જાઉં છું.' કહી તે થોડીવારમાં અવસાન પામ્યાં!

ગોમતીને ઓવારે રેવામાનો અગ્નિસંસ્કાર કરી તેનાં અસ્થિને પિતા પાછળ પધરાવીને જગન્નાથ પાછા પોરબંદર આવ્યા.

અનુસંધાન] જીવનપટનાં સ્મૃતિચિત્રો [પૃષ્ઠ ૩૩૦થી

તેથી તેઓ જ્યારે બહાર નીકળતા ત્યારે અમે તર્ક કરતા કે એ તો છોકરીઓ જ હશે, પણ લોકો હસે નહિ તે માટે છોકરાનો પોશાક પહેરી બહાર આવતી હશે. પણ તેઓને જ્યારે એકબીજાને નામ દઇને બોલાવતાં સાંભળ્યા ત્યારે ખાતરી થઈ કે તેઓ છોકરાઓ જ છે. (ચાલુ)

કલાવાર્તાં

ઠાકોરભાઇ પટેલ

પરિચયકાર: પ્રદ્યુમ્ન તન્ના

'છોડ! છોડ અલ્યા!... કહું છું છોડી દે પટલિયા!...છોડી દે...' કૃષ્ણકાંતે રાડ પાડી.


સાથળ સુધી કપાએલા જમણા પગની સમતુલા બગલઘોડીથી સાચવી, સ્વસ્થતાથી ઊભેલએ યુવાનનોદાઢીવાળો ભર્યોભર્યો ચહેરો હસી પડચો. એણે હાથની પકડ ઢીલી કરી.

'સા...! હાડકાં ભાંગી નાખત ને! કાંઇ જાલિમ હાથ છે તારો!' કહેતાં કૃષ્ણકાન્તે મારી ઓળખાણ કરાવી. એની બૂમો સાથે જ મને થએલું કે જોઉં તો ખરો કેવોક ભારે હાથ છે! ને હાથ મેળવતાવેંત મેં ભીંસ દીધી. એની આંખોમાં સમજનો ચમકાર ઝબકી ગયો. આછું હસી એણે ય પકડ મજબૂત કરી. દસેક પળ રસાકસી ચાલી કે મારાથી એક આછો સિસકારો નખાઇ ગયો. ને અમે બન્ને સાથે હસી પડચા. એણે હળવેથી હાથ છોડી દીધો.


સાતેક વર્ષ પહેલાં ઠાકોરભાઈ સાથેનો મારો એ પ્રથમ પરિચય.

બાળપણમાં ઓટલેથી પડી ગએલા ને પગ ભાંગ્યો. હાડવૈદે એ ઠીક બેસાડવામાં કંઈક ગરબડ કરી દીધી, તે એમાંથી સડો થયો. એ જતે દિવસે એટલી હદ સુધી વધી ગયો કે પગ કપાવવો પડચો! ત્યારની પેલી બગલઘોડી સાથે ને સાથે. (પણ એને ટેકે એવું સરસ ચાલતાં—અરે દોડતાં યે શીખી લીધું છે કે ઊપડી જતી બસ પણ પકડી લે! ને બગલઘોડી ઝાલીઝાલી હાથે ય એવો મજબૂત થઇ ગયો છે કે... એ તો ઉપર કહી દીધું!)

ઘણાંની જેમ નાનેથી જ ચીતરવા પ્રત્યે એમનું ખાસ વલણ નહિ. અન્ય વિષયોમાં યે કંઈક એવું! એકલિયો જીવ. રખડવું ખૂબ ગમે.




ગામ (સોજિત્રા) ને ગોંદરે તળાવકાંઠે કે દૂર-દૂર ખેતરોમાં ભમવા નીકળી પડે. ઘરનાં—ગામનાં યે સહુ એને ધૂની કહે.




એક દિ' શિક્ષકે એમના ચિતરામણ પર કંઈક ટીખળ કર્યું ને મનમાં થઈ આવ્યું કે આ કાંઈ ઠીક નહિ. જરા ધ્યાન દઇને ચીતરવા માંડચું. ડ્રોઇંગની એક સરકારી પરીક્ષા પણ આપી. બે વરસ રહીને બીજી દીધી. એમ કરતાં મૅટ્રિક લગી પહોંચ્યા. પણ પરીક્ષામાં સફળતા ન મળી. ભણવાનું મૂકી દીધું. એકાદ વરસ અહીં-તહીં રખડી ખાધું. એમના મામાને આ કાંઈ ગમ્યું નહિ. કહે, 'ગમે તે શીખ પણ આમ નાહકનો વખત બગાડ મા!' ને ભાણજાને અમદાવાદ લઇ ગયા. ચી. ન. વિદ્યાવિહારમાં દાખલ કર્યો, કલાકાર રસિકલાલ પરીખ પાસે ચિત્રકામ શીખવા.

બે વરસ કાઢયાં અમદાવાદમાં. ઘરનાં કોઇને આ ગમે નહિ. સૌ કહે આ ચીતરવા કરતાં કાંઈક બીજું શીખ. આમાં તો ભૂખે મરીશ. પણ સાંભળે તો 'ઠાકોર' શાના? રજામાં ગામ આવે ત્યારે ગામના જ એક ચિત્રકાર મિત્ર જેરામ પટેલ સાથે રખડવા નીકળે ને નતનવાં રેખાંકનો કરે. જેરામભાઇ મુંબાઈની કલાશાળામાં અભ્યાસ કરે, એટલે એમના સંગમાં અમદાવાદ છોડી મુંબાઇ આવ્યા; કલાશાળામાં જોડાવા, મૅટ્રિક થએલા નહિ એટલે પ્રવેશનો વાંધો પડચો. પણ કલાશાળાના ડીને એમનું કામ જોઈ એક અપવાદ તરીકે એમને દાખલ કર્યા. સવારના કારૂકલા (કમર્શિયલ આર્ટ્સ)ના વર્ગોમાં ય જવા માંડયું. હવે તો ચીતરવામાં એવો રસ પડચો કે દિવસો ક્યાં જતા રહેતા એની ખબ ન પડતી.

↑ઠાકોરભાઈના કરેલા ત્રણ સ્કેચ: મથાળે-બનારસનો ઘાટ. નીચે-ફળ વેચનારી, તદ્દન નીચે-કાશી શહેરનું એક દશ્ય, તેમનું કરેલું એક મોટું દશ્ય જુઓ પૃ. ૩૩૮ ઉપર








કટાક્ષ-કલાકાર લક્ષ્મણ

ભારતના ખ્યાત દૈનિક પત્ર 'ટાઈમ્સ ઑાવ ઇન્ડિયા'ના આ કટાક્ષ કલાકાર શ્રી આર. કે. લક્ષ્મણે (એમના પરિચય માટે જુઓ અંક ૩૪૧) પોતાની વેધક કલમ વડે હવે તો જગત્કીર્તિ મેળવી છે. તત્ત્વજ્ઞાન, અર્થકારણ ને રાજકારણની ઉપાધિ ધરાવતા દક્ષિણ ભારતના વતની શ્રી લક્ષ્મણે છેલ્લાં ચૌદેક વર્ષથી વર્તમાન ભારતીય જીવન પર પોતાનાં ચિત્રો દ્વારા જે ટીકા-વિવેચના આપ્યા કર્યા છે એ ક્યારેક કોઇને કડવી યે લાગે છે, છતાં સર્વને વ્યંગ અને રંગ પૂરા પાડવામાં એમની કલમ કદી અફળ નથી નીવડી. એમનાં વ્યંગચિત્રોનો મર્મ સચોટ અને વિષય મોટે ભાગે વર્તમાન પરિસ્થિતિઓને લગતો હોય છે. તેમાં એ રાજ્યસત્તા, રાજદ્વારી પક્ષો, અમલદારો, સમાજધુરિણો ને સામાન્ય પ્રજા સુદ્ધાં કોઇને બકાત રાખતા નથી. તેઓ કોઈ પણ પક્ષો અને વાદોથી અલિપ્ત રહેતા હોવાથી જ કદાચ એમનાં કટાક્ષચિત્રોને જન-સામાન્યમાં આટલી ચાહના મળી છે; અને પરિણામે હવે ખુદ લોકો પણ પોતાનાં દૂષણો પર હસતાં અચકાતા નથી. લક્ષ્મણ એમને એ શીખવે પણ છે. એ માટે એણે આજના 'સામાન્ય ભારતીય પ્રજાજન' (Common Man)નું એક પ્રતિનિધિ પાત્ર સર્જ્યું છે, જે રોજ દિવસ ઊગ્યે એમનાં કાર્ટૂનોમાં કોઈ ને કોઈ સંદર્ભમાં નજરે પડે છે. એ 'સામાન્ય માનવી'ના પાત્રની તસવીર અને તેની જે ઓળખ એમણે આ સાથેના ચિત્રમાં આપી છે, તે કેટકેટલું કહી જાય છે!



એમ ડિપ્લોમાની આખરી પરીક્ષા પાસ કરી–પહેલા વર્ગમાં! ને શાળાની 'ફેલોશિપ' મેળવી. પછી કારૂકલાનો ડિપ્લોમા પણ લીધો.


પહેલેથી જ રખડવાનો નાદ. વનવગડે ઘૂમે એટલે દૃશ્યચિત્રો તરફ સહજ રીતે રુચિ કેળવાઈ. આજ લગીમાં નિજી શૈલીએ ઘણાં દૃશ્ય-ચિત્રો કર્યાં છે; ઘણાં ઇનામો લીધાં છે; વેચ્યાં પણ ઘણાં. ઈ. ૧૯૬૦માં રાષ્ટ્રીય અદ્યતનકલા-સંગ્રહાલય (નૅશનલ મ્યૂઝિયમ ઑાવ મૉડર્ન આર્ટ) માટે એમનું એક દૃશ્યચિત્ર લલિત કલા અકાદમી તરફથી ખરીદાયું છે.

બારેખમ બગલથોડીને ઝાલી ફરનાર હાથે મુલાયમ પીછી યે વાપરી જાણે પણ અહીં એની વાત પૂરી થતી નથી. એ હાથ પાસે એક વધુ કસબ છે: વાંસળી વગાડવાનો! સોજિત્રામાં બાળપણનો એક ભેરુ સરસ વાંસળી વગાડતો. એની વાદે પોતે ય લાવ્યા. પછી વેળ-કવેળ કેવી? આમેય સૌ ધૂની તો કહેતાં જ. મન થાય કે નીકળી પડે ગામ બહાર, ને થાકે ત્યાં લગી વગાડ્યા કરે. જાતે જ ઠીકઠીક વગાડતાં શીખી લીધું.

મુંબાઈના કલાઅભ્યાસ દરમિયાન કેટલાક જાણીતા સંગીતવાદકોને સાંભળીને શાસ્ત્રીય સંગીત તરફ ઝોક વળ્યો. એમાંયે સ્વ. પન્નાલાલ ઘોષની 'બાંસુરી'એ તો એમને મુગ્ધ કરી દીધેલા. ત્યારની મનમાં ગાંઠ વાળી કે કોઈક દિવસ પણ એમની પાસે જઈ શીખવું છે. કહેશે એ કરીશ, પણ એમના જેવું વગાડતાં તો શીખવું જ છે. પણ એ મુરાદ બર આવે એ પહેલાં જ પન્નાબાબુ ઓચિંતાના ગુજરી ગયા! હવે? પણ એમની લગન કાચી નહોતી; ને એક દિવસ પન્નાબાબુના માનીતા શિષ્ય શ્રી રાસબિહારી દેસાઇ સાથે એમનો પરિચય થઇ ગયો. ને એમની પાસે શીખવા માંડ્યું.

તેઓ રોજ 'રિયાઝ' કરે તે એક ખૂણામાં બેસી સાંભળે ને પછી ઘેર આવી એ બધું વગાડવાનો યત્ન કરે. બીજે દિવસે એમને બધું વગાડી સંભળાવે. ભૂલ થતી હોય તો સુધારે.

ત્રણેક વર્ષથી અખિલ ભારતીય હાથશાળ ખાતાના 'રીસર્ચ સેન્ટર'માં ડિઝાઈનર તરીકે કામ કરે છે. વરસેક બનારસની શાળામાં કામ કરી આવ્યા (સાથે છાપેલાં રેખાંકનો ત્યાંના રહેવાસનો જ પરિપાક છે). હાલ પાછા બદલી થઈને મુંબાઇ આવ્યા છે. હવે તો બનાવટી પટા પહેરવા માંડ્યાં છે. અજાણ વ્યક્તિને સહેજે ખયાલ ના જાય એવી સ્વસ્થતાથી એનો વપરાશ કરતા થયા છે. વ્યવસાય બાદ બાકીનો સમય બે મનગમતા શોખ પાછળ. બન્નેમાં જ સરખો રસ, એટલે ક્યારેક ચીતરે, ક્યારેક વાંસળી વગાડે...ક્યારેક વાંસળી વગાડે, ક્યારેક......

મથાળે: કલાસંગ્રાહક હર્શહૉર્ન; જમણી બાજુ ઠાકોરભાઈ પટેલનું કરેલું એક દશ્યચિત્ર


એક અંગત કલા-સંગ્રહ


જાન્યુઆરી ૧૯૬૨માં હું જોસેફ હર્શહૉર્નને ત્યાં તેના ગ્રીનિચ (કનેકટિકટ)માંના ઘેર પહેલી વાર તેમનો કલાસંગ્રહ જોવા ગઈ ત્યારે ભારે વરસાદ પડેલો. તોપણ એ પાણીથી તરબતર પરિવેશમાં યે જે પ્રથમ છાપ પડી હતી તેનો પ્રભાવ ઓછો નહોતો. કારણકે તેમના ઘરની ચારેબાજુ હેન્રી મૂર, ડેવિડ સ્મિથ, ઝ્યાં કૉમ્તી લિપસિત્મ, રેગ બટલર, જૅકબ એપસ્ટાઇન અને બોરદેલ જેવા કલાસ્વામીઓનાં ધાતુ તેમજ પથ્થરનાં જે શિલ્પ જોવા મળ્યાં તે ઉદ્યાન તેમજ ઘર બન્ને જોડે સહજ રીતે ભળી જતાં હતાં.

ઉદ્યાન-વિથિઓમાંથી, દૂરથી, મોટા મોટર માર્ગ પરથી, ઘરની બારીઓમાંથી, એમ અનેક સ્થળેથી આ કલાકૃતિઓ જુદીજુદી અવસ્થામાં જોવાનો લાભ મળ્યો. ક્યારેક પ્રભાવશાળી જૂથમાં, ક્યારેક નજીકથી અવલોકન કરી શકાય તેમ. શ્રી હર્શહૉર્ને જાતે એ કૃતિઓની ગોઠવણી કરેલી, એટલે શિલ્પો ગોઠવવા માટે ઉદ્યાનમાં ઠેરઠેર ઊંચી પીઠિકાઓની જટાજાળ ત્યાં નહોતી.

અમેરિકાના એક અગ્રણી ઉદ્યોગપતિ તરીકે પંકાએલા હર્શહૉર્ન છ વર્ષની વયે લૅટવિયાથી આવેલા. તેમનાં વિધવા મા પાકેટબુક (Pocket-Book)ના કારખાનામાં કામ કરતાં. માની મદદમાં એ પણ બાર વર્ષની વયે કામે ચડી ગએલા. સત્તરમે વર્ષે તો તે ન્યૂ યૉર્કના કર્બ માર્કેટમાં દલાલ બની ચૂક્યા હતા. પછી

નીચે-ડાબી બાજુથી: (૧) શિલ્પી લીઓનાર્ડ બાસ્કિનનું કરેલું 'ઘૂવડ' (૨) જૉન નૅગ્નગનનું શિલ્પ 'ઇંડાનો વિજય'-ઇંડામાંથી નીકળતું બાલપંખી (૩) ડેવિડસ્મિથનું શિલ્પ 'ચોકીદાર'





સાંકેતિક લિપિઓ-૪] . . . શબ્દ પલ્લવી . . . [સુશીલા આર. પટેલ

આ 'શબ્દ-પલ્લવી'ની રચના 'અંક-પલ્લવી'ને મળતી જ છે. અંક-પલ્લવીમાં અંકોનું મહત્ત્વ છે, ત્યારે શબ્દ-પલ્લવીમાં એ અંકો જે શબ્દોમાં વ્યક્ત થાય છે તે શબ્દોનું મહત્ત્વ છે. સંસ્કૃત ને પ્રાકૃત સાહિત્યમાં છંદરચનાની અનુકૂળતા માટે અંકને બદલે એ અંકનો સંકેત સૂચવતો શબ્દ મૂકવામાં આવે છે. જેમકે

૦ શૂન્યને બદલે 'ખ'—એટલે આકાશ, ગગન, વ્યોમ, નભ, આભ વગેરે.

૧ એકને બદલે 'ચંદ્ર' અને ચંદ્રને વ્યક્ત કરતા બીજા શબ્દો જેવા કે સોમ, શશી, સુધાંશુ, વિધુ, ઈન્દુ વગેરે.

૨ બેને બદલે યુગ્મ, વૃંદ, યુગલ, દસ્રા (અશ્વિનો) ચક્ષુ, દૃષ્ટિ, અક્ષિ, બાહુ, કર, ભુજ, પાણિ, કુચ વગેરે.

૩ ત્રણને બદલે રામ, લોક, ભુવન, ગુણ, કાળ, અગ્નિ, શિખિ, હુતાશન, વૈશ્વાનર, દહન વગેરે.

૪ ચારને બદલે વેદ, શ્રુતિ, વર્ણ, આશ્રમ, યુગ વગેરે.

૫ પાંચને બદલે ભૂત, બાણ, શર, ઈષુ, વિષય, તત્ત્વ, પાંડવ, પ્રાણ વગેરે.

૬ છ માટે રસ, રાગ, ઋતુ, દર્શન વગેરે.

૭ સાતને બદલે પર્વત, નગ, શૈલ, અદ્રિ, ગિરિ, ઋષિ, મુનિ, વાર, સ્વર, સાગર, જલધિ વગેરે.

૮ આઠને બદલે વસુ, સર્પ, નાગ, સિદ્ધિ, ભૂતિ વગેરે.

૯ નવને બદલે નંદ, નિધિ, અંક વગેરે.

૧૦ દસ માટે દિક્, અંગુલિ, રાવણશિર.

૧૧ અગિયારને બદલે રુદ્ર, મહાદેવ, પશુપતિ, શિવ, અક્ષૌહિણી વગેરે.

૧૨ બારને બદલે સૂર્ય, રવિ, ભાનુ, આદિત્ય, માસ વગેરે.

આ રીતે અંકદર્શક શબ્દોનો ઉપયોગ શબ્દ-પલ્લવીમાં થાય છે. મે મહિનાના 'કુમાર'માં અંક-પલ્લવી માટે મૂળાક્ષરોનો જે નિયમ આપ્યો છે તે જ નિયમનો શબ્દ-પલ્લવીમાં ઉપયોગ થયો છે.

ઉદાહરણ તરીકે 'કુમાર' શબ્દમાં 'કુ' એ બીજા વર્ગના પહેલા અક્ષર સાથે પાંચમો સ્વર 'ઉ' જોડવાથી થયો છે; 'મા' છઠ્ઠા વર્ગના પાંચમા અક્ષર સાથે બીજો સ્વર 'આ' જોડવાથી થયો છે ને 'ર' એ સાતમા વર્ગના બીજા અક્ષર સાથે પહેલો સ્વર જોડવાથી બન્યો છે.

હવે શબ્દ-પલ્લવીની સાંકેતિક લિપિમાં જો 'કુમાર' શબ્દ જણાવવો હોય તો. 'ચક્ષુ ઈલા ભૂત, રસ તત્ત્વ વૃંદ, મુનિ અક્ષિ કુ' એમ લખાય. જુઓ—

ચક્ષુ	ઈલા	ભૂત
૨	૧	૫ = કુ
રસ	તત્ત્વ	વૃંદ
૬	૫	૨ = મા
મુનિ	અક્ષિ	કુ
૭	૨	૧ = ૨

પહેલો શબ્દ વર્ગનો અંક બતાવે છે, બીજો શબ્દ તે વર્ગનો કેટલામો અક્ષર છે તે જણાવે છે, અને ત્રીજો શબ્દ સ્વરનો અંક દર્શાવે છે. આપણા ઉદાહરણમાં ચક્ષુ શબ્દ બીજો વર્ગ બતાવે છે. જે 'ક' વર્ગ છે. ઈલા શબ્દ 'ક' વર્ગનો પહેલો અક્ષર ક બતાવે છે અને ભૂત શબ્દ પાંચમો ઉ સ્વર બતાવે છે. આ રીતે 'ચક્ષુ, ઈલા, ભૂત'એ શબ્દસમૂહ વડે 'કુ' અક્ષર જણાવી શકાય છે. સુજ્ઞ વાચકો આ ઉપરથી શબ્દ-પલ્લવીની રચનાને સમજી શકશે. આ શબ્દ-પલ્લવીનું વિસ્તૃત ઉદાહરણ આજથી દોઢસો વર્ષ પહેલાં લખાએલા 'પ્રવીણ સાગર' નામના એક રસમય ગ્રંથમાં ૨૦મી લહરના બીજા છંદમાં આપવામાં આવ્યું છે.

ધાતુની ખાણોના વ્યવસાયમાં ભારે સફળતા મેળવી. આજે એ લખપતિ છે.

છેલ્લાં ચાલીશેક વર્ષથી હર્શહૉર્ન સંગ્રહ કરતા થયા છે. કિંમતી ચિત્રકૃતિઓ અને શિલ્પ ખરીદવાં પોસાય તેમ નહોતું એ કાળે 'એચિંગ્સ' ખરીદવાથી એમણે શરૂઆત કરી. ત્યાર પછી ઓગણીસમી સદીના હેનર, બોગરો, ઈઝરાએલ્સ, લૅન્ડસીઅર જેવા જૂના કલાકારોની કૃતિઓ પસંદ કરતા. (બાળપણમાં પ્રુડેન્શ્યલ વીમા કંપનીનાં મફત વહેંચાતાં કૅલેન્ડરો પર જોએલી લૅન્ડસીઅર વગેરેની કૃતિઓથી આકર્ષાએલા તેનું એ પરિણામ.) પરંતુ ટૂંક સમયમાં જ આ રૂઢિચુસ્ત ચિત્રોથી કંટાળી એમણે કોઈની સલાહ કરતાં પોતાની જ વિવેકબુદ્ધિ પર વિશ્વાસ રાખી પસંદગી કરવા માંડી.

કદ, ગુણવત્તા અને વિપુલતા ત્રણે દૃષ્ટિએ હર્શહૉર્નનો સંગ્રહ મૂલ્યવાન છે. મોટાં મ્યૂઝિયમો પણ સ્પર્ધા ન કરી શકે તેવાં આધુનિક શિલ્પો એમની પાસે છે. અને એ તો, જે જળરંગી-તૈલરંગી ચિત્રો, આલેખનો-એચિંગો, પુરાવસ્તુઓ, દુનિયાભરના આદિવાસી કલાના નમૂના વગેરેનો વિશાળ સંગ્રહ એમની પાસે છે તેનો એક ભાગ માત્ર છે.

એમના એક દીવાનખાનામાંની કલાકૃતિઓની પણ જો નોંધ લઇએ તો આ સંગ્રાહકની વૈવિધ્યપૂર્ણ રુચિનો કંઈક ખયાલ આવે. માની ન શકાય એટલાં વિવિધ ચિત્રો અને શિલ્પ, પૌર્વાત્સ્ય દેશોના ગાલીચા, ઇંગ્લિશ ઍન્ટિક અને અમેરિકન રાચરચીલાં એકબીજાં સાથે તાલ મિલાવતાં ત્યાં જોવા મળે છે. અને આ બધું પાછું પોતે જ ખરીદેલું, તથા કોઈ નિષ્ણાતની મદદ વિના ગોઠવેલું. આ બધાની શી છાપ પડે છે વારુ? ન કોઈ મ્યૂઝિયમ જેવી કે ન તો કોઈ શ્રીમંતના મહાલયની, પરંતુ અનેક કલાકૃતિઓની વચ્ચોવચ્ચ સુખેથી નિવસીને તેમને માણી શકાય તેવી અંગત આત્મીયતાની છાપ અહીં ઝીલવા મળે છે.

ઓરડાના દૂરના છેડેથી શરૂ કરીએ તો 'મૅન્ટલપીસ' પર નાનાં વિરલ શિલ્પોના નમૂના જોવા મળેઃ ગેસ્ટન લેચેઈઝનું બા-રિલીફ; આફ્રિકાની અશાન્તિ કલાના બે નમૂના; પિકાસોનું 'ઘુવડ'; અમેરિકન કલાકાર જેઇમ્સ રોઝેટોનું ધાતુમાં ઢાળેલું મસ્તક; એકાદ ઉત્તમ એટ્રુસ્કન કૃતિ; અને સુંદર સાઈક્લેડિક કાષ્ઠ-કૃતિ. ઓરડાના બીજા વિભાગમાં પિકાસોનું બીજું શિલ્પ, ડી ક્રિફટ, બેઈઝરમેન, લિપસિન્ઝ, ઝયાં કોમ્તી, રોદાં, હેન્રી મૂર, માતીસ, નાડેલમેન અને બ્રાન્સીની કૃતિઓ પણ જોવા મળવાની. એમાં એકાદ ઇજિપ્શ્યન નાનું શિલ્પ (એફિજી) ને કેટલાં ય 'પ્રી-કોલમ્બીઅન' નમૂનાનો પણ સમાવેશ થાય છે.

કનેકટીકટના ઘરમાંના આ સંગ્રહ ઉપરાંત એમની ન્યૂ યૉર્કની ઑફિસમાં પણ કલાકૃતિઓના ઢગલેઢગલા હજુ પડયા છે. રીવાએરા પરના એમના હવા ખાવાના ઘરમાં, કૅનેડાની એમની બે ઑફિસો અને ટૉરોન્ટોના એમના ઘરે પણ કલાકૃતિઓ ભરી પડી છે. ઉપરાંત હાલના સંગ્રહનો મોટો ભાગ તો મૅનહટ્ટન (ન્યૂ યૉર્ક)ના ગોડાઉનમાં રાખવો પડે છે. હર્શહૉર્નની ઈચ્છા જતે દહાડે એક સ્થાયી મ્યૂઝિયમ બાંધવાની છે, જેથી એમના અવસાન પછી પણ આ પ્રવૃત્તિ વિકાસશીલ રહે.

મિ. હર્શહૉર્ન કહે છે કે 'જેમ ધંધામાં તેમજ કળામાં પણ તમારે વિશાળ ક્ષેત્ર કેળવવું રહ્યું. વાચન તથા મ્યૂઝિયમો અને ગૅલેરીઓની મુલાકાતો અને સતત ખોજનો પરિશ્રમ કલાસંગ્રાહકે કરવો જ પડે છે.

(શ્રીમતી કૅથેરીન કુહના લેખ પરથી: અનુવાદ સુનીલ કોઠારી)

સાહિત્યસંપર્ક

કવિતાનાં નવાં પ્રકાશનો

શાંત કોલાહલ (રાજેન્દ્ર શાહ): આપણા સુપ્રસિદ્ધ કવિનો આ પાંચમો કાવ્યસંગ્રહ છે. મુગ્ધ પ્રણયનું સુકોમલ ગાન અને ચિંતનસભર સાત્ત્વિકતા તેમજ પરિતૃપ્ત પ્રસન્નતા એ તો આ કવિનું વિશેષ લક્ષણ છે જ. આ પ્રાજ્ઞમુગ્ધ કવિને એનું આગવું દર્શન છે, જેને આગલા કાવ્યસંગ્રહો 'ધ્વનિ', 'આંદોલન' ને 'શ્રુતિ'એ સુંદર રીતે વહેતું કર્યું છે. પરંતુ અહીં એ જુદા સ્વરૂપે અભિવ્યક્તિ પામે છે. 'ક્ષણને આધાર', 'સ્વપ્ન', 'છલનિર્મલ', 'ફેરિયો ને ફક્કડ' વગેરે લાંબાં કાવ્યોમાં શૈલીના તેમજ કાવ્યવસ્તુના નવપ્રયોગો દેખાય છે. એક જ ઢાંચે લખવાને બદલે નવીનવી રીતે લખવામાં કવિ માત્ર સભાન જ નથી, પણ સમજપૂર્વક સજાગ પણ છે. એમાં એમના કલ્પનાઉડ્ડયનની વિવિધ દિશાઓ દેખાય છે. છતાં આ શૈલી પહેલેથી જ ચિત્તને આકર્ષી લેતી નથી. 'ધ્વનિ'નાં 'આયુષ્યના અવશેષે' કે 'શેષ અભિસાર' કાવ્યો જેવી જમાવટ અહીં નથી અનુભવાતી.

આ ઉપરાંત સંગ્રહની વિશેષતામાં આઠ રાગિણી–કાવ્યો કહી શકાય. આઠે રાગિણીઓનાં મુખ્ય લક્ષણો પર આધારિત એવાં સુરેખ કલમચિત્રોમાં કવિએ ગૃહિણીને જુદાજુદા પ્રહરોમાં અભિનવ સ્વરૂપે આલેખી છે. આમાં આશાવરીના સમય તેમજ સોહિણીના ભાવ અંગે પ્રશ્ન જાગે છે ખરો. પરંતુ કવિનાં આ આઠ સુગ્રથિત સૉનેટથી જાણે એક નવો કાવ્યપ્રદેશ ખૂલે છે.

ગીતવિભાગમાં આવી જ વિશેષતા 'વનવાસીનાં ગીતો'ની છે. લાકડાના વ્યવસાય જેવા શુષ્ક નીરસ કામમાંથી પણ એ સૂક્ષ્મ કવિદૃષ્ટિ આ ભાવસભર સૃષ્ટિની ભેટ પામી છે.

વર્તમાન રાષ્ટ્રીય કટોકટી પણ કવિહૃદયને સ્પર્શી છે. પરિણામે આપણને 'જાગ જાગ' જેવાં જુસ્સાભર્યાં કાવ્યો મળ્યાં છે. 'પુણ્યભારતભૂમિ' પણ એટલું જ સુગેય ને ચિરંતન મૂલ્યવાળું છે. જોકે એની કેટલીક સંસ્કૃતમય પંક્તિઓ સામાન્ય લોકકંઠ કેટલી સમજી શકે એ પ્રશ્ન છે. પરંતુ જ્યારે અનેક સિદ્ધહસ્ત કવિઓ પણ મૌન રાખી રહ્યા છે ત્યારે આ શક્તિશાળી કલમ રાષ્ટ્રના ધબકાર ઝીલે છે એ આનંદની વાત છે. કાવ્યોમાં યોગજ્ઞાનની છાયા એ પણ આ કવિની લાક્ષણિકતા છે.

ઉદ્‌ગાર (નલિન રાવળ): પોતાની આગવી અભિવ્યક્તિને લીધે આ નવયુવાન અને તેજસ્વી કવિ વાચકનું તરત ધ્યાન ખેંચે છે.

> 'ઠંડો ધીરો વ્હેતો વા,
> મીઠી કો હૈયાની હા.'

જેવી સરળમધુર કલ્પનાના આ રચયિતા 'આવું?' 'કવિનું મૃત્યુ', 'કામ', 'સવાર-૧' વગેરે કાવ્યોમાં ખૂબ મુલાયમ અનુભૂતિની પ્રતીતિ કરાવે છે. 'એક વૃદ્ધાની સાંજ', 'મધ્યાહ્ન', 'રસ્તા', 'પાનખર' આદિમાં સંવેદનની તીવ્રતા છે. આધુનિક પ્રયોગશીલ કવિતાની અસર પણ કવિ પર છે. પરિણામે આપણને અવનવાં પ્રતીકો (અલબત્ત, છંદોબદ્ધ રીતે) મળે છે. એમાંથી કેટલાંક મનને ખૂંચે પણ છે. 'ઉદ્વેગ'માં આવો કૈંક અનુભવ થાય છે. છતાં બીજા ઘણાની પેઠે નવીનતાના મોહમાં કાવ્યવિવેક તથા સરળતા કવિએ ભાગ્યે જ ખોયાં છે.

મહેરામણ (ચંદ્રકાન્ત ટોપીવાળા): અત્યાર સુધી અપ્રસિદ્ધ એવા આ નવા પણ શક્તિશાળી કવિ એક ઘડાએલી કલમે એમની સાધનાનું પરિપકવ ફળ 'મહેરામણ'માં અર્પે છે. ભાવની મુલાયમતા—જેવી કે

> 'અંગેઅંગ તને રાતરાણી
> એની ગંધની ચોળે પીઠી.'

—અને શૈલીની મધુરતા દ્વારા 'મહેરામણ' રોચક થયો છે. અનેક કાવ્યમય કલ્પનાઓથી સભર આ કવિ પર જોકે અન્ય અસર વરતાઈ આવે છે. સાગર-કાવ્યોમાં તેમ જ અન્યત્ર એ છાયાથી આવા શક્તિશાળી કવિની મૌલિકતા છોવાતી તો નથી ને?

અંતરીક્ષ (પ્રબોધ ભટ્ટ) એક પ્રૌઢ કવિનાં આ કાવ્યોમાં એમની સાચા હૃદયની ઊર્મિનું દર્શન છે. કવિ પોતે કહે છે તેમ આધુનિક અભિરુચિ આથી પરિતૃપ્ત ન પણ થાય. પરંતુ

શબ્દકથા

આ સ્થળે નિયમિત આવતી શબ્દકથાઓમાં કેટલીક નવી ઉમેરીને કુલ ૧૪૫ શબ્દકથાઓને પદ્ધતિસરના ૯ વિભાગમાં વહેંચી લેખકે સ્વાતિ પ્રકાશન (૨૨૯ સૅમ્યુઅલ સ્ટ્રીટ મુંબાઇ –૩) દ્વારા પુસ્તકાકારે પ્રકટ કરી છે (રૂ. ૩ાા). તેમાંના પહેલા વિભાગના પ્રવેશક લેખમાંથી લીધેલું નીચેનું અવતરણ, આ વિષયમાં રસ ધરાવનારને એ પુસ્તક વસાવવા પ્રેરશે.

બે જુદીજુદી સંસ્કૃતિનું મિલન થતાં અનેક રીતરિવાજો, રહેણીકરણીઓ ને ચીજવસ્તુઓની પેઠે શબ્દો ને સંજ્ઞાઓની પણ આપ-લે થાય જ. અહીંની સંસ્કૃતિ પર મુસ્લિમ સંપર્કની પડેલી ઊંડી અસરની કથા તો ગુજરાતી ભાષા શતશત મુખે કહી રહી છે. રાજ્યવહીવટ ને કાયદાકાનૂન, પહેરવેશ ને ખાનપાન, બાંધકામ ને લશ્કરસરંજામ, રમતગમત ને મોજશૉખ, ધંધારોજગાર ને હુન્નરકળા એમ જીવનનાં અનેક ક્ષેત્રોના શબ્દો ફારસીમાંથી ગુજરાતીમાં પ્રવેશ્યા છે. ફારસીભાષી મુસ્લિમોએ જ આપણને 'જલેબી' 'બરફી' 'હલવો' 'બિરંજ' ને 'શીરો' એ લોકપ્રિય મિઠાઇઓ અને મિષ્ટાનો આપ્યાં. અને જ્યારે 'અંદર' 'તરફ' 'જુદું' 'જરૂર' 'નક્કી' 'બાકી' 'જરા' 'ખૂબ' 'સિવાય' 'રોજ' 'જલદી' 'સાદું' 'બરાબર' 'ફક્ત' 'અસલ' 'ગરીબ' 'મજૂર' 'મોદી' 'દાણો' 'રસ્તો' 'વખત' 'ચીજ' 'જણસ' 'જગ્યા' વગેરે જેવા, અત્યંત જાણીતી વસ્તુઓ ભાવો ને સંબંધોને વ્યક્ત કરતા ફારસી-અરબી મૂળના થોકબંધ શબ્દો રોજના સાવ સામાન્ય વપરાશના ગુજરાતીમાં પ્રચલિત બનેલા છે એમ આપણે જાણીએ, ત્યારે ફારસીના અત્યંત વ્યાપક પ્રભાવનો આપણને કંઈક ખયાલ આવે.

ગિલ્લીદંડાની રમતમાં, અંતર માપવામાં વકટ, લેણ, મૂંડ, નાર, આંખ વગેરે શબ્દો 'એક', 'બે', 'ત્રણ', 'ચાર', 'પાંચ' વગેરે અર્થમાં વપરાય છે. આ શબ્દો મૂળ તેલુગુ ને કન્નડ ભાષાના સંખ્યાવાચકો છે. આ ઉપરથી સમજાય છે કે મૂળ એ રમત દ્રાવિડ પ્રદેશની અને ત્યાંથી આપણે ત્યાં આવી. દ્રાવિડ મૂળના બીજા કેટલાક શબ્દો પણ ગુજરાતીમાં ભળી ગયા છે: 'આખલો', 'ઓળગ', 'ઓપ', 'કંડારવું', 'કરડુ', 'કળવું', 'કાલવવું', 'કેળવવું', 'ખરડવું', 'ગુડી', 'ચંપલ', 'ચાટવો', 'ચીડ', 'ચીનુ', 'ચેલો', 'પીલુ', 'બાવના' (ચંદન), 'ભૂંસવું', 'સગડ', 'હાઉ' વગેરે. પોર્ટુગીઝ લોકોનો સોએક વરસ સુધી ભારત સાથે વિશિષ્ટ સંપર્ક રહ્યો. તેમની ભાષામાંથી 'બાલદી' 'બંબો' 'પીપ' ને 'બૂચ' એ ઘરવપરાશની ચીજોના, 'ઇસકોતરો' 'અલમારી' 'મેજ' 'મિસ્ત્રી' ને 'મિજાગરું' એ રાચ અને સુથારકામના, તેમ જ 'લિલામ' 'લવાદ' 'તુરંગ' 'પુરાવો' ને 'પુરવાર' એ કાયદાકાનૂનના શબ્દો આવ્યા છે. આ જ પ્રમાણે મરાઠી, હિંદી કે વ્રજ અને વિશેષ તો અંગ્રેજી પ્રભાવના દ્યોતક સંખ્યાબંધ શબ્દો કે પ્રયોગો ગુજરાતીમાંથી તારવી શકાય.

એમનાં કાવ્યોનો સહજ સરળ ઉદ્‌ભવ એને હૃદયસ્પર્શી કરી શકે છે. જેમ કે,

તવ એ શુચિ-દર્શનોત્સુક
ધસી આવ્યો તમ પાસ બાળ ત્યાં,
ભરી એ નયને નરી ચિંતા,
તમને કેમ જવું ગમ્યું, પિતા!

કેટલાંક કાવ્યોમાં લાઘવ જળવાયું હોત અને કેટલાંક ગીતોમાં લાલિત્ય જામ્યું હોત તો આ સરસ સંગ્રહ સ્મરણીય પણ બની જાત.

વાતાયન (ચિનુ મોદી): અદ્યતન પ્રયોગશીલ કવિતાના માર્ગ પર લઈ જતો આ સંગ્રહ એની નવીનતા તેમ જ વિચિત્રતા બંને લઈને આવે છે. જોકે જીવનને સીધેસીધું ઝડપી લઈને નવાં જ પ્રતીકો દ્વારા પ્રતિબિમ્બિત કરવાની એની શક્તિ આપણને પહેલી આકર્ષે છે. ઑસ્પિટલના સ્તબ્ધશૂન્ય ઓરડાનું વર્ણન કરતાં કવિ સચોટ કલમે આલેખે છે કે

'પથારી તો ચોખ્ખી
—હૃદય સરખી શૂન્ય પણ—
અને
પલંગે પોઢેલી
દરદી થઇને શાંતિ કણસે.

'જનાવર', 'ચાર દશ્યો' આદિમાં કૈંક અકારણ વિચિત્રતા અનુભવાય છે, જ્યારે 'નવા ફ્લૅટમાં પ્રથમ દિવસે', 'ખાલી કરેલું ઘર દૂરથી જોતાં', 'અજાણ્યા આ શ્હેરે', 'લૂને લય' વગેરેમાં કવિની મધુર સંવેદનશીલતા દ્વારા એમનો આહ્‌લાદક પરિચય આપણને તૃપ્ત કરે છે. કેટલીક વાર કાવ્યપંક્તિના અનેક કટકા થતાં એનું રચનાસાતત્ય તૂટતું લાગે છે. એ વાતનો આગ્રહ ન રાખ્યો હોત તો કેટલું સારું થાત!

વળાંક ('આદિલ' મનસૂરી): ગઝલ પર સિદ્ધહથોટી ધરાવતી આ કલમે અહીં ચાંદની, તારલા, વરસાદ, ખુશ્બૂ વગેરેને સૂક્ષ્મ કલ્પનાઓથી મઢયાં છે.

'લઇ જાય છે સુગંધ હવા એ વિચારથી,
ફૂલો દબાઇ જાય ના ખુશ્બૂના ભારથી.'

ની મુલાયમતા, અને

'આભના વધતા જતા રંજાડથી ત્રાસી જઇ
છેવટે ધરતી ઉપર પડતું મૂકે છે તારલા.'

ની નવીનતા એમની ઉમદા કાવ્યશક્તિનો અચ્છો પરિચય કરાવે છે. પણ

'તું બોલાવ્યા વગર આવે તો સારું,
મને તારી જરૂરત તો પડી છે.'

જેવી સામાન્ય ગઝલો ચાળી લીધી હોત તો? કવિનાં મુક્તકોનો ચમકાર પણ આકર્ષક છે.

આકૃતિ (મનહર મોદી): 'તને સંબોધી તો...' જેવા ભાવાર્દ્ર કાવ્યથી શરૂ થતો આ સંગ્રહ 'વિયોગ' અને 'તમોને' જેવાં મઝાનાં મુક્તકો આપીને ધીમેકથી સામાન્ય (અને કયારેક શુષ્ક) ગઝલોમાં સરી પડે છે. જોકે વરસાદની વાત કરતાં

'વરસાદ વરસ્યો
વિસ્મૃતિનો એક કેવળ જે હતો ટેકો, ખસ્યો
ને અમારું ઘર પડયું.'

કહીને કવિ હૃદયને સ્પર્શી જાય છે, તો 'પ્રથમ વાર', 'સફર ત્યાં સુધી' 'દુનિયાને ઘરમાં' જેવી ગઝલોમાં કોઇ વિશેષતા, આકર્ષતી નથી. આ આશાસ્પદ કવિ પાસેથી વધુ કલ્પનાસમૃદ્ધિ ને વૈવિધ્યની અપેક્ષા રહે છે. 'કાવ્યસંગ્રહ પ્રગટ કરવા માટે સાધનાની વધુ પરિપકવ ભૂમિકા આવશ્યક નથી?' એવો પ્રશ્ન આજના લગભગ મોટાભાગના કવિઓને પૂછવાનું મન થાય છે.

'વળાંક' 'આકૃતિ' ને 'વાતાયન' એ ત્રણે સંગ્રહો માટે એમ કહેવાનું મન થાય છે કે આટલા નાના સંગ્રહો કવિના સઘન પરિચય આપવામાં કંઇક ઓછા પડે છે. મન પર ચિરસ્મરણીય છાપ મૂકવા માટ થોડુંક દળદાર હોવું (અલબત્ત પાણીદાર કાવ્યોથી જ) પણ આવશ્યક છે. વળી એના મુખપૃષ્ઠના ચિત્ર અને અંદરના પાનાના આંખે વાગે એવા રંગની કળાદષ્ટિ સમજી શકાતી નથી.

આંસુ ને ચાંદરણું (રાધેશ્યામ શર્મા): ખૂબ ચર્ચાસ્પદ બનલાં આધુનિક પ્રયોગશીલ કાવતાનું સારું ઉદાહરણ આ સગ્રહ પૂરુ પાડેછે. માત્ર ત્રણ મહિનાના ગાળામા લખેલી રચનાઓ અહીં સંગ્રહિત થઇ છે. બધી રચનાઓ અછાંદસ્ છે એમ કવિ કહે છે, પરંતુ 'કંટાળો'માં છંદ સચવાયો છે એ આ કવિની જાણ બહાર હશે? 'વિરોધાભાસ' જેવા કોઇક કાવ્ય સિવાય લગભગ બધે કાવ્યતત્ત્વ શોધવા ફાંફા મારવાં પડે એવી પરિસ્થિતિ કવિએ જાણીબૂઝીને કરી લાગે છે. કાવ્ય જેટલું દુર્બોધ, વિચિત્ર ન જુગુપ્સક બને તેટલો કવિને વધુ આનંદ આવતો હશે કે શું? કબર, શબ, લોહી, લપકારા મારતી જીભ વગેરે ભયાનક તથા 'રજસ્વલા રાત', 'ભૂખરી છત તળે'નું 'વિરાટ સૂતિકા ગૃહ' તથા 'તપેલા લાલચોળ સૂર્યની વેણનીયાતના' જેવાં અવનવાં પ્રતીકો! વાસ્તવિકતાને નામે એ ખાબોચિયાં મનસ્વીરીતે ડોળવાથી જ કવિતા થતી હશે? 'સૂર્યનું શબ' કવિને શા માટે વારંવાર દેખાય કરતું હશે? પ્રયોગો પ્રત્યે યથાશક્તિ સહાનુભૂતિ દાખવવા છતાં કોણ જાણે કેમ આ 'કાવ્યો' આકર્ષક બની શકતાં જ નથી.

પરિવેશ ('દીપક' બારડોલીકર)

પછી કાં ખૂબસૂરત આ જહાં
નહિ 'દીપક',
અડી ગઈ છે નયનને રૂપસુરમાની
સળી પાછી!

આવી નાજુક કલ્પનાનો કવિ મુખ્યત્વે ઇશ્કનો ગાનાર છે. 'કસુંબલ આંખડી' કવિનું વિશેષ ધ્યાન ખેંચે છે. પરિણામે આટલા નાનકડા સંગ્રહમાં પણ વિચારોનું પુનરાવર્તન ઘણું થાય છે. 'સિતમની શૃંખલા' જેવા કાવ્યથી કૈંક વૈવિધ્ય પ્રાપ્ત થાય છે, પરંતુ હજી વધુ વિષયવૈવિધ્ય ને ચોટદાર અભિવ્યક્તિની આશા પૂરે એવું ઈચ્છીએ.

તુષાર (નાઝિર દેખૈયા):

રહે જેનાથી અણનમ શીશ મુજને
એ નમન દેજે.

જેવી ખુમારીભરી ગઝલો લખનાર કવિ પાસે હૃદયસ્પર્શી નિખાલસ શૈલી છે; મોઘમ ઇશારે ઘણું સૂચવી જનાર પાણીદાર ગઝલો 'તુષાર'ને સુંદર ચમકાર આપે છે; એટલે આ કવિ પાસેથી સરળ ને વેધક ગઝલો વધારે મળે એવી આશા રહે જ.

ગીતિકા (નટુ ઉમતિયા) લયમંજુલ ગીતોથી ગુંજતા 'ગીતિકા' આ નવકવિને સાહિત્ય ક્ષેત્રે ઘટતું સ્થાન અપાવે એવી છે. આ સહૃદય સાહિત્યસર્જક પાસે સ્વાભાવિક ઉદ્‌ભવતી કલ્પનાઓ તથા નાજુક અભિવ્યક્તિ છે. અન્ય કવિઓની છાયામાંથી મુક્ત થઇને નિજની મૌલિકતા હજી વધે એટલી આશા રાખીએ.

સુરખી (જતીન્દ્ર આચાર્ય): આ નાનકડા સંગ્રહમા કવિ છેલ્લા પાંચ વર્ષમાં લખેલી કૃતિઓમાંથી ત્રીસેક રજૂ કરે છે. મુગ્ધ પ્રણયનાં ગીતોમાં તેઓ ખૂબ ખીલે છે. 'વહુવર'નો સંવાદ આહ્લાદક છે. એમના ગરબાના લાલિત્યને પડછે છાંદસ્ રચનાઓ મોળી લાગે છે.

મેહુલિયો (જયંતીલાલ દવે 'વિશ્વરથ'): આ શિક્ષક-કવિના વર્ષો સુધીના બાળસહવાસને પરિણામે બાળકો ને કિશોરો માણી શકે એવો આ ગીતસંગ્રહ તૈયાર થયો છે. ચંદ્ર, ફૂલ, પંખીડાં જેવી બાલભોગ્ય કલ્પનાઓને એમણે લલિત લયકારી આપી છે. 'તીરથ કરવા આવોને' અને 'તું સાંભળ મારી વાત' જેવી હળવી રમૂજ આનંદદાયક છે. બાળકના સંસ્કાર-ઘડતરમાં આવા સંગ્રહો અવશ્ય સહાયરૂપ થઈ શકે. આ સંગ્રહને રાજ્યસરકારનો રૂ. ૧૦૦૦)નો પુરસ્કાર પણ મળ્યો છે.

કાગવાણી ભાગ ૧ થી ૩ (દુલા કાગ): ત્રણ દળદાર પુસ્તકોમાં પ્રકટ થએલી, નામી ભક્તકવિ કાગની વાણીને શ્રી ઝવેરચંદ મેઘાણી તથા પંડિત સુખલાલજીનું પ્રોત્સાહન મળ્યું છે. કવિના બુલંદ કંઠે આ ચારણી શૈલીએ રચેલાં ભજનોને લોકહૃદયમાં વર્ષોથી પ્રતિષ્ઠિત

કર્યાં છે. એના કાવ્યતત્ત્વને એમના સૂરે પ્રાણ આપ્યો છે. સોરઠી લોકજીવનની ઘણી કથાઓને એમણે ભાવભર્યો કાવ્યદેહ આપ્યો છે. ઉપરાંત એમણે પ્રભુભક્તિ તેમ જ દેશભક્તિ પર ગીતો લખીને નવા વિચારો સાથે સૂર મિલાવ્યો છે. જોકે 'વિકરાળ ચામુંડા' જેવાં કેટલાંક કાવ્યોમાં એમના શબ્દોનો ખખડાટ કાવ્ય તેમ જ સંગીતને હાનિ પહોંચાડે છે. વળી સંગીત તત્ત્વ દૂર કરતાં કેટલાંક કાવ્યો સ્વતંત્રપણે ટકવાં મુશ્કેલ પણ લાગે છે. છતાં આપણા લોકજીવનને પોતાની વિશિષ્ટ રીતે સાહિત્યમાં પ્રતિબિમ્બિત કરનાર આ કવિનો ફાળો ચિરંજીવ રહેશે એમાં શંકા નથી.

રાસમાધુરી (સંપાદકો–નટવરલાલ ચૂ. દેસાઇ અને 'શાન્તમ'): ગરબા-રાસ એ ગુજરાતનું લોકપ્રિય સંસ્કારધન છે યુગેયુગે કવિઓ પોતપોતાની રુચિઅનુસાર એને વિકસાવતા રહ્યા છે. એમાંની લોકભોગ્ય રચનાઓ આપોઆપ કંઠેકંઠે વહેવા માંડે છે. આજના વિદ્યમાન પ્રસિદ્ધ (તેમજ અપ્રસિદ્ધ) કવિઓની આવી મધુર કૃતિઓ અહીં એકત્રિત થતાં રાસપ્રિય બહેનો તેમ જ કાવ્યરસિકોને એક મૂલ્યવાન સંગ્રહ પ્રાપ્ત થાય છે. ગીતોની પસંદગીનું ધોરણ ઊંચું ને શિષ્ટ છે. સર્વશ્રી બાલમુકુન્દ દવે, વેણીભાઈ પુરોહિત, રાજેન્દ્ર શાહ, પ્રદ્યુમ્ન તન્ના, સુરેશ દલાલ જેવા આધુનિક કવિઓનાં ગીતો અગાઉના સંગ્રહોમાં ભાગ્યે જ પ્રગટ થયાં હશે. એટલે આ સંગ્રહને મળેલું વિશિષ્ટ સ્થાન એવી જ મીઠી હલકે ઝીલાશે તો એ લલિત ગીતોની સાર્થકતા ઓર વધશે.

રાગરૂપાવલિ (કવિચિત્રકાર ફૂલચંદભાઈ ઝવેરદાસ શાહ): કાવ્ય, સંગીત અને ચિત્રકળાની સંયુક્ત સાધના કરનાર કવિના આ પુસ્તકમાં સંગીતની શાસ્ત્રીય માહિતી પદ્ધતિસર આપવામાં આવી છે. પણ સંગીતના આ પુસ્તકની વિશેષતા એના કાવ્ય-માધ્યમની છે. અહીં અનુષ્ટુપ, દોહરા વગેરે છંદમાં નાદ, શ્રુતિ, જાતિ, સ્વર તથા રાગ-રાગિણીનો સ્પષ્ટ ખયાલ આપ્યો છે. સુપ્રસિદ્ધ તેમ જ અપ્રસિદ્ધ રાગોનો એકએક દોહરામાં પરિચય કરાવવામાં કવિનું લાઘવ અર્થસભર છે.

બાપુ–એક ખંડકાવ્ય (નર્મદાશંકર બાલાશંકર પંડ્યા): એક મહાકાવ્ય સમું ભવ્ય જીવન જીવી જનાર ગાંધીજીએ અનેક કવિઓને ગાતા કર્યા છે. શ્રી નર્મદાશંકર પંડ્યા એમાંના એક ભાવક કવિ છે. લોકહૃદયમાં ઝિલાએલા બાપુના પ્રતિબિમ્બને એમણે શિષ્ટ સરળ ને પ્રવાહી અભિવ્યક્તિ આપી છે. જોકે આ લાંબા કાવ્યમાં કાવ્યતત્ત્વ સમગ્રપણે સચવાયું નથી, છતાં કવિસહજ ઉલ્લાસ ને વિચારની પ્રૌઢતા જોતાં એ ક્ષમ્ય બને છે.

રંગદીપ (ત્રિલોક દેસાઈ): રંગભૂમિને લક્ષમાં રાખીને લખેલાં દૃશ્યગીતો તથા સંગીતકોનો આ સંગ્રહ માત્ર સામાન્ય કાવ્યરુચિને સંતોષે એવો છે. એ સરળ ગીતો એના સૂરોને લીધે લોકપ્રિય થતાં હશે, પરંતુ કાવ્યતત્ત્વની દૃષ્ટિએ એમાં શાશ્વત મૂલ્ય ઘણું ઓછું લાગે છે. ગીતને ભજવવાની દૃષ્ટિએ આ પુસ્તકમાં દરેક ગીત સાથે દૃશ્યનિરૂપણની લાંબી સૂચનાઓ આપી છે. આમાં લેખકની ઝીણવટભરી મહેનત ગણનાપાત્ર છે, પરંતુ ગીતરચનાઓ સ્વયં ચોટદાર હોય તો એ જ્ઞાન અને મહેનત વધુ અસરકારક થાય.

યુદ્ધગીતોના સંગ્રહો

વર્તમાન ભારતીય કટોકટીને અનુલક્ષીને સામાન્યથી માંડી વિશિષ્ટ કાવ્યશક્તિએ જે કંઈ ગાયું છે તે વિવિધ પુસ્તિકાઓમાં પ્રગટ થયું છે. આમાં નાનુભાઈ નાયકનાં **'યુદ્ધગીતો'** અનિરુદ્ધ પરીખની **'રણભેરી'** તથા વિજયશંકર ભટ્ટના **'લલકાર'** જેવી પ્રાસંગિકતા ધરાવતી કૃતિઓ પણ છે. એમાં પણ જોકે કેટલીક જુસ્સાદાર પંક્તિઓ સરી આવી છે ખરી. અને વિશેષ સનાતન કાવ્યતત્ત્વની આશા અહીં અસ્થાને પણ છે.

તદુપરાંત ગુજરાતી સાહિત્યમાં ચિરસ્મરણીય બનેલાં શૌર્યગીતોને મહાકવિ ન્હાનાલાલ સ્મારક સમિતિએ નીચે મુજબ સંગ્રહિત કર્યાં છે: **યુદ્ધકાવ્યો** (ન્હાનાલાલ દલપતરામ કવિ), **કસુંબીનો રંગ** (ઝવેરચંદ મેઘાણી), **શંખનાદ** (વીર કવિ નર્મદ) અને **રણહાક** (અરદેશર ફરામજી ખબરદાર).

આવા સુપ્રસિદ્ધ કવિઓને શૌર્યગાયકના સ્વરૂપે સાંભળતાં ભારતીય યુવાન અખૂટ પ્રેરણા પામે તો આવાં સુંદર પ્રકાશનોનું શાશ્વત મૂલ્ય સ્થાપિત થઇ શકે.

આ જ દિશામાં પ્રકાશ આપતું એક પ્રકાશન ગુજરાત સંગીત-નૃત્ય-નાટ્ય અકાદમીએ કર્યું છે: **'આહવાન'**. વર્ષોથી લોકકંઠે ચડેલાં રાષ્ટ્રભક્તિનાં ગીતો (જેવાં કે 'મારું વતન આ મારું વતન'–ચીમનલાલ ભટ્ટ) ઉપરાંત શ્રી બાલમુકુન્દ દવેના 'સીમાનો સંરક્ષક' જેવાં અર્વાચીન ગીતોનો આ સંગ્રહ આવકારપાત્ર છે.

હાસ્યદાની ('જર્મન' પંડ્યા) હાસ્યકાવ્યોના સંગ્રહો આપણે ત્યાં જૂજ છે, એટલે શ્રી 'જર્મન'નો આ ફાળો આતુરતાભર્યો આવકાર ઊભો કરે છે. હળવા વિષયોને હળવી રીતે છણતાં આ કાવ્યો ક્યારેક રસમય બને છે, પરંતુ બુદ્ધિયુક્ત ચાતુરી ક્યારે અતિસામાન્ય શિથિલતામાં સરી પડે છે તેનું ધ્યાન રહેવું આવશ્યક છે. ભાષાની સં કારિતા માટે આગ્રહ રાખવો પણ એટલો જ જરૂરી છે.

અર્વાચીન કાવ્યસાહિત્યનાં વહેણો (રામનારાયણ વિ. પાઠક): ૧૯૩૬માં મુંબાઈ યુનિવર્સિટી તરફથી અપાએલાં અત્યંત અભ્યાસપૂર્ણ અને મનનીય 'ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનો'ની આ ત્રીજી આવૃત્તિ છે. આપણાં રાજકીય, સામાજિક, ધાર્મિક તથા આર્થિક બળો ને કેળવણીની અર્વાચીન કવિતા પર પડતી અસરનું આ અવલોકન ગુજરાતી કાવ્યવિવેચનની મૂળભૂત સામગ્રીરૂપ છે. અહીં ભાષા, છંદ, પ્રાસ, અલંકાર, રીતિ વગેરેની સૂક્ષ્મ ને ઊંડી છણાવટ છે. કવિનું આ વિદ્વત્તાભર્યું કાવ્યદર્શન કાવ્યરસિકોને સદાય માર્ગદર્શક બની રહેશે.

ગીતા પરીખ

ઉપર્યુક્ત પુસ્તકોનાં પ્રાપ્તિસ્થાન

શાન્ત કોલાહલ: એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ., પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ–૨, રૂ. ૩; ઉદ્ગાર: રવાણી પ્રકાશનગૃહ, ટિળક માર્ગ, અમદાવાદ–૧, રૂ. ૧; મહેરામણ: ત્રિપાઠી પ્રા. લિ. રૂ. ૨; અંતરીક્ષ: પ્રબોધરાય માણેકલાલ ભટ્ટ, ૧૧૮૧ કૃષ્ણનગર, ભાવનગર–૨, રૂ. ૩; વાતાયન–વળાંક–આકૃતિ: અનાગતા પ્રકાશન, ૧૬ જિતેન્દ્ર પાર્ક, અમદાવાદ–૭, દરેકનો રૂ. ૧; આંસુ ને ચાંદરણું: રવાણી પ્રકાશનગૃહ, રૂ. ૨; પરિવેશ: મૂસાજી યૂસુફ હાફિઝજી, ૨૩ પરાગજી મન્દિર, મલીર સિટી કરાચી, રૂ. ૧–૨૫; તુષાર: સુરાલય કિતાબમાલા, માળી ટેકરા ભાવનગર, રૂ. ૧–૨૫; ગીતિકા: રવાણી પ્રકાશનગૃહ, રૂ. ૧; મેહુલિયો: જયંતીલાલ તુલસીરામ દવે, બાઉઆની પોળ, રાયપુર, અમદાવાદ–૧, રૂ. ૧; સુરખી: ચેતન પ્રકાશનગૃહ પ્રા. લિ., રામજી મંદિરની પોળ વડોદરા, રૂ. ૧; કાગવાણી (ત્રણે ભાગ): ગૂર્જરગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીમાર્ગ અમદાવાદ–૧, અનુક્રમે રૂ. ૩–૫૦, ૩, ૪; રાસમાધુરી: પ્રગતિ સાહિત્યમંદિર, ખપાટિયા ચકલા સૂરત, મૂલ્ય જણાવ્યું નથી; રાગરૂપાવલિ: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રૂ. ૧; બાપુ: કસ્તૂરબા સેવાશ્રમ, મરોલી સ્ટેશન (જિ. સૂરત) રૂ. ૦–૫૦; રંગદીપ: ત્રિલોક અ. દેસાઈ, મુનશીની ખડકી, ભરૂચ, રૂ. ૨; યુદ્ધગીતો: સાહિત્યસંગમ, બાવાસીદી, ગોપીપુરા, સૂરત–૨, રૂ. ૨; યુદ્ધકાવ્યો–કસુંબીનોરંગ–રણહાક–શંખનાદ: મહાકવિ ન્હાનાલાલ સ્મારક સમિતિ, પરિમલ સોસાએટી એલિસબ્રિજ અમદાવાદ–૬, અનુક્રમે ૨૫, ૫૦, ૨૫ અને ૨૫ નયાપૈસા; આહ્વાન: ગુજરાત સંગીત–નૃત્ય–નાટ્ય અકાદમી, શિક્ષણસંચાલકની કચેરી અસારવા અમદાવાદ–૧૬, ૨૦ નયાપૈસા; હાસ્યદાની: જન્મશંકર જ. પંડ્યા, પ્લૉટ ૪૬૯ શિશુવિહાર પાસે, ભાવનગર, રૂ. ૧.




પચ્ચીસ વર્ષ પહેલાં

શ્રાવણ ૧૯૯૪ અંક ૧૭૬

સત્તાવનના ક્રાંતિયત્નથી માંડીને બાળગંગાધર ટિળકના કાળ સુધીની અરધી સદીમાં દેશની સ્વાતંત્ર્યએષણા ગજવતું જે રાજકારણ પ્રકટ્યું તેના છેલ્લા અવશેષ જેવા પુરુષસિંહ દાદાસાહેબ ખાપર્ડેનું શ્રી અશોક હર્ષે લખેલું જે ચરિત્ર ત્યારે 'કુમારે' આપેલું, એવું યે ગુજરાતી પત્રકારત્વમાં કદી–આજ સુધી પણ અપાયું જાણ્યું નથી. એનો સારભાગ:

'અંગ્રેજ સત્તા સામે પહેલું માથું ઊંચકનાર પ્રાંતો બંગાળ અને મહારાષ્ટ્ર. બંગાળના બિપિનપાલ અને શિશિર ઘોષ સાથે મહારાષ્ટ્રના ચિપળૂણકર ને ટિળકનાં નામો હિંદી રાષ્ટ્રીયત્વના મંત્રદ્રષ્ટાઓ તરીકે કોઈ કાળે નહિ ભુલાય. તેમાં યે ટિળકની વિભૂતિમત્તાએ એકલા મહારાષ્ટ્રમાં જ નહિ, હિંદભરમાં પોતાનો પ્રકાશ પહોંચાડ્યો.



પણ એ ટિળકનો મોરચો વજ્રલેપ બનાવનાર તો ગણેશ શ્રીકૃષ્ણ ખાપર્ડે. એમની કુશાગ્ર બુદ્ધિ, અવિરત કાર્યશીલતા ને અદ્ભુત વક્તૃત્વે જ ટિળકની લડતને ગૌરવ અપાવ્યું. ૧૯૦૭ની કૉંગ્રેસ વેળા સૂરતમાં બાલાજીના ટેકરા પરથી ઉદ્દામ પક્ષની વકાલતનાં એમનાં ભાષણો વડે થએલો પ્રજામાનસનો પલટો એમની વાક્છટાની પ્રતીતિ છે. એકલી મરાઠી કે ગુજરાતી જ નહિ, હિંદી અને અંગ્રેજીમાં પણ વક્તૃત્વ પર એમનું એટલું જ પ્રભુત્વ હતું. અને એ કલાને આધારે વરાડ તથા મધ્ય પ્રાંતો, મહારાષ્ટ્ર ને કર્ણાટકનાં ગામડે ગામડાં તેમણે ખૂંદી વળી હજારો અનુયાયીઓને લોકમાન્યના નેજા નીચે એકત્ર કરેલા.

ખાપર્ડેનો જન્મ ઈ. ૧૮૫૪માં મધ્ય પ્રાંતના ઍસિસ્ટન્ટ કમિશનર શ્રીકૃષ્ણ નરહર ખાપર્ડેને ત્યાં થએલો. મુંબાઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી પ્રથમ બહાર પડેલા સ્નાતકોમાંના એ એક હતા. પરંતુ અન્ય સ્નાતકો પેઠે સાહિત્ય અને પુરાતત્ત્વમાં જ અભ્યાસનું શ્રમસાર્થક્ય ન માનતાં એમણે પ્રજાતત્ત્વની ફિલસૂફી પચાવી. મિલ, બર્ક ને વોલ્તેરે વાણી અને લેખનસ્વાતંત્ર્ય, વિચારસ્વાતંત્ર્ય ને સમાનાધિકારની તેમનામાં જડ રોપી. ને આખરે પિતાની લાગવગથી મળેલી એકસ્ટ્રા ઍસિસ્ટન્ટ કમિશનરની સરકારી નોકરીને લાત મારી વકાલતનો સ્વતંત્ર પેશો હાથ ધર્યો.

એ ધંધામાં એમના વક્તૃત્વે એમને સારી યારી આપી. પણ સઘળો પૈસો એમણે રાષ્ટ્રસેવાના યજ્ઞમાં જ હોમવા માંડેલો. ૩૦-૪૦ જેટલા તો અનાથ વિદ્યાર્થીઓને એ પોતાને ત્યાં પોષતા. એમની કૃપા યાચતો કોઈ પણ એમની પાસેથી નિરાશ મને પાછો ન વળતો; તે એટલે સુધી કે એમને 'વરાડના નવાબ' તરીકે જ આમ પ્રજા ઓળખતી! એ પુરુષસિંહને યોગ્ય જ એ અભિધાન હતું. અને આજનું વરાડ એ દાદાસાહેબ ખાપર્ડેની કામગીરીનું જ પ્રત્યક્ષ ફળ છે.

'રાષ્ટ્રીય શિક્ષણ' નામ લોકજીભને અજાણ્યું હતું ત્યારે છેક ૧૮૮૬માં અમરાવતીની 'પ્રાઇવેટ હાઈસ્કૂલ' ઊભી કરવા પાછળ જેનાં શ્રમ, સ્ફૂર્તિ ને ઔદાર્ય ખરચાયાં એમાં ખાપર્ડે અગ્રગણ્ય હતા. એમનું નેતૃત્વ એટલું બધું લોકપ્રિય થએલું કે ૧૮૯૨નું નાગપુરની સામાજિક પરિષદનું અધ્યક્ષસ્થાન અને ૧૮૯૭ની અમરાવતીની રાષ્ટ્રીય મહાસભાનું સ્વાગતાધ્યક્ષત્વ એમને અપાએલાં. વરાડ પ્રાંતની સામાજિક, રાજકીય, ધાર્મિક કે સર્વસામાન્ય પરોપકારની એવી એકે પ્રવૃત્તિ નહોતી જેની સાથે એમનું નામ સંલગ્ન ન હોય. સરકારે એમને પણ રાજદ્રોહ માટે કારાવાસમાં ધકેલી દેવાનો પેચ લગાડેલો, પણ તે અફળ નીવડેલો.

એમની કાર્યનિષ્ઠાનો એક જ દાખલો બસ થશે. સૂરત મહાસભા વખતે ઉદ્દામ પક્ષની બાજુ સબળ રીતે રજૂ કરવા માટે લોકમાન્યે એમને ૧૬મી ડિસેમ્બરે ત્યાં પહોંચી જવાનું લખ્યું. પંદરમી તારીખે કોર્ટમાં એમનો એક અગત્યનો કેસ હતો ને એ માટે આઠસો રૂપિયા ફી પણ એમણે લીધેલી. પરંતુ ટિળકનો હુકમ આવ્યો કે તરત એમણે માથે ચડાવ્યો ને કેસવાળા આસામીને બોલાવી આઠસો રૂપિયા પાછા સોંપી દીધા!

૧૯૦૮માં ટિળકની કેદની વાત સાંભળતાં બીજે જ દિવસે વડીલોનું શ્રાદ્ધ બાજુએ મૂકી સીધા મુંબાઈ પહોંચી ગયા. ત્રણ અઠવાડિયાં સુધી એમને છોડાવવાની તજવીજ કરી; પણ એ ફોકટ જતાં ૧૫મી ઑગસ્ટે વિલાયત ઊપડી ગયા ને ઘેર કાગળ લખી દીધો. એ વિલાયત હતા એ અરસામાં જ ૭૩ વર્ષનાં એમનાં માતુશ્રી મુક્તાબાઈનું દેહાવસાન થયું!

૧૯૧૭માં રાજકીય સુધારણા માટે મૉન્ટેગ્યુ હિંદ આવેલા ત્યારે કૉંગ્રેસ તરફથી મોકલાએલા ડેપ્યુટેશનમાં લોકમાન્યની સાથે ખાપર્ડે પણ હતા. ૧૯૧૯માં હોમરૂલ લીગના ડેપ્યુટેશનમાં એ ઇંગ્લંડ ગએલા ત્યારે સાત મહિના સુધી એમણે હિંદની તરફેણની લડત ચલાવેલી. એમના વિનોદી વક્તૃત્વની ઈંગ્લંડમાં એટલી બધી ખ્યાતિ થએલી કે ત્યાંનાં વર્તમાનપત્રોએ તેમને 'ઇંડિયન માર્ક ટ્વેઈન'નું નામ આપેલું.

રાજકારણ સિવાય ઈતર પ્રવૃત્તિઓ પ્રત્યે પણ ખાપર્ડે ઉદાસીન ન હતા. ૧૯૧૨માં હરિનારાયણ આપ્ટેના પ્રમુખપણા નીચે આકોલા મુકામે ભરાએલા અખિલ મહારાષ્ટ્ર સાહિત્ય સંમેલનમાં એમણે 'કવિ' વિષે જે ભાષણ આપેલું તે નૂતન વિચારસરણીને લઈ ખૂબ વખણાયું હતું. એમણે કેટલાં યે નાટકોનું અવલોકન લખેલું. ૧૯૦૫ના મુંબાઈના પહેલા નાટ્યસંમેલનનું પ્રમુખપદ એમને જ અપાએલું.

ઊંચો પડછંદ બાંધો, પાણીદાર નેત્ર, ગૌર વર્ણ ને ભવ્ય આકૃતિવાળા દાદાસાહેબ ખાપર્ડેને રેશમી પાઘડી ને રૂપાની મૂઠવાળી લાકડી સાથે જોતાં કોઈ મુગલ સરદારનો જ ભાસ થતો. અને એકલી આકૃતિએ નહિ, પ્રકૃતિએ પણ એ સરદાર જ હતા, લાગટ સાઠ વર્ષની એમની રાષ્ટ્રસેવા સાબિત કરે છે.

૧૯૨૦ની સાલમાં ટિળક મહારાજે લીલા સંકેલી. સુકાન ગાંધીજીના હાથમાં ગયું. ટિળકના એક પછી એક સહચારીઓ એ નવા રાજકારણમાં પલોટાતા ગયા. અલગ રહ્યા એક ખાપર્ડે. એ નવા રાજકારણમાં એમને શ્રદ્ધા બેઠી નહિ. આમ એ નવા મન્વંતર સાથે જ એમણે પોતાની જાતને ખેંચી લીધી. નિવૃત્તિ સ્વીકારી એ ગીતા ને ઉપનિષદોમાં રત રહ્યા.

છેવટ સુધી સ્પૃહણીય સ્વાસ્થ્ય જાળવી રહેલા આ અનાસક્ત કર્મયોગી ને બુઝર્ગ લોકનેતાના ૧૯૩૮ની ૧લી જુલાઇએ નીપજેલા અવસાનથી, '૫૭ પછી તે ટિળક-કાળ સુધીના રાજકારણનો છેલ્લો અંકોડો અદૃશ્ય થયો. દાજી આબાજી ખરે, નાનાસાહેબ દેશમુખ, દાદાસાહેબ કરંડીકર ને ચિંતામણરાવ વૈદ્ય પછી ટિળક સંપ્રદાયના એ જ એક અવશેષ હતા.'

છેલ્લા પાનામાંથી એક ઉતારો: 'રાત્રિ તથા દિવસની લંબાઈ જાણવા માટે જે કલાકે સૂર્યોદય થાય તે કલાકને બમણા કરવાથી રાત્રિની લંબાઈ જણાશે ને સૂર્યાસ્તના સમયને બેવડાવવાથી દિવસની લંબાઈ મળશે. (ત્રિ.વિ.હે.)

રંગગઠરિયાં (૩૨)માં

ચન્દ્રવદન મહેતા કહે છે...

'બહુ દુઃખિયારી એ બાઇ.' ફરી એણે કહ્યું 'ઓહ! ટેરિબલ, ટેરિબલ! એણે જે સહ્યું છે તે એ જ જાણે છે. બાળપણમાં બે વર્ષની હતી ત્યારે મા એને એકલી મૂકીને ગુજરી ગઈ. બાપે એને ઉછેરી. સંગાથમાં માત્ર કાકી. અને એ બારની થઈ ત્યાં તો બાપ અને કાકી બંને મરી પરવાર્યાં, એટલે એક દૂરના કાકાને ત્યાં એને રહેવું પડયું. ત્યાં એનાથી મોટાં ચાર છોકરાં, અને જ્યારે જ્યારે એ નાટક સંબંધી વાત કરે, કે અમસ્થા અભિનયના ચાળા કરે, ત્યારે એના નસીબમાં ધોંટા જ ખાવાના રહે. નિશાળમાં એક વખત એણે એક ફ્રેન્ચ ફાર્સ ભજવ્યો. એમાંના છ યે છ પાઠ એણે કર્યા.

ત્યારે સ્ટૉકહોમમાં અભિનયની તાલીમ લેવાને રૉયલ ડ્રામૅટિક સ્કૂલ ચાલતી. એમાં ભણવા જવા દેવા કાકાજીને કહ્યું. પણ કાકાજી એકના બે થાય જ નહિ. ઊલટું નટ-નાટક-નાટકશાળાને ભરીભરીને ભાંડે! પણ ઈન્ગ્રીડે જિદ પકડી તે છોડી નહિ.

અંતે એણે પોતાનો કક્કો ખરો કર્યો. પ્રવેશ માટેના વિદ્યાર્થીઓને ચકાસવા માટે વીસ જણનું મંડળ બેઠું હતું. એણે પાઠ કર્યો. કોઈ કંઈ બોલ્યું નહિ, એટલે એ તો તરત ચાલી ગઈ. ઘેર આવી ત્યારે એને ખબર પડી કે એનો નંબર પહેલો હતો!

તાલીમ લીધી. રંગભૂમિ ઉપર ઊતરી તેવી જ સિનેમાવાળાઓ પાછળ પડયા. દરમિયાન પીટર લિન્ડસ્ટ્રોમ નામે તરુણ સાથે દોસ્તી થઈ, અને ૧૯૩૭માં પરણ્યાં. એક દીકરી અવતરી, એનું નામ પિયા. ઓહ! શું છોકરી છે! તમે એને ન જોઇ. વૉટ એ પિટી! પછી તો ઉપરાઉપરી ફિલ્મો ઊતરવા લાગી, અને હૉલીવૂડમાં એનો સક્કો બેઠો. ત્યાં શાખ વધી, પછી તો પૂછવું જ શું? વર દાંતના દાક્તર. એણે પણ દવાખાનું ત્યાં જમાવ્યું. અને ત્યાંથી જ 'નટી' અને 'વહુ' વચ્ચેનું સંઘર્ષણ શરૂ થયું. ત્રીસની થઇ, પણ સ્વભાવ બાળક જેવો. આ બાજુ ધણીએ ધણીપણાનો દાવો કરી, ધણીઆણીને મનગમતા આ વ્યવસાય ઉપર કાપ મૂકવા પગલાં ભર્યાં.'

'તમારે ત્યાં પણ એવું થાય છે?'

'દુનિયાભરના ધણીઓ એ બાબતમાં સરખા; બધે જ એવું થાય. ૧૯૩૭થી '૪૪નાં સાત વર્ષના ગાળામાં ઘરસંસારમાંની ગેરસમજણે, શંકાના વાતાવરણે, નજીવા કારણે જીવનવ્યવહારમાં અંતર પડવા માંડયાં. તે વધતાં જ ગયાં. ઘરની શાંતિ ખોરવાઈ ગઈ. બીજી બાજુ ઇન્ગ્રીડનો કીર્તિધ્વજ ઊંચે ને ઊંચે ફરકવા લાગ્યો, એથી અદેખાઇની આગ પણ વધવા લાગી.

એટલામાં ન્યૂ યૉર્કમાં એણે એક ઈટાલિયન ફિલ્મ ચિત્ર જોયું. એના નિર્માતા હતા રૉબર્ટો રોઝેલિની. ત્યાર બાદ બીજાં બે ચિત્રોમાં એણે કામ કર્યું: એક લંડનમાં, એક પારી(સ)માં. અને પછી એકાએક એણે રોઝેલિનીને એક કાગળ લખ્યો. નવું ચિત્ર વિચારાયું. રોઝેલિનીના હરખનો પાર નહોતો. બંને ઇટાલીમાં મળ્યાં, અને ત્યાં રોમનાં ખંડિયેરોમાં, કાપ્રી ને સૉરેન્ટો જેવાં જગમશહૂર રોમાંચક સ્થળોમાં ફરતાંફરતાં પ્રેમનાં અંકુર ફૂટયાં. ૧૯૪૫થી ૫૦માં આ ઘટના બની.

પછી લાગણીના ધોધ છૂટયા. મા, દસબાર વર્ષની દીકરી પિયા, અને રોઝેલિની ત્રણ વચ્ચે લાગણીએ ફેરફૂદરડી રમવી શરૂ કરી. લિન્ડસ્ટ્રોમને પણ જાણ થઇ, અને છૂટાછેડા માટે માગણી થતાં, રોઝેલિની અને લિન્ડસ્ટ્રોમ વચ્ચે પત્રયુદ્ધ, વાગ્યુદ્ધ અને કાનૂનયુદ્ધ શરૂ થયું. પછી તો રાત દિવસ સંવેદના, ઊર્મિની છોળછાલક, બહારની



ગ્રેટા ગાર્બો પછી એની જગ્યા લે એવી આ એક જ નારી છે. હૃદયની સંવેદના વ્યક્ત કરવામાં એના કસબને કોઇ અભિનેત્રી આંટી નહિ શકે.

ઇન્ગ્રીડ બર્ગમૅનની વાત

દુનિયાનો આવી ઘટનામાં હમેશાં વધતો રહેતો જિજ્ઞાસા-રસ, એ બધાં થકી ઊભરાતો ઉહાપોહ, છાપાંવાળા અને ફોટોગ્રાફરોની ઘોડદોડ, વધારામાં ઇટાલીની અટપટી કાયદાની કલમો અને ઇન્ગ્રીડને રહેલા ગર્ભને કારણે છૂટાછેડાનો ચકરાવે ચડેલો કોયડો—એવુંએવું જે ચાલ્યું છે, કે એ એકેક ઘટના જ એકેકું અનોખું પ્રકરણ બને. ઈન્ગ્રીડ, સ્વીડિશ પ્રજાજન, ધણીએ અમેરિકન શહેરીના હક્કો મેળવેલા, રોઝેલિની ઇટાલીઅન શહેરી, છૂટાછેડાની અરજી મેક્સિકોમાં દાખલ કરવી પડી, ત્યાર બાદ ઇન્ગ્રીડને બાળકનો જન્મ, અને દરમિયાન છૂટાછેડાના હુકમનામાની કોઈ હસ્તી નહિ! આ સંજોગોમાં લોકોએ ઑસ્પિટલની નર્સોને ભારેમાં ભારે લાંચ આપીને પળેપળની બીના જાણવાની ગોઠવેલી તરકીબો, એક કૅમેરામૅને તો પોતાની ધણીઆણીને તાજેતરમાં જ ગર્ભ રહેલો હોવા છતાં ઑસ્પિટલને મોટી રકમ આપી બાજુના જ ઓરડામાં તેને સુવાવડ માટે દાખલ કરાવી દીધી,—એવાંએવાં પરાક્રમોની તે શી રામાયણ માંડું?

'છૂટાછેડા તરત ન મળ્યા?'

'કયો ધણી એમ આસાનીથી છૂટાછેડા આપવા તૈયાર થઇ જાય? બાળક જન્મ્યું, એટલે લિન્ડસ્ટ્રોમે એ છોકરા ઉપર પોતાનો હક્ક હોવાનું કોર્ટને કહ્યું, કારણ કે પોતે કાયદેસરનો પરણેતર હતો. સ્વીડને મેક્સિકન કોર્ટમાં અપાએલા છૂટાછેડા નામંજૂર કર્યા, અને ઇટાલીના કાયદા પ્રમાણે આ પરિસ્થિતિમાં લગ્ન કરી ન શકાય! આખરે, વકીલો સહી કરેલા ખતપત્રો લઈ મેક્સિકોની અદાલતમાં હાજર રહી લગ્ન ઠરાવી શકે એવો નિર્ણય કરવામાં આવ્યો. બાળક જન્મ્યાને ચાર મહિના પછી મેક્સિકોમાં અદાલતી લગ્ન થયાં! એ જ ઘડીએ ઇટાલીમાં એ બે જણાં એક જૂના દેવળમાં જઈ પરણ્યાં. પરંતુ પહેલા વરે એમાંનું કશું નહિ સ્વીકારતાં હવે કૅલિફૉર્નિયામાં છૂટાછેડાનો દાવો

માંડયો. ઈન્ગ્રીડે જે માગણી કરી હતી તે આમ વીસ મહિને અમલમાં આવી. ૧૯૫૧માં મા અને દીકરી પિયા ફરીવાર મળ્યાં. ૧૯૫૪માં લિન્ડસ્ટ્રોમે પોતે બીજી વાર લગ્ન કર્યું, ને એ વાત પર પડદો પડયો.'

'અરેરે!'

'મિ. મહેતા! એમ નિસાસા ન મૂકો, હજી કલાઇમૅક્સ ક્યાં આવી છે? આ રગડા દરમિયાન છાપાંવાળાઓની ટીકાઓ, જાહેર જનતાની લાગણી, વિવેચકોના ચાબખા, માનસિક વ્યથાનો થાક, એ બધાંને લઇને રંગભૂમિ અને ફિલ્મ બંનેમાં કીર્તિની ઓટ; પરિણામે કમાણીમાં અલ્લાયો! ખર્ચ બેશુમાર. પારી(સ)ની રંગભૂમિ ઉપર "ટી ઍન્ડ સિમ્પથી" નાટકમાં ઊતરવાનું ઈન્ગ્રીડે નક્કી કર્યું. એ માટે એક વર્ષ મહેનત કરી. ભાષા ઉપર કાબૂ મેળવ્યો. બીજો કૉન્ટ્રાક્ટ ફિલ્મ "અનાસ્ટાસિયા"નો કર્યો. એમાં યૂલ બ્રાઈનર ઊતર્યો.

શું ધારો છો? "ટી ઍન્ડ સિમ્પથી" નાટકમાં ઊતરવાની રોઝેલિનીની ચોખ્ખી ના! કહે કે નાટક કચરો છે. લોક નહિ વખાણે. કારણ જે માનવું હોય તે માનો: અદેખાઈ યા ધણી તરીકેના હક્કો સાબિત કરવાની મુરાદ. એક વર્ષની સતત રીહર્સલોની મહેનત. પરિણામે પહેલા જ નાટકથી ઇન્ગ્રીડે પારી(સ)ના પ્રેક્ષકોનાં દિલ જીતી લીધાં: એવાં કે પંદર વાર કર્ટન કૉલ! અને નાટક જામ્યું. રોઝેલિનીના ગુસ્સાનો પાર નહિ. અને બીજી બાજુ "આનાસ્ટાસિયા"માં ન્યૂ યૉર્કે ઈન્ગ્રીડના કામને અકાદમી ઍવૉર્ડને લાયકનું ઠરાવ્યું!'

'આ કલાઇમૅક્સ?'

'ના; આ તો સંઘર્ષનું મૂળ. વહુનો કીર્તિધ્વજ પાછો ઊંચે ફરકયો, એટલે વરના મનમાં માલિક ફરીવાર જાગ્રત થયો. દરમિયાન રોઝેલિનીને ભારતમાંની થોડી ડૉક્યુમેન્ટરી બનાવવાનું નોતરું આવ્યું, એટલે "ટી ઍન્ડ સિમ્પથી" એક પણ વાર જોયા વિના એ હિન્દ જવા તત્પર થયો. ૧૯૫૬માં એમ ધણીધણિયાણી પાછાં છૂટાં પડયાં.

૧૯૫૭ની સાલમાં સાઠ વર્ષને લાંબે ગાળે ઈન્ગ્રીડ ન્યૂ યૉર્ક ગઈ. લોકોએ એને આવકારી. બર્નાર્ડ શૉના "પિગમૅલિયન" પરથી યોજાએલું પ્રખ્યાત નાટક "માઇ ફેર લેડી" એણે જોયું નહોતું. સાંજના ખેલમાં એ ગઇ. પહેલાં મંચપર જઇ રૅક્સ હૅરિસન અને અન્ય મિત્રોને મળી. પોતાની બેઠક પર આવીને બેઠી કે તરત એની હાજરીની ખબર હારોહારમાં મોંથી કાને અને આંખ અણસારે આખા હાઉસમાં પ્રસરી ગઇ. નાટક પૂરું થયું. લોકોએ તાળીઓ પાડી પરદો ખોલાવી ત્રણચાર વાર નટનટીઓની સલામી ઝીલી. પછી સૌ શાંત થઇ હાલ્યાચાલ્યા વિના બેસી રહ્યા! થોડી પળો બાદ ઈન્ગ્રીડ જવાને ઊભી થઈ, એટલે લોકોએ તાળીઓ પાડી એને વધાવી, ઊભાં થઇ એને એકલીને જવાનો માર્ગ આપ્યો, અને ગઇ ત્યાં સુધી એના સત્કારના સૂચન તરીકે વધામણીની તાળીઓ પાડયા જ કરી, પાડયા જ કરી!

એ જ ૧૯૫૭ના માર્ચમાં એને નટીશ્રેષ્ઠનો હૉલીવૂડ ઍવૉર્ડ મળ્યો. લોકે અને પત્રકારોએ એનાં ભરીભરીને ગુણગાન ગાયાં.'

'કલાઇમૅક્સ?'

'સાત અઠવાડિયાં બાદ રોઝેલિનીનો મુંબાઈથી ટેલિફોન આવ્યો. એણે ધણિયાણીને કહ્યું કે લોકો ગપ્પાં ઉડાડે છે, પણ તું કશું માનીશ નહિ! પરંતુ થોડા જ દિવસમાં ગપ્પાંમાંથી નીતર્યું કે રોઝેલિની એની સાથે કામ કરનાર એક ભાઈ હરિદાસગુપ્તાની દેખાવડી વહુ સોનાલી દાસગુપ્તા સાથે પરણવા વિચાર કરે છે.

'સોનાલી?'

'કેમ ચોંક્યા? ઓળખો છો?'

'હા જી; બે વાર એક મિત્રને ત્યાં પાર્ટીમાં એને મળ્યો છું. એ મારા મિત્ર અને એમની વહુ અત્યારે વીએનામાં છે. પાછા ફરતાં હું ત્યાં થઈને જ જવાનો છું.'

'તો એમને પૂછજો. એ વિગતોમાં હું નહિ ઊતરું પણ એક ઘટના બની એ વિષે તો હું જરૂર કહું. તમને એમાં રસ પડશે, કારણ તમારા વડાપ્રધાને એમાં અગત્યનો ભાગ ભજવ્યો છે.'

'પંડિત જવાહરલાલ નેહરુએ?' મારાથી સહજ જ પુછાઈ ગયું.


'હા, નેહરુએ. પ્રેમની બલિહારી છે કે એ વાત છુપાવી છૂપી રાખી શકાતી નથી. સોનાલી અને રોઝેલિની બંનેએ વાત જાહેરમાં નકાર્યા કરી, અને ઈન્ગ્રીડે પારી(સ)માં પોતાના ધણીનો બચાવ કર્યા કર્યો. મુંબાઈની તાજમહાલ હોટેલમાં રોઝેલિની અને સોનાલી રહેતાં હતાં એ વાત યુરોપ-અમેરિકાનાં છાપાંઓમાં પ્રગટ થઈ. એ અરસામાં કૅરી ગ્રાન્ટ સાથે "ઇન્ડિસ્ક્રીટ" ફિલ્મમાં પાઠ કરવાની ઇન્ગ્રીડની કબાલાવિધિ પૂરી થઈ; અને એ જ દિવસોમાં ભારતમાં રોઝેલિનીના છ મહિના રહેવાની મુદત પણ પૂરી થઈ ને લોકવાયકા થોડા સમય માટે જરા ધાળે પડી.


પછી તો નાટકની ભોમકા ઉપર જેટલી ઝડપથી બનાવો બને છે એ રીતે એકાએક રોઝેલિની પારી(સ) આવે છે, ધણીધણિયાણી મળે છે, સાથે સોનાલી પણ પારી(સ)માં કોઇ ન જાણે એમ આવે છે અને ટૂંક સમયમાં જ રોમની સિવિલ કોર્ટમાં કાયદેસર છૂટાછેડાનો દાવો નોંધાય છે, રોઝેલિની અમુક રકમ આપવા બંધાય છે. છિઃ એ પૈસાટકાની વાતમાં આપણે નહિ ઊતરીએ. પરંતુ એ જ અરસામાં પહેલી દીકરી પિયા માને મળવા પારી(સ) આવે છે, ઘણે વર્ષે મા-દીકરી મળે છે અને એ જ અરસામાં લાર્સ સ્મિડ્ટની અને ઈન્ગ્રીડની ઓળખાણ થાય છે.

મા-દીકરી ઊમળકાભેર દખ્ખણ યુરોપ ખૂંદે છે, પાછાં પારી(સ) આવી રહે છે, ત્યાં લાર્સ સાથે થએલી મૈત્રી ગાઢ થવા માંડે છે, પિયા પાછી ભણવા જાય છે, અને પારી(સ)માં ફરી વાર રૉબર્ટ ઍન્ડરસનનું પ્રખ્યાત નાટક "ટી ઍન્ડ સિમ્પથી" ફરી ભજવાતું શરૂ થાય છે ઇનગ્રીડ હમેશની જેમ પોતાનો પાઠ કર્યે જાય છે.

લાર્સ ને ઈન્ગ્રીડની ઓળખાણ હવે પ્રેમને પંથે વળતી જાય છે. ત્યાં રોઝેલિનીએ ભારતમાં પાડેલી ફિલ્મને ભારત બહાર લઇ જવાની પરવાનગી તેને આપવાની ભારત સરકારે ના પાડતાં, પૈસેટકે થઇ રહેલી ખુવારીમાં ભારે ફટકો પડે છે, અને રોઝેલિની ઈન્ગ્રીડ પાસે મદદની માગણી કરે છે. ત્યારે લંડનમાં નેહરુ કંઇ કામે આવી રહ્યા છે. રોઝેલિની ઇન્ગ્રીડને કહે છે કે તું મારે ખાતર એની પાસે જઈ આખી વાત સમજાવ અને એ ફિલ્મ ભારત બહાર બતાવવાની પરવાનગી મેળવી આપ, તો જ હું ખુવાર થતો બચું. અને ઇન્ગ્રીડ લંડન જઈ, વિજયાલક્ષ્મી પંડિતની દોસ્ત અને એની ઓળખીતી બ્રિટિશ નટી આન ટૉડને લઇ નેહરુજીને મળે છે. પહેલાં તો નેહરુજી આ ફિલ્મોના ઓંટાકોંટાઓમાં વચ્ચે પડવા ધસીને સાફ ના પાડે છે. પણ ઈન્ગ્રીડ સાચી હકીકત એવી તો આજીજીપૂર્વક રજૂ કરે છે કે એ ફિલ્મ ઉપરનો પ્રતિબંધ ઉપાડવાનો હુકમ લંડનથી ભારત અપાય છે, અને ફિલ્મ પારિ(સ) ખાતે રવાના કરવામાં આવે છે.

પણ હજી કાયદાની નાની મોટી ગૂંચ અકળાવી રહી હતી. ઈટાલીમાં છૂટાછેડા નથી. ઈન્ગ્રીડ અને એનાં રોઝેલિનોથી અવતરેલાં બાળકો ઈટાલિયન. ઈટાલિયન કાયદો આ બે ધણીધણિયાણીને છૂટાં કરી આપે, પણ છૂટાછેડા ન આપે, ને બાળકો માતાને સોંપે. ઇન્ગ્રીડ ઈટાલિયન કાયદાને અવગણી ફરી પરણે તો એક ઉપર બીજું લગ્ન કરવાનો એના ઉપર ઈટાલિયન અદાલત દાવો માંડે. એ રોઝેલિનીને





ઉદ્યાનની રમણીય સૃષ્ટિ વચ્ચે રમતાં મૂકેલાં શિલ્પોથી રચાએલા આમ્સ્ટર્ડામના કૉલર-મ્યૂલરના ‘ખુલ્લા મ્યૂઝિયમ’માંની બે કલાકૃતિઓ : ડાબી બાજુ : શિલ્પકાર માર્ટા પૅન સર્જિત પૉલીએસ્ટરમાંથી બનાવેલું ‘તરતું શિલ્પ’; જમણી બાજુ : કૉન્સ્ટન્ટ પર્મીકનું ધાતુશિલ્પ ‘નીઓબેનું કલ્પાંત’ [થીબસના રાજા ઍમ્ફિયનની પત્ની નીઓબેને છ પુત્રો ને છ પુત્રીઓ હતાં. તેના અભિમાનમાં તેણે, માત્ર એક પુત્ર (એપોલો) અને એક પુત્રી (આર્ટિમીસ) ધરાવનાર દેવી લીટોનો ઉપહાસ કર્યો. એથી રોષે ભરાઈ એપોલોએ તેના છ પુત્રોને અને આર્ટિમીસે તેની છ પુત્રીઓને વીંધી નાંખ્યાં. કથા કહે છે કે એ શોકના આઘાતથી તે પથ્થર થઈને પડી, છતાં તેની આંખમાંથી સતત આંસુ તો વહ્યા જ કરે છે. ઘણા કલાકારોએ આ વિષય પર કલાકૃતિઓ સર્જી છે.

પરણી ત્યારે સ્વીડિશ શહેરી હતી, પણ એનું લગ્ન સ્વીડનમાં નોંધાવેલું નહિ, એટલે એને ત્યાંના શહેરીનો હક્ક પણ મળે નહિ. એના મૅક્સિકોમાં મેળવેલા છૂટાછેડા આડે આવે. તમે એક દેશના હો, બીજા દેશની વ્યક્તિને પરણો, ત્રીજા દેશમાં છૂટાછેડા લ્યો, પછી ચોથા દેશમાંની વ્યક્તિના પ્રેમમાં પડો, ને ફરી લગ્નનો વિચાર કરો, અને ભૂલેચૂકે પરણી બેસો તો ક્યારે, કયે વખતે, એકાદા દેશનો કાયદો કેવી ભીંસમાં લેશે એની ખબર ન પડે. અને બીજી અદાલત તમને કુંવારા પણ ઠેરવે; યા એક અદાલત તમને પરણેલા જાહેર કરતાં પહેલાં તમને યા તમારી પરણેતરને બેવડાં પરણેલાં પણ ઠેરવે! ભલભલા નાટકને પણ આંટી જાય એવી આ સાચી પણ વિકટ આંટીઘૂંટી નથી?

લાર્સ પણ સ્વીડનનો; અને ૧૯૫૮ના ડિસેમ્બરમાં, છ મહિના પહેલાં જ એ બંને ખૂબ જ શાંતિ અને ચૂપકીથી લંડનમાં પરણી ગયાં. હવે એમણે પારી(સ) પાસે થોડે દૂર શ્વોઝલ નામના ગામડામાં એક મકાન ખરીદી લીધું છે. ત્યાં પોતાનાં સંતાનો અને લાર્સ સાથે હવે એ સુખમાં જીવન વીતાવવા માગે છે.’

નાનકડા મરોડદાર ગ્લાસમાંના ડેનમાર્કના પ્રખ્યાત ‘ચેરી હીઅરિંગ’ લિકયોરના છેલ્લા ઘૂંટને ગળામાં સેરવી, ઊભા થઈ, એમિલે આમતેમ બે ત્રણ આંટા માર્યા. અનહદની શાંતિ હતી. એકાએક એ મારી સન્મુખ આવી ઊભો રહ્યો, અને વ્યગ્ર અવાજે બોલ્યા. ‘કેમ તમે ચૂપચાપ બેઠા છો? કંઈક તો કહો! તમને શું લાગ્યું? એ ગુનેગાર છે? એણે ભૂલ કરી છે? એ કેવળ ઊર્મિના હેલારા ઉપર જ જીવી છે? એ બધું ગમે તે હોય, પણ હું તમને એક વાત કહું, ગ્રેટા ગાર્બો પછી એની જગ્યા લે એવી આ જ એક નારી છે. હૃદયની સંવેદના વ્યક્ત કરવામાં એના કસબને આંટી જાય એવી આજે બીજી કોઈ અભિનેત્રી નથી. કહો, શું તમારે કશું જ કહેવાનું નથી?’

વહેલી સવારનું પ્લેન લઈ મારે આમ્સ્ટર્ડામ જવું હતું એ ન બન્યું અને થોડું ઊંઘી નાસ્તો ખાઈ નવ વાગ્યાના પ્લેનમાં હું નીકળ્યો.

આમ્સ્ટર્ડામથી પણ મારે એ જ દિવસે ડેરાતંબૂ ઉપાડવાના હતા. ટરમાટન, રીટા ટ્રોમેલ અને આપણી નજીકની કુલબમાંના કાર્ય કરનારાઓ બધાની વિદાય લેવી વસમી હતી; લીધી. જોકે આટલા નાનકડા પણ મોટા દિલના હોલૅન્ડની રજા લેવી એ કપરી ઘટના હતી.

વખતનો થોડો ગાળો મળતો હતો. પ્લેન ઉપર જતાં પહેલાં એક આંટો કોલરમ્યુલર મ્યૂઝિયમમાં મારી આવવા દોડતી ગાડીએ ઊપડ્યો. હોલૅન્ડ જાઓ તો ફરીફરીને કહું છું કે, આરનેમ પાસે આવેલું આ મ્યૂઝિયમ જોવા જરૂર જજો. કંઈક નહિ જોએલું જોશો. મ્યૂઝિયમમાં તો વાન ગૉઘ આદિએ ખડી કરેલી ચિત્રસૃષ્ટિ હાજર જ છે, પરંતુ એની બહાર અનુપમ એવા પાર્કમાં (શું કહું? વૂડમાં, ગાર્ડમાં, ઉદ્યાનમાં—? કોઈ બોલ એની આસપાસની રળિયામણી સૃષ્ટિ રજૂ કરવા સમર્થ લાગતો નથી, એવા એ અનુપમ નંદનવનમાં) બેનમૂન શિલ્પકૃતિઓનું, છત્રછાયા કે છાપરાં ઢાંકણાં વિનાનું એક બીજું ખુલ્લુ મ્યૂઝિયમ છે. શિલ્પ ગોઠવણી માટે આટલું યોગ્ય સ્થાન બીજું ભાગ્યે મળે. માદક પરાગની મ્હેક જ્યાં અનાયાસ આપમેળે પથરાતી રહે છે એવી પગથારોની આસપાસ, તરુવરોની શીતળ છાંયડીમાં કૌશલ્યથી ગોઠવેલી એ કલાકૃતિઓ જોતાં કુદરત વધારે રમ્ય કે શિલ્પ વધારે સુરમ્ય, એની ગૂંચ ઉકેલવામાં મનને વધારે તાજગી મળે, અને એની મોહિનીમાં મુગ્ધ થઈ કળાલીન બની રહે એ લહાવો તો ત્યાં જ અનુભવવાનો મળશે. ફ્રાન્સના પ્રખ્યાત શિલ્પી રોદાંની તથા મેઇલોલ, બૉર્દેલ અને લૉરેન્સની કૃતિઓ ત્યાં ગોઠવી છે. ઈટાલીના કિશોર શિલ્પીઓ એડગાર્ડો માનુસી, એમિલિયો ગ્રેકો અને આર્થર–આર્ટુરો માર્ટિનીની કૃતિઓ પણ ત્યાં જોવા મળશે એમ તો દેશદેશાવરની કલાકૃતિઓ ત્યાં સજાવી છે. એ બાગને સજાવે છે, કે બાગ એમને સજાવે છે, એ જ કહેવું મુશ્કેલ છે. જ્યોર્જિસ ગ્રાર્ડની ધાતુની પ્રતિમા ‘વસંત’ને જે સ્વચ્છ છતાં વનરાજિના વળાંકિયા પગથારમાં ગોઠવી છે એ હૃદયંગમ સ્થાનની શાંતિ ભલભલા ચંચળ અને ઉધમાતિયા (અનુ૦ પૃષ્ઠ ૩૫૧)



શરીરના બધા અવયવોનાં બંધારણ
વૃદ્ધિવિકાસ નિભાવ અને મરામત
પાચન-શોષણ-વિસર્જનની ક્રિયાઓ
શ્વસન તેમજ રુધિરાભિસરણ
પ્રજનન, ગર્ભપોષણ અને ધાવણ
**આદિ સઘળી જૈવિક ક્રિયા-
ઓમાં ઉપયોગી પ્રથમ પંક્તિનું ઘટક**

પ્રોટીન

પ્રોટીન આપતા પદાર્થો

દૂધ, ઇંડાં ને માંસ-મચ્છી
કેળાં, માખણ અને સફરજન
મગફળી, અખરોટ, બદામ,
કાજુ, શિંગોડાં આદિ સૂકાં ફળ
વટાણા વગેરે સર્વ કઠોળ
ઘઉં-મકાઈ જેવાં શૂક ધાન્યો

આપણા ખોરાકના ત્રણ નિકટના ઘટકો—કાર્બોહાઇડ્રેટ પ્રોટીનો અને ચરબી—માં, જૈવિક વ્યાપારોમાં અતિ મહત્ત્વનું અને પહેલા સ્થાનનું અધિકારી પ્રોટીન છે. બધા જીવંત કોષોનું તે વિશિષ્ટ ઘટક છે. આપણા શરીરની જ વાત કરીએ તો એમાં પાણી (૬૫ ટકા) પછી સૌથી વધારે પ્રમાણ (૧૬ ટકા—શરીરના વજનનો છઠ્ઠો ભાગ) પ્રોટીનનું આવે. શરીરનું બધું પાણી નિચોવી લીધા પછી રહેતા સુક્કા વજનમાં અરધોઅરધ પ્રોટીન છે.

એ પ્રોટીનનો ત્રીજો ભાગ માંસપેશીઓમાં, પાંચમો ભાગ હાડકાં અને તરુણાસ્થિમાં ને દસમો ભાગ ચામડીમાં વહેંચાએલો છે. બાકીનામાં બીજી પેશીઓ અને પ્રવાહીઓ છે. પ્રોટીન વિના જીવન સંભવી ન શકે. પ્રોટીનનો અર્થ જ 'પહેલું સ્થાન ધરાવનાર' થાય છે.

શરીરની ઘણીખરી પેશીઓ મોટા પ્રમાણમાં પ્રોટીનની બનેલી છે. શરીરના કોષો અને લોહી બનવાનું એ મુખ્ય દ્રવ્ય છે. શરીરના વૃદ્ધિકાળમાં અબજો નવા કોષો બનાવવા અને જિંદગી દરમિયાન ઘસાએલા કોષોની મરામત માટે પ્રોટીનની જરૂર છે. લોહીના રક્તજલનું એ વિશિષ્ટ ઘટક છે. શરીરમાં પડેલા ઘામાં લોહી ગંઠાઇ જઇ વહેતું બંધ થાય છે એ પ્રોટીનથી જ. ઘણા આંતરસ્રાવી રસો (હોરમોન) અને આથવણો પ્રોટીનમાંથી બને છે. પ્રજનન અને અનુવંશસંસ્કારમાં પણ પ્રોટીનની કામગીરી છે. ટૂંકામાં શરીરના અવયવો, માંસપેશીઓ, ગ્રંથિઓ અને બીજી નરમ પેશીઓ પ્રોટીનથી જ બંધાય છે અને એમના ઘસારાની મરામત પ્રોટીનથી જ છે. વૃદ્ધિ-વિકાસ પાચન-શોષણ-વિસર્જન, શ્વસન, રુધિરાભિસરણ, પ્રજનન અને ધાવણ વગેરે શરીરની ક્રિયાઓના નિયમનમાં પ્રોટીનો સહાયભૂત નીવડે છે. વળી તે શરીરમાં ગરમી અને શક્તિ આપે છે, શારીરિક તાકાતના ઉત્તેજક છે અને રોગ સામે શરીરની પ્રતિકારશક્તિ વધારે છે.

હવા અને ધરતીનાં દ્રવ્યોમાંથી ઝાડવાઓ પ્રોટીનો ઉત્પન્ન કરે છે. પ્રાણીઓ તે વનસ્પતિમાંથી મેળવે છે, જ્યારે માણસો વનસ્પતિજ અને પ્રાણિજ ખોરાકમાંથી મેળવે છે. પ્રોટીનોમાં વિશિષ્ટરીતે નાઇટ્રોજન ઉપરાંત કાર્બન, હાઇડ્રોજન અને ઑક્સિજન છે. ઘણાંખરાં પ્રોટીનોમાં થોડા પ્રમાણમાં ગંધક છે, તો દૂધ ને ઇંડાંમાં ફૉસ્ફરસ પણ છે.

પ્રોટીન ઘણી જાતનાં છે. આપણાં શરીરમાં બસ્સો જાતા કોષો છે અને દરેકમાં આઠ જુદી જુદી જાતનાં પ્રોટીનો હોય છે. એ લેખે આપણા શરીરમાં જ ૧૬૦૦ જાતનાં પ્રોટીનો છે!

આ પ્રોટીનોની ઓળખ આપવી મુશ્કેલ છે, કેમકે તે કુદરતમાં છૂટા રૂપમાં મળતાં નથી. હા, ઈંડાંની સફેદી અને દૂધનું કેસીન એ પ્રોટીનો છે. જુદાજુદા પદાર્થોનાં પ્રોટીનો વિવિધ નામથી ઓળખાય છે. શૂકધાન્યો (અને ઘઉં)નું પ્રોટીન ગ્લુટિન કહેવાય છે, તો શિમ્બી (શીંગોવાળાં) ધાન્યોનું પ્રોટીન લેગ્યુમિન નામે ઓળખાય છે. માંસપેશીઓનું પ્રોટીન માયોસિન, ઈંડાંનું આલ્બ્યુમિન, હાડકાં ચામડી વગેરેનું જિલેટિન, લોહીનું સિરમ આલ્બ્યુમિન, ને કંદશાકોનું ટ્યુબરિન કહેવાય છે.

શરીરને જો ઈમારતની ઉપમા આપીએ તો પ્રોટીનો એ ઈમારતની ઈંટો છે. પણ ઉપર જોઈ ગયા તેમ પ્રોટીનો અનેક જાતનાં છે, અને વળી તે દરેક પ્રોટીન અમુક અમુક એકમોનાં બનેલાં છે. આ એકમો એમાઈનો-ઍસિડો કહેવાય છે. એટલે એમ કહેવાય કે દરેક પ્રોટીન એ એકેક છૂટી ઈંટ નથી પણ ઈંટોનું ગચ્ચું છે. પ્રો. લસ્ક બીજી ઉપમા આપીને કહે છે 'શબ્દ જેમ અક્ષરોનો બનેલો છે તેમ દરેક પ્રોટીન એકમોનો બનેલો છે; અને અક્ષરોમાંથી જેમ જુદાજુદા શબ્દો બને છે તેમ એ એકમોનાં સંયોજનોથી જુદાંજુદાં પ્રોટીનો બને છે.'

એમાઇનો-ઍસિડોની સંખ્યા આશરે બે ડઝનની છે. આપણી જાત અને તેનાં સંયોજનો પ્રમાણે પ્રોટીનોની જાત નક્કી થાય છે. વળી વનસ્પતિ અને પ્રાણિજ ખોરાકનાં પ્રોટીનો પણ જુદાં પડે છે અને એમના કરતાં માનવશરીરનાં પ્રોટીનો પણ જુદાં પડે છે. એટલે વૃદ્ધિ અને મરામતના કામ માટે ખોરાકનાં પ્રોટીનોની શરીરમાં પુનર્રચના થાય છે. પાચન દરમિયાન ખોરાકનાં પ્રોટીનો નિરનિરાળાં એમાઇનોઍસિડોનાં એકમોમાં છૂટાં પડે છે. આ લોહીમાં શોષાય છે. આમાંથી શરીરની પેશીઓ જરૂરત પ્રમાણે એકમો ઉપાડી લઈ આગવાં પ્રોટીનો બનાવે છે. આ પ્રમાણે ન વપરાએલાં એમાઇનો-ઍસિડો કલેજામાં ભસ્મસાત્ બની શરીરમાં બળતણ તરીકે ઉપયોગી નીવડે છે.

પ્રોટીનોના બે પ્રકાર છે (૧) વનસ્પતિજ અને (૨) પ્રાણિજ. પ્રાણીઓ પણ વનસ્પતિમાંથી જ પ્રોટીનો મેળવે છે, અને પછી એમનાં માંસ, ઈંડાં અને દૂધમાંથી માનવીને પ્રાણિજ પ્રોટીનો મળે છે.

દૂધનાં પ્રોટીન સંપૂર્ણ લેખાય છે. ગાયના દૂધમાં ૩ થી ૩·૪ ટકા તો ભેંસના દૂધમાં ૩·૪ થી ૪·૨ ટકા પ્રોટીનોનું પ્રમાણ છે. એમની પચનીયતા, જૈવિક મૂલ્ય અને વૃદ્ધિ-ઉત્તેજક મૂલ્ય ઊંચાં છે, પણ પોષણમૂલ્ય ઈંડાંનાં પ્રોટીનો કરતાં નીચું છે. અરધા કલાક સુધી ગરમ કરેલા દૂધમાંથી પછી પ્રોટીનની જાત હલકી પડે છે.

મરઘીના તાજા ઇંડામાં વજનના ૧૨ ટકા પ્રોટીન છે. પ્રોટીનના આ પ્રમાણની દૃષ્ટિએ એક ઈંડું અરધો પિન્ટ (એક પિન્ટ=સવા શેર)

દૂધનું બરોબરિયું લેખાય છે. ઈંડાંનાં પ્રોટીન અતિપચનીય ને પેશીઓનાં વૃદ્ધિ અને નિભાવ માટે યોગ્યતમ પ્રમાણમાં હોઈ તે દૂધ અને માંસ કરતાં પણ શ્રેષ્ઠ છે.

આહારશાસ્ત્રી મૅકકૅરિસન લખે છે : 'પ્રાણિજ પ્રોટીનોમાં લગભગ બધાં એમાઇનો-ઍસિડો માનવ પ્રોટીનો બનવામાં વપરાય છે, પણ વનસ્પતિજ પ્રોટીનોમાંથી માત્ર થોડાં જ આવી રીતે વપરાય છે. દૂધ, ઈંડાં, મચ્છી અને માંસનાં ૯૫ થી ૧૦૦ ટકા પ્રોટીનોની માનવ પ્રોટીનોમાં પુનર્રચના થઇ શકે છે, જ્યારે ઘઉં અને કઠોળનાં પ્રોટીનોના માત્ર ૫૦ ટકાનું જ આવું રૂપાંતર શક્ય છે. આ કારણે માંસાહારથી જેટલા પ્રમાણમાં માનવ પ્રોટીન બને તેટલા બનવા માટે વનસ્પતિજ પ્રોટીનો વધારે પ્રમાણમાં ખાવાં જોઈએ. વળી વનસ્પતિનાં પ્રોટીનો કરતાં પ્રાણિજ પ્રોટીનો શરીરમાં ઘણાં જલદી શોષાય છે. વનસ્પત્યાહારનાં પ્રોટીનો કરતાં પ્રાણિજ આહારનાં પ્રોટીનો જાતમાં પણ ચડિયાતાં હોઇ, શરીરમાં નવી પેશીઓ બંધાતી હોય અને શરીરની વૃદ્ધિ ઝડપી હોય એવી બાલ અને તરુણ અવસ્થાઓમાં તો આહારમાં અરધોઅરધ કે ત્રીજા ભાગનાં પ્રાણિજ પ્રોટીનો હોવાં જ જોઈએ. પુખ્ત વય બાદ શરીરમાં જોકે નવી પેશીઓ બનતી નથી, પણ તેમનાં મરામત અને ટકાવ પૂરતી પ્રાણિજ પ્રોટીનોની જરૂરત તો રહે છે જ. આમ હોવાથી ખોરાકમાં રોજ જરૂરી પ્રોટીનનો પાંચમો ભાગ તો પ્રાણિજ પ્રોટીનનો હોવો જ જોઇએ, જેથી તે વનસ્પતિ. પ્રોટીનોને પૂરક નીવડી તેમનો શરીરમાં સારો ઉપયોગ થવા સહાયભૂત નીવડે.'

હવે આપણે ધાન્યોનાં પ્રોટીનો વિષે જોઈએ. કાર્બોહાઇડ્રેટ પદાર્થો તો ખાસ કરીને ગરમી આપનારાં છે. શૂક ધાન્યોમાં પ્રોટીનો ઘણાં ઓછાં છે અને તે ય વળી ઈષ્ટ પ્રમાણમાં નથી. ચોખામાં માત્ર ૬ થી ૮ ટકા, ઘઉંમાં ૧૨ થી ૧૪ ટકા અને બાજરીમાં ૧૩ ટકા પ્રોટીનો છે. ચોખા અને ઘઉંમાં વૃદ્ધિ-ઉત્તેજક એમાઈનો-ઍસિડો ઓછાં છે; છતાં ઘઉંના કરતાં ચોખાનાં પ્રોટીનોમાં વૃદ્ધિ-ઉત્તેજક મૂલ્ય વધારે છે. વળી બીજાં શૂક-ધાન્યો કરતાં જૈવિક મૂલ્ય પણ એનું ઊંચું છે.

શિંબી ધાન્યો (કઠોળ)માં ૨૦ થી ૩૦ ટકા પ્રોટીનોનું પ્રમાણ છે. પ્રોટીનસમૃદ્ધ પ્રાણિજ ખાદ્યો ન ખાઈ શકે એવા વનસ્પત્યાહારીઓ માટે પ્રોટીનો મેળવવાનું અગત્યનું સાધન કઠોળો જ છે. શિંબી ધાન્યોનાં પ્રોટીનોમાં બધા જ એમાઇનો-ઍસિડો સપ્રમાણ તો નથી જ; વળી તેમનું જૈવિક મૂલ્ય પણ ઉચ્ચ નથી. માત્ર ચણા અને વટાણાનું જૈવિક મૂલ્ય સ્પષ્ટ ઉચ્ચ છે. ચણા, અડદ અને મસુરને ફણગાવવાથી તેમની પચનીયતા અને પ્રોટીનોનું પોષણમૂલ્ય વધે છે. વળી શેકવાથી પણ કઠોળોની પચનીયતા વધે છે ને ક્ષુધા-ઉત્તેજક સોડમ પ્રાપ્ત થાય છે.

તેલીબિયાં પ્રોટીનોનું સમૃદ્ધ સાધન છે, પણ આપણા આહારમાં તેમનું સ્થાન નજીવું છે; કારણ તે પચવામાં ભારે છે અને મોટા ભાગે તેમના તેલનો ખાવામાં વપરાશ થાય છે. કાચી મગફળીમાં ૨૫ થી ૩૦ ટકા અને તેલમાં ૨૦ થી ૨૫ ટકા પ્રોટીનો છે. જૈવિક મૂલ્યમાં ઘણી વાર તેમને પ્રાણિજ પ્રોટીનો સાથે સરખાવવામાં આવે છે. પણ આ અતિશયોક્તિ છે. ખરી રીતે તેમનું પોષણમૂલ્ય દૂધ, ઈંડાં અને માંસનાં પ્રોટીનો કરતાં તો ગૌણ જ છે.

કવચવાળાં ફળો (નટ્સ)માં પ્રોટીનોની વિપુલતા છે. પણ તે મોંઘાં હોવાથી તથા તેના અતિ તૈલીપણાને કારણે પચવામાં ભારે હોવાથી થોડા પ્રમાણમાં ખવાય છે. બાકી તેમાંનાં પ્રોટીનોની સમૃદ્ધિને કારણે કવચવાળાં ફળોની ગણના તો માંસની અવેજીમાં થાય છે. જોકે આ સરખામણી રાસાયણિક બંધારણની દૃષ્ટિએ ખરી છે, પણ પ્રોટીનોના પોષણમૂલ્યની દૃષ્ટિએ નહિ. કવચવાળાં ફળોનાં પ્રોટીનોનું જૈવિક મૂલ્ય અને પચનીયતા માંસનાં પ્રોટીન કરતાં ગૌણ છે; પણ તેમાં કાજુનું જૈવિક મૂલ્ય અને પચનીયતા ઊંચાં છે. વળી તેનું અને શિંગોડાનું વૃદ્ધિ-ઉત્તેજક મૂલ્ય પણ ઊંચું છે.

ફળોમાંથી પ્રોટીન મળતું નથી,—માત્ર કેળાં અને સફરજનમાં થોડું પ્રોટીન છે. કંદમાં બટાટામાં સૂકા વજનના ધોરણે ૧.૨ થી ૨ ટકા પ્રોટીન છે. તેનું વૃદ્ધિ-ઉત્તેજક મૂલ્ય જોકે દૂધનાં પ્રોટીનો કરતાં થોડું ગૌણ છે પણ તેનું પોષણમૂલ્ય ઘઉંનાં પ્રોટીનો કરતાં શ્રેષ્ઠ છે. આમ હોવાથી તે શૂક ધાન્યનાં પ્રોટીનો માટે પૂરક નીવડે છે. સૂરણમાં પણ બટાટાના જેટલું જ પ્રોટીન છે.

લીલોતરી શાક વિટામિનો અને ખનિજ દ્રવ્યો સાથે થોડાંવત્તાં પ્રોટીનો પણ પૂરાં પાડે છે. શિંગો અને ભાજીમાં પ્રોટીનોનું પ્રમાણ સારું છે. કૉબિજનાં પ્રોટીનનું જૈવિક મૂલ્ય વધારે છે, તો રીંગણાં તથા ગુવારનાં પોષણમૂલ્ય ઊંચાં છે. લીલોતરી શાક અને ભાજીમાં સરાસરી ૧.૧ ટકા પ્રમાણમાં પ્રોટીનો આવેલાં છે.

શૂક અને શિંબી ધાન્યોમાં જરૂરી એમાઈનો-ઍસિડો એક સરખાં નથી. તેઓ એકબીજાનાં પૂરક જેવાં છે. આથી રોજના આહારમાં બન્નેના મિશ્રણથી જ સારા પોષણમૂલ્યનાં પ્રોટીનો મળી રહે. એકલા ઘઉંની રોટલી કરતાં ઘઉં ચણાના મિશ્રણની રોટલીનું (૧.૪ના પ્રમાણમાં કરી હોય તો) પોષણમૂલ્ય ઊંચું છે. આવી જ રીતે બાવટા ને મઠના મિશ્રણનું છે. જાણીને નવાઈ લાગશે કે ચોખા અને કઠોળનું (ભાત અને મગનું) મિશ્રણ યોગ્ય પૂરક નથી નીવડતું. પણ ભાતનાં પ્રોટીનો સાથે દૂધનાં પ્રોટીનો શ્રેષ્ઠ પૂરક નીવડે છે. આ કારણે પિતૃઓના શ્રાદ્ધના જમણમાં સાઠી ચોખા અને દૂધની ખીરના જમણનું મહત્ત્વ સ્વીકારાયું નહિ હોય ને? ઘઉં, બટાટા, મકાઈ ને કઠોળનાં પ્રોટીનો સાથે દૂધનાં પ્રોટીનો યોગ્ય પૂરક નીવડે છે. શૂક ધાન્યો સાથે છાશનાં પ્રોટીનોનો સુમેળ સધાય છે. શૂક ધાન્યોના ઉપલા પડમાં પ્રોટીનો, ખનિજ દ્રવ્યો ને વિટામિનો હોય છે. હાથે દળેલા-ખાંડેલાં ધાન્યોમાં તે જળવાઈ રહે છે, બાકી સંચામાં ખંડાએલાં દળાએલાં ધાન્યોમાંથી બીજાં કીમતી ખાદ્યો સાથે પ્રોટીનો પણ નાશ પામે છે.

શરીરની વૃદ્ધિ, નિભાવ, મરામત, પ્રજનન અને સ્તનપાનની ક્રિયાઓ માટે શરીરને પ્રોટીનની ખાસ જરૂરત છે. વળી બાળપણ, તરુણાવસ્થા, સમારોગ્યતા (કૉન્વૅલૅસન્સ), સગર્ભાવસ્થા અને સ્તન્યપાન વખતે તેની જરૂરતોના પ્રમાણમાં ફેર રહે છે. શરીરની વધવાની ઝડપ અને કદ ઉપર પ્રોટીનની જરૂરતનો આધાર છે. શરીરની વૃદ્ધિ જેમ ઝડપી તેમ તેના ઘડતર માટે પ્રોટીનની જરૂરત વધારે રહે છે. શરીરનું પુદ્ગળ જેમ મોટું તેમ તેના નિભાવ અને મરામત માટે વધારે પ્રોટીનની જરૂરત રહે છે.

પુખ્ત વયના માનવીના શરીરમાં જોકે નવી પેશીઓ બનવાની નથી હોતી, પણ જિંદગીના ઘસારાને પહોંચી વળવા તેને પ્રોટીનોની જરૂર તો રહે છે જ. પ્રાણીઓ ઉપરના અખતરાઓ અને આહારની તપાસો પછી કાર્લ વૉઈટે ઈ. ૧૮૮૧માં રોજ ૧૧૮ ગ્રામ (દસ તોલા કરતાં જરા વધારે) પ્રોટીનનું ધોરણ નક્કી કર્યું. પણ તેનો વિરોધ થયો. આરોગ્ય અને સ્વસ્થતાને માટે ચિટેન્ડને વૉઈટના કરતાં અરધા કે ત્રીજા ભાગનાં પ્રોટીનો પૂરતાં હોવાનું જાહેર કર્યું. આધુનિક વિચારસરણી હેઠળ ચિટેન્ડનનું પ્રોટીનનું ધોરણ લઘુતમ લેખાય છે; પણ આદર્શ તો યોગ્યતમ ધોરણનો હોય જેથી માંદગી કે બોજ (સ્ટ્રેસ)ના સમયને નિરાંતે પહોંચી વળાય. અમેરિકાની નૅશનલ રીસર્ચ કાઉન્સિલના ફૂડ અને ન્યૂટ્રિશન બોર્ડે શરીરના વજનના દર કિલોગ્રામે (૨.૨ રતલે) ૧ ગ્રામ પ્રોટીન લેવાનું ધોરણ ઠેરવ્યું છે અને તે સર્વત્ર સ્વીકા-

રાયું છે. આ ધોરણ પ્રમાણે ત્રણ મણ વજનવાળા શરીરને રોજ ૬૦ ગ્રામ પ્રોટીન જોઇએ. મૅકકૅરિસન હિંદના પુખ્ત વયના પુરુષો માટે રોજ ૬૫ ગ્રામ (એટલે અઢી ઔંસ) અને પુખ્ત વયની સ્ત્રીઓ માટે રોજ ૫૫ ગ્રામ પ્રોટીનની હિમાયત કરે છે. વળી તેમનું કહેવું છે કે પ્રોટીન ગરમી-ઉત્પાદક હોઈ ગરમ ઋતુમાં ઓછાં જોઇએ છે.

આટલું પ્રોટીન મેળવવા માટે આપણો આહાર વૈવિધ્યપૂર્ણ— એટલે કે અનાજ, કઠોળ, લીલોતરી શાક, કંદમૂળ, દૂધ દહીં કે છાશ વગેરેનો હોવો જોઇએ. લગભગ ૭૦ ગ્રામ પ્રોટીન મળી રહે એવા આખા દિવસના ખોરાકની સંરચના ડૉ. કાન્તિલાલ શાહે આ પ્રમાણે આપી છે; ઘઉં (કે બાજરી) ૭ ઔંસ, ચોખા ૫ ઔંસ, દાળ ૩ ઔંસ, લીલોતરી શાક ૮ ઔંસ, કંદમૂળ ૬ ઔંસ, દૂધ ૪ ઔંસ, ઘી અને તેલ ૨ ઔંસ, ખાંડ અને ગોળ ૨ ઔંસ.

પુખ્ય વયના માનવીની પ્રોટીનોની જરૂર માટે ભલે વિવાદ હોય પણ શિશુ, બાળક, સગર્ભા સ્ત્રી અને સ્તન્યપાન કરાવતી ધાત્રીને માટે તો તે વધારે પ્રમાણમાં હોવા વિષે બે મત છે જ નહિ. શરીરને ઘસારો પડે એવી લાંબી માંદગી બાદ આહારમાં વધારે પ્રોટીન આવશ્યક છે.

જિંદગીના કોઇ પણ સમય કરતાં જિંદગીના પહેલા વરસમાં બાળક ઝડપથી વધે છે. તેની બીજી વૃદ્ધિ તરુણ (ઍડાલેસન્ટ) વયમાં છે. તે જેમ મોટું થાય તેમ પેશીઓને વધારે પ્રોટીનની જરૂર પડે છે. એટલે શરીરના નિભાવ જેટલાં જ પ્રોટીન જો તેને મળતાં હોય તો તે પછી વૃદ્ધિમાં વપરાતાં નથી. આમ, પૂરતાં પ્રોટીન ન મળે તો શરીરનો વિકાસ રૂંધાય છે. જિંદગીના પહેલા વરસ દરમિયાન દર કિલોગ્રામે સાડા ત્રણ ગ્રામ ને ત્યાર બાદ સાત વર્ષની ઉમર સુધી દર કિલોગ્રામે ત્રણ ગ્રામના પ્રમાણ લેખે બાળકને પ્રોટીન મળવું જોઇએ.

હિંદના આહારશાસ્ત્રીઓએ આશરે અઢી મણ વજનની સ્ત્રીને માટે રોજિંદા ૬૭ ગ્રામનું ધોરણ ઠરાવ્યું છે; પણ તે સગર્ભા હોય તો ૧૦૧ ગ્રામ ને સ્તન્યપાન વખતે ૧૧૨ ગ્રામ નક્કી કર્યું છે.

સગર્ભાવસ્થા સ્ત્રીનો ઝડપી વૃદ્ધિનો કાળ હોઈ તેને વધારે પ્રોટીનની માગ ઊભી થાય છે. પાછલા મહિનાઓમાં જ્યારે ગર્ભસ્થ બાળક ઝડપથી વધતું હોય છે ત્યારે તો તેને ઓછામાં ઓછું ૭૫ ગ્રામ પ્રોટીન રોજ મળવું જ જોઇએ. આ સમયે બાળકની વૃદ્ધિ માટે તો ખરું જ, પણ દૂધના ઉત્પાદનની તૈયારી માટે પણ તેણે પ્રોટીન સંઘરવું જોઇએ છે. બાળક અવતરતાં પહેલાં માતાને મળેલા આ પોષણના આધારે જ તેને પૂરતું ધાવણ આવવાની સફળતાનો આધાર રહેલો છે.

વળી માતા બાળક ધાવતું હોય ત્યારે માતાની પ્રોટીનની જરૂરત અતિગણી વધી પડે છે, જે ઓછામાં ઓછું સો ગ્રામ તો હોવું જ જોઇએ. ખાસ યાદ રાખવાનું છે કે સગર્ભાવસ્થા કરતાં ધાવણ આવવાના સમય દરમિયાન માતાએ દરેક પ્રકારનું વધારે પોષણ લેવાનું છે.

સગર્ભાવસ્થામાં રોજ ૭૦ ગ્રામથી ઓછું પ્રોટીન લેવાથી લોહી ફિક્કું પડે છે, લોહીનું દબાણ વધે છે, પગે સોજા આવે છે. ગર્ભસ્થ બાળકનો વિકાસ બરાબર ન સધાવાથી તે વજનમાં અને લંબાઈમાં ઓછું હોય છે. વળી ધાવણ ઓછું આવે છે અને જલદી બંધ થાય છે, ઉપરાંત ધાવણ દ્વારા શરીરમાંથી પ્રોટીનો ખૂટવાથી માતાના શરીરને ઘસારો પણ દાખવે છે.

વનસ્પત્યાહારીઓના આહારની મોટી ખામી પ્રોટીનોના ઊણપની કે તે હલકા પ્રકારનાં હોવાની છે. વનસ્પતિ–પ્રોટીનોનું વૃદ્ધિ-ઉત્તેજક મૂલ્ય પ્રાણિજ પ્રોટીનો કરતાં અરધું હોવાથી પ્રોટીનોના અપૂરતા પોષણનો કોઇ ખોટાં ભોગ બનતાં હોય તો તે ઊછરતાં બાળકો છે. આપણા દેશમાં ગરીબાઈ અને ખાવાની ટેવોના કારણે શિશુઓને ધાવણ છોડાવ્યા બાદ તરત જ પુખ્ત વયના માણસોના આહાર ઉપર ચડાવવામાં આવે છે, જેમાં દૂધ તથા પ્રાણિજ પ્રોટીન તદ્દન થોડાંથી માંડી બિલકુલે ય નથી હોતાં. ઉપરાંત ખોરાક પણ પૂરતા ઉષ્ણાંકવાળો નહિ હોવાથી બાળપણમાં અપૂરતા પોષણ (માલ ન્યૂટ્રિશન)ની સ્થિતિ વ્યાપક બને છે, જેના પરિણામે આ બાળકો નિસ્તેજ, નિર્માલ્ય, મરવાના વાંકે જીવવાથી માંડી જો જીવી જાય તો ઠેકરાએલાં, ઠીંગણાં, નબળા બાંધાનાં, ઢીલાપોચા સ્નાયુવાળાં ને નિર્બળ હોય છે. એકથી પાંચ વર્ષની ઉમરનાં બાળકોને પ્રોટીનોની ઊણપથી થતા રોગને 'ક્વાસીઓરકોર' કહેવામાં આવે છે. દૂધ અને માંસાહાર પામતાં બાળકો સશક્ત ને તંદુરસ્ત હોય છે. દૂધ અને ઘઉંનો ખોરાક પામતા ઉત્તર હિંદના લોકોનાં બદન ભાતખાઉ બંગાળીઓ અને મદ્રાસીઓ કરતાં ઊંચાં, પહોળાં અને તંદુરસ્ત હોવાનું આપણે ક્યાં નથી જાણતા? આવાં સુસંહત શરીર પાછળ પ્રોટીનો સાથે ખનિજ દ્રવ્યો અને વિટામિન-પુષ્ટ ખોરાક, આબોહવા અને વારસો પણ ભાગ ભજવતાં હોય છે.

આપણી કાયાની અજબ કરામત તો એ છે કે આહારનાં ચરબી અને કાર્બોહાઇડ્રેટ પદાર્થોમાંથી થોડાક સાદા એમાઇનો-ઍસિડો તો બની રહે છે, એટલે ઓછા પ્રોટીનવાળો આહાર હોવા છતાં ય શરીરમાં નાઇટ્રોજનની સમતુલા તો જળવાઈ રહે છે. પણ વૃદ્ધિ અને જીવનને ઉપયોગી એવાં ચાર એમાઇનો-ઍસિડોનું શરીરમાં સંશ્લેષણ થતું નહિ હોવાથી તે આપણે પ્રોટીનસમૃદ્ધ ખાદ્યોમાંથી મેળવવાનાં છે.

શરીરની વૃદ્ધિ અને મરામતના વપરાશ કરતાં વધેલાં પ્રોટીન શરીરમાં ગરમી આપે છે. જીવનના સામાન્ય સંજોગોમાં આ ગરમી બિનઉપયોગી છે. તે કામ કરવાની શક્તિમાં જોતરાતી નહિ હોવાથી ચામડી અને બીજાં સાધનો દ્વારા શરીરની બહાર ફેંકાય છે. શરીરમાં સંઘરાએલાં કાર્બોહાઇડ્રેટ ને ચરબીનું દહન કરવામાં પ્રોટીનો સરળતા કરી આપે છે. ગુરદાઓની સ્થિતિ સારી હોય તો શરીરનું વજન ઉતારવા માટે પ્રોટીનભરપૂર ખોરાક ખાવાનો પણ એક ઉપચાર છે.

તંદુરસ્ત શરીરમાં કાર્બોહાઇડ્રેટ ને ચરબીની સંપૂર્ણ ઑક્સવણી થાય છે પણ પ્રોટીનોની થતી નથી. તેમના ચયાપચય (મેટાબોલિઝમ)-માં યુરિયા નીપજે છે, જે ગુરદા વાટે પેશાબમાં શરીર બહાર ફેંકાય છે. વધારેપડતાં પ્રોટીનોનું સતત સેવન કરવાથી લાંબે ગાળે ગુરદાઓ જોખમાય છે. વળી પ્રોટીનના ચયાપચયનાં વ્યયદ્રવ્યો ધમનીઓ ઉપર પણ ખરાબ અસર ઉપજાવી લોહીની નળીઓની કઠણાઈ અને અકાળે વૃદ્ધત્વની ક્ષીણતા આણે છે.

કાર્બોહાઇડ્રેટ અને ચરબીની જેમ પ્રોટીનખાદ્યો શક્તિદાતા નથી, પણ શરીરની રચના, નિભાવ અને મરામત માટે સતત વપરાતાં હોઈ તે રક્ષણદાતા (પ્રોટેક્ટિવ) આહાર છે. સામાન્યતઃ તે મોંઘાં હોઈ આપણા દેશના મોટા ભાગના લોકોનો આહાર ઓછાં પ્રોટીનોવાળો છે. પ્રોટીનયુક્ત ખોરાકો ઓછા આવતા હોવાથી તેમની સાથે આવતાં વિટામિનો અને ખનિજદ્રવ્યો પણ આહારમાં ઓછાં મળે છે. આપણા આહારનાં શાક અને શિંબી–ધાન્યોમાંથી જોકે પ્રોટીનો મળી તો રહે છે, પણ તે શરીરની સપ્રમાણ વૃદ્ધિ અને કાર્યક્ષમ નિભાવ માટે ઉચ્ચ પોષણમૂલ્ય ધરાવનારાં નથી.

વનસ્પત્યાહારીઓ માટે પ્રાણિજ પ્રોટીન મેળવવાનું શ્રેષ્ઠ સાધન દૂધ છે. પણ આપણા દેશમાં માથાદીઠ રોજ ૫.૪ ઔંસ દૂધ મળે એટલું જ તેનું ઉત્પાદન છે, અને આમાંથી પણ માત્ર ૮૦ ટકા જ ખાવામાં વપરાતું હોવાનું નિવેદન છે. જો લભ્ય હોય તો સેપરેટ દૂધ ખાવામાં નાનમ કે જુગુપ્સા નહિ રાખવાં. દૂધ પછી પ્રોટીનનું બીજું સાધન લીલોતરી શાક અને ભાજી છે. વળી રોજિંદા આહારમાં પ્રોટીનનું પ્રમાણ વધારવા ઘઉં સાથે ચણાનું કે તલ કે મગફળીના ખોળનું મિશ્રણ સ્વીકારવું જોઈશે.

(હવે પછી 'ચરબી')

નટવરલાલ માલવી

આજની દુનિયાને ભડકાવી મૂકનાર રોગ

BP રક્તદાબ (બ્લડ-પ્રેશર)

વિષે વગર પૈસાનું વૈદું બતાવે છે

૧૯૫૭ની વાત. તારીખ યાદ છે, પણ લખવી નથી.

બે હજારનો પગાર તો અવશ્ય હશે. એક મોટી કંપનીના વડા મૅનેજર, પણ હવે નિવૃત્ત. ઉંમર હશે, આ વાત થઇ ત્યારે, સહેજે પાંસઠ. મુંબાઈ વિદ્યાપીઠના જૂના જમાનાના પદવીધર, બહુશ્રુત, લેખક પણ ખરા, વિવેચકે ખરા. વિદ્વાનની કક્ષાના પુરુષ. તેની આ વાત છે. એક સામાજિક પ્રસંગમાં મેળાપ થઈ ગયો: 'કેમ—મોટા, તબિયત કેમ છે?'

'હવે વળતાં પાણી ગણાય, એટલે બહુ આશા રાખવાની નહિ. સારી રહે છે, પણ શ્રમ લેવાનું તદ્દન બંધ રાખ્યું છે, શ્રમ લઉં તો મુસીબત થાય ખરી. સીધેસીધો, ડાહ્યો થઈને જીવ્યા કરું તો કંઇ તકલીફ નહિ.' કહી મુરબ્બી જરા હસ્યા.

મેં પણ હસીને પૂછ્યું: 'પણ મુરબ્બી, ઘણી યે ઈચ્છા હોય તો યે સદા ડાહ્યા રહી શકાતું નથી. સામાજિક કારણોસર અવારનવાર ગાંડપણમાં લપસવું જ પડે. જુઓને, આજે આ આવવું પડયું ને?'

'આવવું તો પડે જ ને? પણ સંભાળથી કામ ગબડાવી લઉં છું.'

'નહિ તો શું થાય? બ્લડપ્રેશર છે?'

'હા; પણ એની વાત તો બહુ રમૂજી છે. આજથી દશેક વરસ પર મને વહેમ પડયો કે લોહીનો દાબ વધી ગયો છે. દાક્તર સાથે દોસ્તી હતી. કહ્યું: "ભાઈ જરા તપાસી જોને? કેમનુંક છે?"

દાક્તરે યંત્ર લગાડયું અને એનાં ભવાં ચડી ગયાં. કહે: "અલ્યા, બહુ વધારી દીધું છે તેં તો!" એટલે મેં કહ્યું, "તો તું હવે ઘટાડી દે."

"એમ નહિ. તું એમ કર. અહીં હાલ બેસી રહે."

"નાહક બેસી રહેવાથી શો ફાયદો?"

"તું જો તો ખરો. કંઇક તમાશો બતાવું."

આપણા રામ તો બેઠા. દાક્તર બીજું કામ કરવા લાગ્યા. પાએક કલાક ગયો એટલે દાક્તરે ફરીથી બાંયપટ્ટો લગાવી રક્તદાબ લીધો ને કાગળ પર નોંધ્યો, સાથેસાથે બીજી પણ કશીક નોંધ કરી.

મેં પૂછ્યું: "શું આવ્યું?"

"તને કહેવાનું નથી. કહીશ તો ખરો, પણ હજુ વાર છે. હમણાં તારે જવાનું નથી. બેસી જ રહેજે."

ને શું કહું નટવરભાઇ! આમ ને આમ એણે મને દોઢેક કલાક બેસાડી રાખ્યો, ને પંદર મિનિટ પછી, પચીસ પછી, પિસ્તાળીસ પછી એમ ત્રણચાર વાર રક્તદાબની માપણી ને નોંધણી કરી. પછી કહે: "હવે તું તારે જા. હું બપોર પછી તારે ત્યાં આવીશ."

ચારેક વાગ્યે તે મારે ઘેર આવ્યો, કલાક બેઠો, અને એ કલાક દરમિયાન ગપ્પાંસપ્પાં મારતાં મારતાં એણે ત્રણેકવાર પટ્ટો બાંધી ફરી માપ લીધાં. છેવટે કાગળિયો મારા હાથમાં મૂકયો. એ જોઈને હું તો ડઘાઈ જ ગયો! દાક્તરે જે સાતઆઠ રક્તદાબ લીધા હતા તે દરેક માપણીએ જુદો આંક નીકળ્યો હતો, અને ઉચ્ચાંક તથા નીચાંકની વચ્ચે ખાસ્સો ત્રીસેક આંકનો ફેર! એટલેકે ઉપલો આંક ૨૦૫ અને નીચલો ૧૭૦ જેવો! દરમિયાન ૧૭૫, ૧૭૮, ૧૯૮, ૧૯૬, એમ જુદાજુદા આંક આવેલા; જાણે કશો જ ઢંગધડો નહિ એમાં.

ને પછી દાક્તરે મારી આંખો ઉઘાડી આપી: "જો ભાઈ, તારી ઉંમર થઇ ૬૫ની, એટલે તને ૧૭૦ જેવો રક્તદાબ હોય તો તે વધારે ગણાય નહિ. ઉંમરમાં સો ઉમેરો એટલે રક્તદાબનો ચલણી આંક આવે; ને એટલું હોય ત્યાં સુધી ડરવાનું નહિ. ડરવું એક જ ચીજથી—લાગણીના ઉછાળાથી. ગુસ્સે ન થવું. બહુ હસવું ય નહિ. એકદમ ખડખડાટ, ઊછળી પડાય એવી કલેજું ઊથલાવનારી ફિલ્મ પણ જોવી નહિ. રડવું આવી જાય એવી પણ જોવી નહિ. ટૂંકમાં જેમ બને તેમ આવેશ પર, ઊર્મિના ઉછાળા પર, હરખશોક હેતદ્વેષ આદિ પર કાબૂ રાખવો."

મેં તેને અટકાવીને કહ્યું: "અલ્યા, આ તો તું ભગવદ્‌ગીતાની કથા કરવા બેઠો! ભગવાને અર્જુનને કહ્યું છે: રાગદ્વેષવિયુક્તૈસ્તુ......"

"હા, બસ એ જ; ભગવદ્‌ગીતામાં આપેલી છે તે જ દવા મારે તને આપવાની છે. એ ગીતાની પણ ખરી વાત મને એવી જ લાગે છે કે સામે બધા દાદા કાકા મામા લડવા આવેલા તે જોઈને જ અર્જુનને બ્લડપ્રેશર, હાઈ બ્લડપ્રેશર થઇ ગએલું હશે. ને તેની દવા પરમાત્માએ એને બતાવી દીધી. તે જ દવા આજે મારે તને બતાવવાની છે. રાગદ્વેષ, હરખશોક, ટૂંકમાં ષડ્‌રિપુ પર કાબૂ રાખવાનો. શાંત રહેશે તો તને કશું થવાનું નથી, ને કોઈ દવાની જરૂર નહિ રહે."

આમ, નટવરભાઈ, દાક્તરે તો દોસ્તી સાર્થક કરી દીધી ને મને નચિંતાઈથી નવાજ્યો. આ ત્યારથી મને રક્તદાબ છે કે નહિ તે વાતની તથામાં જ હું તો પડતો નથી. બહુ સુખી થઈ ગયો.'

આ વાત તો બની ૧૯૫૭માં. પછી મારા હાથમાં સને ૧૯૪૯ના ઑગસ્ટનો 'રીડર્સ ડાઇજેસ્ટ'નો અંક આવ્યો. તેમાં 'હાઈ બ્લડપ્રેશર? ડોન્ટ બી ઍલાર્મ્ડ!' એવો જૉસેફ વિટ્ઝેનકૉર્ન નામના કોઈ મહા પંડિતનો લેખ હતો. તે વાંચીને હું ખુશખુશ થઈ ગયો. એ લેખને તો અમેરિકન હાર્ટ એસોસીએશનના સંચાલક ડૉ. ચાર્લ્સ એ. આર. કોનાર તરફથી પણ સારી પેઠે ટેકો અપાયો છે.

કોલંબિયા પ્રાંતમાં પ્રેસ્બિટેરિયન સંપ્રદાયનું એક વૈદકીય કેન્દ્ર છે. તેમાં ઉચ્ચ રક્તદાબના દર્દીઓ માટેનો વિભાગ છે. એક પ્રૌઢ નારી એક દિવસ ત્યાં પોતાનો વારો આવવાની રાહ જોતી બેઠી હતી પણ બેઠાંબેઠાં બીચારી થોડીથોડીવારે ધ્રૂજ્યા કરતી હતી કેમકે—

કેમકે બાર વરસે પહેલી વાર એ પથારી ત્યાગીને ઊઠી હતી, અને અહીં ખાસ ફેરતપાસ માટે આવી હતી! બાર વરસ! બારબાર વરસ સુધી એ સૂતી ને સૂતી રહી હતી! કેવો કંટાળાજનક તુરંગવાસ!

એનો રોગ તો તમે સૌ પ્રીછી જ ગયાં હશો: હાઈ બ્લડપ્રેશરાસુર,—એ મહાદૈત્ય જ એનો દુશ્મન હતો. પથારીમાં પડી પડી એ પોતાનું અતિ આકરું થઈ પડેલું જીવન ગાળતી હતી, એવામાં કોઈક હરિનો લાલ ભેટી ગયો. તેણે સલાહ આપી. 'ભલી બાઈ, તું તો બહુ હેરાન થાય છે. તે કરતાં એક વાર આ વૈદકીય કેન્દ્રમાં જઈને ફરી બતાવ, ને સલાહ લે. એ લોકો બહુ સારા માણસો છે. જો વળી, કંઇ લાભ થઈ જતો હોય તો. નહિ તો, છે તે તો છે જ!'

એટલે મહા મનોબળ દાખવી, એ બાઈ પથારી ત્યાગી, વિમાસતી ગભરાતી, આશાને ટેકે ટેકે અહીં આવીને બેઠી હતી.

અને કેન્દ્રના નિષ્ણાતે બાઇને તપાસી. એનું રક્તદબાણ ૨૦૦/

૧૨૦ હતું. એના હૃદયને તો જરાક જ ઈજા હતી. બાઈએ કહ્યું 'વીસેક વરસ પર મને ઉચ્ચ રક્તદબાણ શરૂ થએલું, ને ૭-૮ વરસ વીત્યા પછી તો એક દાક્તરે મને હુકમ કર્યો કે જીવવું હોય તો મારે કાયમ સૂઇ જ રહેવું. તે પ્રમાણે હું સૂતેલી ને સૂતેલી જ રહી છું.'

એટલે નિષ્ણાતોએ પૂછ્યું: 'એ વાતને બાર વરસ થયાં? અને એ બાર વરસથી તમે કાયમ, બારે પહોર ને બત્રીસે ઘડી સૂતાં જ રહ્યાં?'

'હાસ્તો, બીજું શું થાય?'

'ઊભાં થતાં જ નહોતાં?'

'ચોકડીએ (બાથરૂમ) જવું હોય ત્યારે.'

'ત્યારે ચાલીને જતાં?'

'ના, ના; હોય? ઘૂંટણિયાં તાણીને જતી!' બાઇએ ખુલાસો કર્યો.

અને કહ્યું શું એ નિષ્ણાતોએ? 'જા રે બાઇ, જા તારે ઘેર ને ખાઈ-પીને મજા કર. પથારીનો વીંટો વાળીને ચઢાવી દે અભરાઇએ. બાર વરસ પહેલાં જેમ હરતીફરતી તેમ હરવુંફરવું ચાલુ કરી દે. આ તો કોઇક મૂરખાએ તને નાહક બીવડાવી મારી છે. માટે તે બીકનો યે વીંટો વાળીને બારીએથી ફગાવી દેજે. આ બધી દહેશત સાવ ખોટી છે. તું તારે નિરાંતે, આગળ જીવનની જે કંઈ મઝા માણતી હતી તે, જરા અક્કલ ચલાવીને માણ્યા કર. તને કશું થનારું નથી. જાન જવાનો નથી, છાતી બંધ થઈ જવાની નથી. પથારીમાં સૂઇ રહી તે ખોટું હતું. સૂઈ રહ્યાથી કંઈ લાભ થયો નથી; ને હરતીફરતી, બહાર જતીઆવતી રહેશે,—અનેરું કર્યા વિના જીવનની મઝા માણતી રહેશે તો કશું ખારું-મોળું ય થવાનું નથી. હવે તું પ્રૌઢા તો ગણાય જ, એટલે તે ઉમરે સામાન્યરીતે જે કંઈ ડહાપણ વાપરવું ઘટે તે વાપરવું; વયને અનુરૂપ કોઈ પણ પ્રવૃત્તિ કરવામાં વાંધો નથી.'

અને છેક સને ૧૯૪૯માં પ્રકટ થએલા આ લેખમાં પછી લખ્યું છે કે 'આ વાતને ઘણાંક વરસ થઇ ગયાં. પેલી બાઈ હજી મોજથી, લહેજતથી જીવે છે, કામકાજ કરે છે ને પોતાનો ઘરખટલો રીતસર ચલાવે છે, અને એને કશી ય આંચ નથી આવી. અને હં, એનું પેલું બ્લડપ્રેશર? પેલો દૈત? એ તો એને વળગેલો જ છે તો! પણ મૂળે એ દૈત જ નથી, દૈતાભાસી દૈત છે,—અગર હતો!'

અને માનશો? એ બાઇનું લોહીદબાણ ૨૦૦ હતું. તેને ઘટાડવાની પણ કશી કોશિશ આ વૈદકીય કેન્દ્રે કરી નહોતી-કદી નહિ! કેમકે આ કેન્દ્રને બીજું જ કામ અતિ મહત્ત્વનું લાગે છે: દર્દી સમુદાયની બીક ઉડાડવાનું! આ અતિતાણના રોગીઓ અત્યંત ગભરાઈ જાય છે, તેમનાં જીવન પર દહેશતનો ઑથાર પથરાય છે, તેમના કામધંધા બંધ પડી જાય છે, જાણે દેશવટા જેવું જીવન ભોગવવું પડે છે, ખાવાપીવા-માં બિનજરૂરી પરહેજી પાળવી પડે છે, પથારીમાં સૂઈ રહેવું પડે છે—જાણે કે ખૂણો પાળવો પડે છે. તે નાગચૂડમાંથી તેમને મુક્ત કરવાનું કામ આ કેન્દ્ર કરે છે. એક રીતે એને મુક્તિકેન્દ્ર પણ કહી શકાય.'

હવે ત્રીજી એક વાત, બહુ જ ખાતરીપૂર્વકની, જેને સાંભળેલી નહિ પણ જાતઅનુભવ લગભગની કહી શકાય, તે આપું.

બાઇની ઉમર પંચાવન વરસ. અવારનવાર ચક્કર આવે, અશક્તિ લાગે. કામમાં ચિત્ત ચોંટે નહિ અને મનમાં અજંપો રહે.

સ્રીદાક્તરને ત્યાં પતિ સાથે ગઈ. સ્રીદાક્તર ઘણી જ ભલી બાઈ હતી. તેણે બધી હકીકત ધીરજથી સાંભળી લીધી. થોડાક સવાલો પૂછ્યા, ઊલટતપાસ લીધી. થોડા સવાલ તેના પતિને પૂછ્યા. અને પછી બાઇને ખાટલા પર સુવડાવી દઇને તેની છાતી, હૃદય, બ્લડપ્રેશર વગેરે ખૂબ ઝીણવટથી તપાસ્યું. પછી કહ્યું: 'કંઈ ફિકર કરતાં ના. ને હું આય ગોલીઓ લખી આપુંય તે લેવાની કાલજી રાખજો. પન તમુએ કસ્સું બી કામકાજ કરવું નહિ જો! તમારે સંપુરન આરામ જ લેવો. પઠારીમાં સૂઈ જ રહેવું. દાદરા ચડઊતર કરવાના નહિ. રાંઢવાનું બી નહિ. કંઈ કામ કે કાજ—બધ્ધું બંધ. કેતલામે માળે રહેછ?'

વાત મુંબાઈની છે, એટલે દર્દી કયે માળે રહે છે તે સવાલ સૌથી મોટો—ખાસ કરીને અશક્તિને લગતાં દર્દોમાં. 'બીજે માળે.'

'એમ? કેતલાં પગથિયાં હોસે?'

'હશે લગભગ ત્રીસેક, બેય માળ થઇને.'

'બહુ કહેવાય. તે તમારે ચઢવાઊતરવાં નહિજો! સૂઈ જ રહેવાનું.'

ને એમ કહીને ભલી દાક્તરણે બાઈના પતિને પણ તાકીદ કરી.

'સંભાલ બરાબર લેજોજી. એક રાંઢનારું માનસ રાખી લેવાનું. ને નોકર બી બધું કામ કરે તેવો. ને સંપૂરન આરામ આપસો તો થોરા દહારામાં મતી જસે. આય દવા બરાબર લેવાની. ને વાલ-ચતાના નહિ ખાવાના. વાઈદી ચીજ કોઈ બી નહિ ખાવાની. સું સમજિયા?'

એમ કહી, બાઈનું ધ્યાન ન હતું તે વેળા પેલા પતિના કાનમાં કહી દીધું: 'બસોની ઉપર છે, માતે સંભાલ બરાબર લેજો.'

પણ પેલી બાઇએ તો સ્પષ્ટતા કરી: 'એવો આરામ તો મારાથી ક્યાંથી લેવાય? નહિ જ લેવાય. બે ઓરડીનું ઘર ને ટૂંકી આવક. તેમાં નોકર ક્યાંથી રાખીએ ને રસોઇયા ક્યાંથી લાવીએ? એટલે રાંધવું તો મારે જ પડશે. પણ બને તેટલો આરામ લઈશ.'

પતિએ પણ કબૂલત આપી કે 'રાંધવાસીંધવાનાં ને બીજાં કામકાજ-માં હું બને તેટલી વધારે મદદ કરીશ ને બને તેટલો આરામ આપીશ.'

અને બંને ઘેર ગયાં. દવા તો ચાલુ કરી, રીતસર ને પદ્ધતિસર. ખાવામાં પરહેજી યે પાળી, પણ તે પૂરી તો નહિ. પતિએ ઘરકામમાં મદદ કરવા માંડી, કરી પણ ખરી. પણ લુગડાં-વાસણ માટે બાઈ આવતી હતી તે બાદ કરતાં બાકીનું (બે ઓરડીનું) કામ તો બાઇ આસ્તેઆસ્તે કરતી જ રહી. એકાદ વાર, ને કદીક તો બે વાર નીચે ઊતરતી પણ રહી. બજાર જવાનું, ને કદીકદી સગેવહાલે જવાનું પણ ચાલુ જ રાખ્યું. દવાથી થોડોક ફેર પણ પડ્યો, પણ તે કામચલાઉ. બ્લડપ્રેશર પણ ચાલતું રહ્યું, દવા પણ ચાલતી રહી, બાઇ ઘરકામ પણ કરતી રહી, પોતાનું રોજિંદું જીવન ચાલતું હતું તેમજ ચલાવતી રહી અને જીવતી પણ રહી-જીવે જ છે.

એટલે કે રક્તદાબિયાં દર્દીઓ અત્યારે જે દહેશતથી ફફડી ઊઠે છે, ગભરાઈ જાય છે, જીવતરની ઘડી વાળવા બેસી જાય છે તે બિન-જરૂરી છે, અને યોગ્ય દરકારથી વર્તે તો કશો વાંધો નથી આવતો.

એટલે કે રક્તદાબ—ઊંચો રક્તદાબ એ કોઈ હેબક ખાઇ જવાનું મસમોટું કારણ નથી. ને એ વાત માત્ર પેલા પ્રેસ્બિટેરિયન દાક્તરોએ જ શોધી કાઢી છે એમ પણ નથી. બીજાં કેન્દ્રો પરથી પણ આવા જ અનુભવ જાહેર થએલા છે. પણ દુઃખદાયક હકીકત એ છે કે આ નિશ્ચિંત-તાજનક સમાચાર, બહુજનસમાજને હજી પૂરા પહોંચ્યા નથી. એ જો પહોંચે તો કેટલી બધી મુક્તિની, કેટલી નિરાંતની હવા ફેલાય?

અનુસંધાન] રંગગઠરિયાં [પૃ. ૩૪૬થી

હૈયાને ઠારી દે. એક ખૂણામાં રેલાતો રેળાતો નાનકડો જલપ્રવાહ પો-તાની છાતી પર તરતી સફેદ પથ્થરની એક બગલા-આકૃતિને ઉડાડવા મથતો ભાળીને તો દૃષ્ટિ અને મન બંને પ્રફુલ્લી ન્યાલ જ થઈ ગયાં.

ધીમી ગતિએ ને મંદ પગલે એ વાતાવરણમાંથી મેં મારી જાતને સેરવી લીધી; કાયાનો કોથળો જ ખસ્યો, મન તો લાંબા કાળ સુધી એ વનરાજિનાં તરુવૃન્દોમાં વળગેલું જ રહ્યું.

એવો આ પ્રદેશ, હોલો લૅન્ડ—હોલૅન્ડ. અહીંથી નીકળતાં મને થયું કે આ તો 'હૉલો' નહિ પણ ભર્યોભર્યો દેશ છે. (ચાલુ)



મધુકરી

જાગી ને જોગંદર જાગો, ધોરી ને ધુરંધર જાગો,
દવ લાગ્યો છે ડુંગર જાગો, જાગો સૌ સૂતા નર જાગો;
જાગ્યું છે તોફાન જવાનો, લઈ લો હાથ સુકાન જવાનો.
ઊંચો સતની તેગો ચૂમો, શૌર્યકસુંબા પીને ઝૂમો,
ઝૂમો, સમરાંગણમાં ઘૂમો, ઝંઝા શા પૂરજોર ઝઝૂમો;
જગ રહી જાશે વાત જવાનો, ભોમે પાડો ભાત જવાનો.

—અમૃત ઘાયલ

સ્વ. નંદલાલ બોડીવાળા

દર બુધવારે બહાર પડતા સાપ્તાહિક પત્રને જે પ્રજા તેના સાચા નામને બદલે 'બુધવારિયા'-ના નામથી ઓળખે, અને એવાં અઠવાડિક પત્રોમાંથી કોઈએ વાંચેલા સમાચારો કર્ણોપકર્ણ સાંભળી લેવા ઉપરાંત વિશેષ માહિતી મેળવવાનું જે પ્રજામાં કુતૂહલ ન હોય, એવા ગુજરાતીઓને નિયમિત વર્તમાનપત્ર વાંચતા કરનાર માણસમાં સાહસબુદ્ધિ જ નહિ, પણ એ સાહસને અડગતાથી વળગી રહેવાનું નિશ્ચયબળ, તેમાં આવતી મુશ્કેલીઓ સામે ઝૂઝવાની હિંમત, અને તેમાંથી માર્ગ કાઢવાની કુનેહ ઉપરાંત ધંધાકીય સૂઝની જરૂર પડે છે. એ સઘળા ગુણો અમદાવાદના જાણીતા દૈનિક 'સંદેશ'ના સ્થાપક સ્વ. નંદલાલ બોડીવાળામાં હતા. ગયા જુલાઇની ૬ઠ્ઠી તારીખે એમનું અવસાન થતાં ગુજરાતના દૈનિક પત્રકારત્વના ક્ષેત્રે એક સાહસિક વ્યક્તિવિશેષની ખોટ પડી છે.

"અમદાવાદમાં ગુજરાત વર્નાક્યુલર સોસાએટી(હાલની ગુજરાત વિદ્યાસભા)એ પહેલવહેલું સાપ્તાહિક 'વરતમાન' પ્રકટ કર્યું (જે દર બુધવારે નીકળતું) તે પછી લગભગ ૭૫ વરસ સુધી, અને 'મુંબાઈ સમાચાર' ૧૦૦ વરસનું થયું ત્યાં સુધી અમદાવાદ જેવા ગુજરાતના પ્રથમ શહેરમાં કોઇએ દૈનિક અખબાર પ્રકટ કરવાની હિંમત કરી નહોતી. એ જોતાં પ્રથમ દૈનિક શરૂ કરનાર નંદલાલભાઈની પહેલનું મહત્ત્વ સમજાશે." આવી વેરાન માનસિક ભૂમિ ઉપર એમણે 'સંદેશ' શરૂ કર્યું એટલું જ નહિ પણ ગામડાઓમાં લોકો કોઈ પણ દૈનિક પત્રને 'સંદેશ' નામથી જ ઓળખે એવો દૈનિકપત્રનો પર્યાય એમણે 'સંદેશ'ને બનાવી મૂક્યું.

પણ આવી અગ્રિમ સંસ્થા અને એના સ્થાપક બંનેના જીવનની શરૂઆત કેટલી મામૂલી હતી! ઇ. ૧૯૨૩માં માત્ર પાંચ રૂપિયાની મૂડી વડે દૈનિક પત્રની શરૂઆત કરવાનું સાહસ કરનાર નંદલાલ ચૂનીલાલ બોડીવાળાની મૂળ અટક તો 'શાહ'. વડદાદા નાગરદાસ નાતમાં પટલાઇ કરે. માથે ટાલ, એટલે 'નાગર બોડી'ને નામે ઓળખાય. એમના નામ પરથી પડેલા નામવાળી 'નાગરબોડીની પોળ' આજે પણ અમદાવાદમાં છે એટલી એમની ખ્યાતિ હતી. ત્યારથી કુટુંબ 'બોડીવાળા' કહેવાયું. નંદલાલભાઈના પિતા ચૂનીલાલ અને કાકા સાહસિક હતા.



ગજિયાણી કાપડનો ધંધો કરતાંકરતાં મોટું સાહસ કરી 'સત્યોદય' નામે મિલ કાઢી. પણ એમાં મોટી ખોટ ગઈ ને કુટુંબ તદ્દન ઘસાઈ ગયું.

એ ઘરમાં સંવત ૧૯૫૦ના શ્રાવણ સુદ ૮ને દિવસે નંદલાલભાઇનો જન્મ થએલો. કુટુંબની નબળી સ્થિતિને લીધે બાળક નંદલાલને મામાને ત્યાં ભણવા રહેવું પડયું. પણ મૅટ્રિક સુધી પહોંચ્યા એટલામાં મામા પણ ગુજરી ગયા. મામીની કૃપા મેળવવા એમની ભત્રીજી સાથે મામાએ નંદલાલને પરણાવ્યા હતા. પણ એ પત્નીનું પ્લેગમાં નાની વયમાં જ અવસાન થયું. પરિણામે મામીની કૃપા પણ ઓસરી ગઈ ને મામાનું અવસાન થતાં તો નંદલાલ નિરાધાર જેવા બની ગયા.

બીજાં સીલ


જગતનાં પ્રાણીઓ-૬૧



સીલની અનેક જાતો પૈકી એલિફન્ટ(હાથી) સીલ સૌથી મોટા કદનું કહી શકાય. લગભગ ૨૦ ફૂટની કાયા. અને લથપથતી ચામડી હેઠળ બ્લબરનો મોટો જથ્થો હોય છે.


'ગ્રે સીલ' નામની એક બીજી જાત દક્ષિણ-પશ્ચિમ આયર્લૅન્ડ પાસે થાય છે. કેટલાંક નાનાં સીલ બ્રિટિશ ને સ્કૉટિશ ટાપુઓ પર રહે છે. દરિયામાં ઓટ આવે ત્યારે એમનાં ટોળાં સૂર્યના તાપમાં દરિયા તરફ મોં રાખી ઊંઘે છે. ભયની ચેતવણી મળતાં જ એ બધાં સીધાં દરિયામાં કૂદી પડે છે. એમનાં બચ્ચાં પણ જન્મતાં સરસ રીતે તરી શકે છે. આ સીલ પાળી શકાય છે.

બહુપત્નીત્વ એ લગભગ બધાં સીલની ખાસિયત છે. માદા મોટે ભાગે શાંત ને કદમાં નાની હોય છે. નરની ગરદન પરની ચરબીથી એનો દેખાવ પ્રતિભાવાળો લાગે છે, પણ પ્રજનન ઋતુ વખતે પોતાના ઝનાનાની ચોકી પાછળ ખાધા વિના એ દુબળો પડી જાય છે.



સુંવાળી રૂંવાટીવાળાં એમનાં ચામડાં, તથા બ્લબરમાંથી મળતી ચરબી સારુ સીલનો પુષ્કળ શિકાર થાય છે. પ્રજનન ઋતુ બાદ કેટલાંક સીલ તો દરિયામાં હજારો માઇલ દૂર નીકળી જાય છે. પણ નવી પ્રજનનઋતુમાં પાછાં પોતાના 'જન્મસ્થાને' (જો દરિયામાં કિલર વ્હેલ વગેરે જેવાનાં શિકારમાંથી બચી ગયાં હોય તો) અચૂક આવી જાય છે.

શરીર પર દીપડા પેઠે ગોળ ટપકાંવાળાં 'સી-લેપર્ડ' (નીચેનું ચિત્ર) સાતથી બાર ફૂટના કદના, તીક્ષ્ણ દાંતવાળાં, કૌવતવાન ને તરવામાં ચપળ હોઈ આક્રમક છે. એ પૅંગ્વિન તથા નાનાં સીલને મારી ખાય છે.



જીવીજાણનારા

મોત સામે હોડ ખેલનાર ચન્દ્રમણિ

ગયા માસની પાંચમી તારીખનો ગાંડોતૂર વરસાદ! મુંબાઈથી સૂરત સુધીનો પ્રદેશ જળબંબાકાર! નદીનાળાં ઊભરાઈ ગયાં અને અનેક સ્થળે રેલવે લાઈનમાં ભંગાણ પડ્યાં. મુંબાઈ ને સૂરત વચ્ચેનો સળંગ તારટેલિફોન-વ્યવહાર ખોરવાઈ ગયો.

ઉમરગામ પાસે મોટું ભંગાણ પડ્યું. પાટાઓ નીચેની જમીન ધોવાઇ ગઈ. એક નાળા ઉપરના ૧૦૦૦ ફૂટ લંબાઇના પાટા તો જમીનથી અદ્ધર ઝૂલાની પેઠે ઝૂલી રહ્યા.

આ સ્થિતિમાં સૂરત તરફથી આવનારી મુંબાઇની ગાડી તેમાં હોમાઇ જવાનો સંભવ હતો. ભંગાણના ખબર વલસાડની કંટ્રોલ રૂમે પહોંચવા જ જોઇએ! પણ એ માટે સંજાણ જવું પડે. ત્યાંથી જ વલસાડની કંટ્રોલ રૂમનો સંપર્ક સાધી શકાય.

પણ અંધારી રાત, મૂશળધાર વરસાદ, ઠેકઠેકાણે લાઈનમાં ભંગાણ! ને એમાં આ ઝૂલતા પાટા પર જવાનું સાહસ કોણ ખેડે?

પણ ચંદ્રમણિએ બીડું ઝડપ્યું. એ હતો વેસ્ટર્ન રેલવેનો મદદનીશ કાર્યકારી એન્જિનીઅર. રસ્તાની દુરસ્તી અંગે ઉમરગામ આવેલો. એણે સંજાણ જઇને વલસાડની કંટ્રોલ રૂમ પર માહિતી આપવાનો નિરધાર કરી લીધો, અને એક ટ્રૉલી લઇને ઊપડ્યો. બીજા એક બે માણસો પણ સાથે થયા.

ટ્રૉલી ચાલી. ઢીલા પડેલા એ ઝૂલતા પાટા પરથી ટ્રૉલી ગબડે તો સીધી નીચે ૩૦ ફૂટની ઊંડાઇએ ઘૂઘવતાં પાણીમાં જ!

પણ ચંદ્રમણિએ એની પરવા કરી નહિ. મનમાં એક જ રટણ: એક બાજુ પોતાની જ જિંદગીનો સવાલ છે, બીજી બાજુ અનેક જિંદગીઓ પર મોત તોળાઈ રહ્યું છે.

નિશ્ચલતા, હિંમત, ધીરજ અને શ્રદ્ધાપૂર્વક એ જવાંમર્દ ચંદ્રમણિએ ટ્રૉલીમાં ૧૦૦૦ ફૂટનો એ ઝૂલતો પૂલ ઓળંગ્યો, વરસતે વરસાદે ને રસ્તો રંજાડતા તોફાન વચ્ચે એ સંજાણ પહોંચ્યો અને ત્યાંથી વલસાડના કંટ્રોલ રૂમને સાબદું કરી દીધું!

મૅટ્રિક સુધી તો ભણી રહ્યા હતા. આગળ ભણવા માટે એક બુકસેલરને ત્યાં ઘરાક લાવી આપવાની જવાબદારીવાળી ભાગીદારી કરીને ખર્ચ કાઢી કૉલેજમાં ભણવા માંડ્યું. પણ ઈન્ટરથી અભ્યાસ અટકાવી દેવો પડ્યો. આ દરમિયાન પત્રકારત્વની ભૂખ ઊઘડી હતી. એ ક્ષેત્રે 'ગૃહિણીભૂષણ' અને 'દશા શ્રીમાળીબંધુ' નામનાં માસિકો તથા 'મનોરંજન' અને 'ગ્રામસ્વરાજ્ય' ઈત્યાદિ સામયિકોનું સંપાદન સંભાળ્યું હતું. અંતે ઈ. ૧૯૧૯માં 'સ્વરાજ્ય' નામનું પત્ર કાઢવાના સાહસમાં ઝંપલાવ્યું. પણ સફળતા ન મળી.

પણ વડદાદા નાગર બોડીનો આગેવાની કરવાનો ને પિતા-કાકાનો વેપારી સાહસો ખેડવાનો જેને વારસો મળ્યો હતો એ જીવને ચેન કેમ પડે? ૧૯૨૩માં ફરી એમણે દુઃસાહસ કહી શકાય એવું પગલું ભર્યું. પાસે મૂડી ન હોવા છતાં એક મિત્ર પાસેથી પાંચ રૂપિયા ઉછીના લઈ એણે એક પૈસાની કિંમતનું દૈનિક 'સંદેશ' પ્રકટ કરવા માંડ્યું! આજથી ચાર દાયકા પહેલાં છાપાં વાંચવાને બિલકુલ નહિ ટેવાએલી ગુજરાતની પ્રજામાં દૈનિક કાઢવું ને ચલાવવું એ કેવા મોટા જિગરનું કામ હતું એ આજે નહિ સમજાય. કોઇ સ્થાયી મૂડી વિના, રોજે રોજ એક એક પૈસાથી જે વેચાણ થાય એમાંથી જ બધો ખર્ચ નિભાવવાનો. ભૂખ લાગે ત્યારે છાપખાનાના જ ટેબલ પર બેસીને ચણા ફાકીને ચલાવી લે. ચા પીવાના પૈસા નહોતા. કોઈ વાર કૉમ્પોઝીટર પાસેથી લીધાના દાખલા પણ બનેલા છે. આમ છતાં એમણે પુરુષાર્થ જારી જ રાખ્યો.

અંતે ૧૯૩૦માં એક તક મળી ગઈ. મહાત્માજીના મહાભિનિષ્ક્રમણ સમી 'દાંડીકૂચ' શરૂ થઈ. રાષ્ટ્રોદ્રેકથી ધમધમી રહેલા એ વાતાવરણના ખબર મેળવવાને ઉત્સુક પ્રજાની ઉત્કંઠાને સંતોષવા એમણે કૂચની સાથેસાથે ફરીને ખબર મેળવી 'સંદેશ'ના રોજના ચારચાર વધારા (એક વાર તો છ) પ્રકટ કરવા માંડ્યા અને ગુજરાતના ગામડે ગામડે લોકોને છાપું વાંચતા કરી દીધા. કૂચનો જુવાળ તો શમી ગયો, પણ દરમિયાન લોકોને છાપું–સંદેશ વાંચવાની ટેવ પડી ગઈ.

છાપા માટે પૂરક આવક મેળવવા એમણે જાતે રખડીરખડીને સિનેમાવાળાઓ, દવાવાળાઓ અને પછી કાપડવાળાઓને સમજાવી-સમજાવીને પોતાના દૈનિકમાં જાહેરખબર આપતા કર્યા. આજે એવી સ્થિતિ છે કે દૈનિક પત્રોને જાહેરખબરો પાછી વાળવી પડે છે.

'સંદેશ'ની એ જ લોકપ્રિયતાના બળ પર જાહેર જીવનમાં ઝંપલાવવા ૧૯૩૫માં તેઓ મ્યુનિસિપાલિટીની ચૂંટણીમાં સ્વતંત્ર ઉમેદવાર તરીકે ઊભા રહ્યા ને સરદાર વલ્લભભાઈ જેવાની આગેવાનીવાળી અત્યંત લોકપ્રિય કૉંગ્રેસના ઉમેદવાર સામે સારા મતે ચૂંટાઇ આવ્યા. એ પછી એમણે 'સ્ટાર' નામે અંગ્રેજી દૈનિક પણ કાઢી જોયું, પણ એમાં ન ફાવ્યા.

આ દરમિયાન 'સંદેશ' અને એનાં અનુષંગી પ્રકાશનો પાછળ એમણે જાત ઘસી નાખેલી. રોજ રાત્રે દોઢ વાગ્યે છાપું મશિન પર જાય તેની પહેલી નકલ લઈને જ ઘેર જવાના આગ્રહવાળાના એ શરીર પર ઈ. ૧૯૪૧માં પક્ષાઘાતનો હુમલો થયો. ઉપચારોથી એ પાછો તો વાળી શકાયો, પણ ડાબા પગમાં કાયમી ખોડ આવી ગઈ. ફરી ગમે ત્યારે એ રોગનો હુમલો શક્ય હતો. સંતાનમાં માત્ર એક પુત્રી હતી અને બીજી ચિંતા હતી 'સંદેશ'ની. એ બધાંની કાયમી વ્યવસ્થા વિચારવા માંડી. ૧૯ વર્ષનું સંદેશ હજી આપબળે ચાલી શકે એવું પગભર નહોતું, એટલે 'સંદેશ'ને લિમિટેડ કરવાનું નક્કી કર્યું. એને માટે સ્વતંત્ર મકાન અને કલાકે ૪૦ હજાર નકલો છાપી શકે એવું સ્ટીરિયો રોટરી (ગુજરાતભરમાં પ્રથમ) મશિન લાવવાનો નિરધાર કર્યો. લોકોએ પણ એમાં ઉત્સાહ દાખવ્યો ને મૂળ પાંચ લાખને બદલે દસ લાખની મૂડીથી 'સંદેશ' લિમિટેડ થયું. ૧૯૪૭માં સ્વરાજ્ય મળ્યું અને 'સંદેશ' સ્વતંત્ર મકાનમાં ગયું. આ જ વર્ષમાં ફરી પક્ષાઘાત પણ થયો અને કાયમી પરાવલંબતા આવી ગઈ. હવે સંસ્થાના સંચાલનમાં પત્ની સ્વ. સરસ્વતીબેનના સાથથી એમને ટેકો રહેતો. પણ એમનું ય અવસાન થતાં એમની તબિયત ને કદાચ હિંમત પણ ભાંગી ગઈ. ૧૯૫૮માં 'સંદેશ' હાલના મૅનેજિંગ તંત્રી શ્રી ચીમનભાઈ પટેલને સોંપી દઇ તેઓ નિવૃત્ત થયા. તબિયત લથડતી ગઈ અને ગયા જુલાઇની ૮ઠ્ઠી તારીખે એમનું અવસાન થયું. 'સંદેશ'ની કારકિર્દીનો ઇતિહાસ, અને એમણે કરેલા દાનમાંથી ઊભાં થએલાં સરસ્વતી પ્રસૂતિગૃહ, રાધાકૃષ્ણનું મંદિર, એક કન્યાશાળા તથા ભારત સેવાશ્રમના મકાનના ચારેક ખંડોમાં આજે એમની સ્મૃતિ જળવાઈ રહી છે.

ગુપ્ત સંદેશવ્યવહારનું નવું અફર સાધન

મિલિટરી, પોલીસ તથા એવાં કેટલાંક અગત્યનાં ખાતાંઓના અતિ મહત્ત્વના ગુપ્ત સંદેશવ્યવહારને સંપૂર્ણતઃ ગોપવી શકે એવું એક નવતર સાધન શોધાયું છે. લગભગ ૧૧ રતલના આ અમેરિકન સાધનમાં પેનસિલ જેવા પાતળા ઈન્ફ્રારેડ કિરણના બિંબના આધારે રચના કરવામાં આવી છે. મિસાઈલ ક્ષેત્રો, રૉકેટ-ઉડ્ડયનનાં ક્ષેત્રો, હવાઇ મથકો વગેરે જેવા સ્થાને, જ્યાં ઈલેક્ટ્રૉનિક સાધનોમાં ગોટાળો થઇને

ઘરગથ્થુ ઔષધ — ચક્રમર્દ · શરપંખો ૨૦]

ચોમાસામાં ખૂબ ઊગી નીકળતી બે વનસ્પતિઓનો પરિચય કરવા જેવો છે. એક વખત એને ઓળખી લીધા પછી એ ભૂલાશે નહિ અને કયારેક ઘરગથ્થુ દવા તરીકે ખૂબ ઉપયોગી થશે. ગુજરાતીમાં 'પુંવાડીઓ' કે 'કુંવાડીઓ' નામથી જાણીતી વનસ્પતિને સંસ્કૃતમાં 'ચક્રમર્દ' કહે છે.

એનો છોડ ૨ થી ૫ ફૂટ ઊંચો થાય છે અને એમાંથી અણગમતી વાસ આવે છે. પાનની ઉપરની સપાટી લીલી અને નીચેની સપાટી ફિક્કી હોય છે. પાન જાડાં અને ચોળવાથી ચિકાશવાળાં જણાય છે. આ ચક્રમર્દને સંસ્કૃતમાં 'મેષલોચન' પણ કહે છે, કેમકે એનાં પાંદડાંની આકૃતિ મેષ (ઘેટા) જેવી હોય છે. ચક્રમર્દ હલકો, ગળ્યો, રુક્ષ, હૃદયને હિતકર, શીતળ અને પિત્ત, વાયુ, કફ, દમ, કોઢ, દાદર તથા કૃમિને મટાડે છે.

દાદરનો દુશ્મન

ચક્રમર્દ દાદરની સર્વોત્તમ દવા છે. ચક્ર એટલે દાદર. ચક્રની જેમ ગોળાકાર થતી હોવાથી દાદરને ચક્ર કહે છે. એનું મર્દન એટલે નાશ કરે તે ચક્રમર્દ. મૂળાનાં પાંદડાંના રસ સાથે ચક્રમર્દનાં બીજ લસોટી દાદર ઉપર ચોપડવાથી મટી જાય છે. બીજના ચૂર્ણને ખાટી છાશમાં, લીંબુના રસમાં કે ચક્રમર્દનાં પાંદડાંના રસમાં કાલવીને ચોપડવાથી 'ભલભલી દરાજ મટી જાય છે' એમ શ્રી બાપાલાલભાઇએ નોંધ્યું છે. આ બીજમાં 'ક્રાઇસોફેનિક' ઍસિડ હોય છે જે દાદરનો નાશ કરવામાં ઉત્તમ છે.

શરપંખો

બીજી વનસ્પતિ, મૂળ 'શરપુંખ' ઉપરથી ગુજરાતીમાં શરપંખો કહેવાય છે. ચોમાસામાં વગડામાં અને ખુલ્લી જગ્યાઓમાં એ પુષ્કળ ઊગી નીકળે છે. એનાં પાંદડાંને વચ્ચેથી તોડવાથી એ સીધું તૂટતું નથી, પણ તીર (શર)ના અંતિમ ભાગ જેવાં બે પુચ્છની આકૃતિ રચાય છે એથી એને સંસ્કૃતમાં શરપુંખ કહે છે.

છોડ ૧ થી ૨ ફૂટ ઊંચો થાય છે. તેમાં ઘણી શાખાઓ હોય છે અને તે પર આમલીની પેઠે સળી પર સંયુક્ત નાનાં પાન હોય છે. શરપંખાનાં ફૂલ પતંગિયાં જેવાં રમ્ય હોય છે. એનો રંગ ગુલાબી કે જાંબુડિયો હોય છે. શિયાળામાં તેને દોઢથી બે ઈંચ લાંબી તલવાર જેવી વળેલી શીંગો બેસે છે. શીંગ અણિયાળી, ચપટી અને ભૂરા રંગની હોય છે.

શરપંખો કડવો, તૂરો, હલકો તથા યકૃત અને બરોળના રોગ, ગોળો, વ્રણ, વિષ, ખાંસી, લોહીવિકાર, દમ તથા તાવનો નાશ કરનાર છે.

પ્લીહશત્રુ


શરપંખાનું એક સંસ્કૃત નામ 'પ્લીહશત્રુ' આપવામાં આવ્યું છે. બરોળને સંસ્કૃતમાં પ્લીહ કે પ્લીહા કહે છે. બરોળના વિકારોને દૂર કરવાનો શરપંખામાં ઉત્તમ ગુણ છે. યકૃત અને બરોળ આયુર્વેદની દૃષ્ટિએ રક્તાશય (લોહીનાં મુખ્ય સ્થાન) છે. બરોળ વધી હોય ત્યારે 'પ્લીહોદર' નામનો ઉદરરોગ થાય છે. આ રોગમાંથી આગળ જતાં જળોદર થઈ જાય છે. બરોળ કે યકૃતના વિકારમાં શરપંખાના મૂળનું ચૂર્ણ ૦ા તોલો સવારસાંજ છાશ સાથે પીવું. લાંબા વખત સુધી આ સાદીસીધી દવાના સેવનથી ચમત્કારિક ફાયદો થશે. જો ચોમાસું હોય અને શક્ય હોય તો શરપંખાનાં લીલાં મૂળ લાવવાં અને રોજ દાતણ કર્યા પછી દાતણ જેવડા મૂળિયાને સ્વચ્છ કરીને ચાવવું અને એનો રસ ગળે ઉતારી જવો. બાળકની બરોળ વધી હોય એમાં પણ યોગ્ય માત્રામાં ચૂર્ણ કે લીલાં મૂળિયાંનો ઉપયોગ કરવો. બરોળ કે યકૃત વધ્યા પછી જળોદર થઈ ગયું હોય તો એમાં બીજી દવાઓની સાથે શરપંખાનો ઉપયોગ ખાસ કરવો. બરોળ મટ્યા પછી જ જળોદર મટી શકશે.

ગંડમાળ પર શરપંખાનાં મૂળ અને હળદરને ગાયના દૂધમાં ઘસી લેપ કરવાથી લાભ થાય છે. શરપંખાના મૂળના ચૂર્ણનું મોંથી સેવન કરવાથી અંડવૃદ્ધિમાં પણ લાભ થાય છે.

લાભશંકર ઠાકર

શતરંજના કોયડાની હરીફાઇ

શતરંજની રમત અને એના કોયડા વગેરેના પરિચય પછી હવે આ અંકથી એની એક હરીફાઈ શરૂ કરીએ છીએ. અહીં દર મહિને શતરંજનો એક કોયડો અપાશે તેનો ઉકેલ લેખકને પછીના મહિનાની ૭મી તારીખ સુધીમાં મળે તે રીતે મોકલવો. તેનો સાચો ઉકેલ તથા એ મોકલનારનાં નામ તથા તેમણે મેળવેલ માર્કસ બે મહિના પછીના અંકમાં છપાશે. આ હરીફાઇ એક વર્ષ સુધી ચલાવવાનો ખયાલ છે. એ દરમિયાન આપેલા બારેબાર કોયડાના ઉકેલ માટે વાચકોએ મેળવેલા માર્કસના સરવાળા કરતાં વધુમાં વધુ માર્કસ મેળવનાર પ્રથમ બે કે ત્રણ હરીફોને ઇનામ અપાશે.



આ મહિને એક Direct mate વાળો કોયડો આપ્યો છે. એમાં સફેદે કાળાને બે ચાલમાં મ્હાત કરવાનો છે. પૂરા માર્કસ મેળવવા માટે કોયડાનો પૂરો ઉકેલ મોકલવો જરૂરી છે. પૂરો ઉકેલ એટલે ચાવી (Key move) ધમકી (–Threat, હોય તો) અને જેટલા હોય તેટલા Variations તથા અગત્યના પ્રયત્નો ને તે કાળાની કઈ ચાલ સામે નિષ્ફળ જાય છે તે જણાવવું. મધ્યવર્તિ વિચાર આપવો આવશ્યક નહિ ગણાય.

આ કોયડાનો ઉકેલ તા. ૭-૯-'૬૩ સુધીમાં લેખકને નીચેના સરનામે મળી જવો જોઇએ.

સુરેશ એમ. મોદી, ૬/૯ કંદહારી કૉલોની, ચૅમ્બુર, મુંબાઈ-૭૧.

ભયંકર પરિણામો સર્જાવાની શકયતા રહે છે ત્યાં એ 'ખાનગી સંદેશ-વ્યવહાર' પદ્ધતિ અપનાવી શકાશે. દૂર દરિયામાં તેલ માટે ડ્રિલિંગ કરતાં જહાજો સાથે કિનારેથી સંદેશાની આપલે કરવામાં, જંગલખાતાની ઊંચી ચોકીઓ પરથી ખાતાનાં મથકો સાથે વાતચિત કરવા વગેરે જેવાં કામોમાં એ વાપરી શકાશે. ગમે તેવા હવામાનમાં, દિવસે કે રાત્રે તે લેવાય છે. અવાજને ઈન્ફ્રારેડ કિરણોના બિંબમાં પરિવર્તિત કરીને તે બહાર પાડે છે. સામે છેડે એ કિરણો ઝિલાઈને એનું ફરી સ્વરમાં રૂપાંતર થાય છે. આ કિરણબિંબ એટલું તો પાતળું હોય છે કે એમાં ડખલ થવી કે એને વચ્ચેથી પકડવું અશક્ય જ છે.

લીમડા અને કેળના રસ વિષે વહેમ

સામાન્ય રીતે આપણા દેશમાં એક એવી માન્યતા પ્રવર્તે છે કે લીમડાનો રસ પીવાથી નપુંસકતા પેદા થાય છે. આ માન્યતા કેવળ ભ્રમ છે. આયુર્વેદના ગ્રંથોમાં લીમડાને ઠંડો, શીતવીર્ય ગણ્યો છે. પિત્તના, રક્તવિકારના ને આમના દોષો એનાથી દૂર થાય છે. પણ એના ઉપયોગથી ઉપર કહી તેવી અસર ભાગ્યે જ જોવા મળે છે. આવો જ એક વહેમ કેળના રસનો ચાલે છે. આવા ભ્રમમાંથી પ્રજાએ છૂટવું જોઇએ. શીતવીર્ય કહેવામાં જાતીય મંદતા નહિ, પણ ઉષ્ણતા ઓછી કરવાનો એનો ગુણ સ્વીકારવામાં આવ્યો છે.

વિલાયતી

આજે 'વિલાયત' શબ્દનો ઉપયોગ ઘટતો જાય છે. પરંતુ એક વખત ભારતની લગભગ બધી જ ભાષાઓમાં એ પુષ્કળ વપરાતો. 'વિલાયત' એટલે ગોરાઓનો દેશ, યુરોપ, ઈંગ્લંડ, એટલું જ બસ નથી. એક અરબી શબ્દ છે 'વલી' એનું રૂપ 'વાલી' પણ છે. એ 'વલી' કે 'વાલી' એટલે સુરબ્બી, માલિક, સંરક્ષક, પાલક, શાસક, હાકેમ વગેરે. સગીર બાળકનાં માબાપ ન હોય (કે હાજર ન હોય) ત્યારે એને સાચવવાની, એની માલમિલકત જાળવવાની જવાબદારી લેનારને આપણે એના 'વાલી' કહીએ છીએ. આપણે ત્યાં આ શબ્દ તુર્કસ્તાનમાં થઇને આવ્યો છે. તુર્કસ્તાનમાં 'વાલી' એટલે કોઇ 'પ્રાંતનો ગવર્નર. આ 'વાલી'ની હકૂમતનો પ્રદેશ, તે 'વિલાયત'. છેવટે 'વિલાયત' એટલે તુર્કસ્તાનનો એક પ્રાંત એમ પણ થયું. ભૂતકાળમાં ભારત પર ચડી આવનાર મુસ્લિમ ધાડાંઓમાંના તુર્કી સૈનિકો પોતાના 'વતન' પાછા ફરવાની વાત કરતા ત્યારે 'વિલાયત' જવું છે એમ કહેતા. આ પરથી અફઘાની, ઈરાની, અરબસ્તાની વગેરે સૈનિકોએ પણ પોતપોતાના વતન માટે વિલાયત શબ્દ વાપરવા માંડચો, ને આમ ધીમેધીમે એનો અર્થ 'માતૃભૂમિ' 'વતન' 'સ્વદેશ'એવો થઈ ગયો. પાછળથી આવેલા ગોરાઓની બાબતમાં પણ આ શબ્દ એ અર્થમાં અપનાવ્યો અને વિલાયત એટલે ગોરાઓનો દેશ કે ઇંગ્લંડ એમ થયું, ને પછી તો ધીમેધીમે વિલાયત એટલે ભારત સિવાયનો કોઇ પણ દેશ એવું યે થયું.

પણ ગોરાઓનું કામ અહીં લાંબું ચાલ્યું. એ તો જામ્યા. એટલે ધીરેધીરે બીજા બધા અર્થ ઘસાતા ગયા ને વિલાયત એટલે ઇંગ્લંડ કે ગોરાઓનો જ દેશ એમ થયું. પણ બધા જ ગોરાઓ કંઈ ઇંગ્લંડના જ નહોતા! એટલે વળી અર્થનો વિસ્તાર થયો, ને ગોરાઓના બધા જ દેશો—'યુરોપ' એવો એનો અર્થ થયો, અને પછી એ અર્થમાં તે સ્થિર થયો છે. 'વિલાયત' પરથી બનેલો 'વિલાયતી' શબ્દ પણ આપણે ત્યાં એટલો જ પ્રચલિત થયો છે. યુરોપમાં બનેલી ચીજો માટે તો એ વપરાયો જ. પણ સાથે જ યુરોપિયનો જોડે આવીને ભારતના સભ્ય સમાજમાં, સંસ્કારજીવનમાં પ્રવેશેલી નવીનવી વસ્તુઓ ને બાબતો માટે પણ એ વપરાયો. સોડા વૉટર માટે 'વિલાયતી પાની' એવો પ્રયોગ થએલો પણ નોંધાયો છે.

પછી તો આપણે એમાં નવા અર્થો પણ ઉમેર્યા. આપણને ખૂબ જ જાણીતી એવી કોઈ ચીજને ઘણી મળતી આવતી, છતાં જુદી પડતી એવી ચીજ માટે, *એની ભિન્નતા દર્શાવવા પણ આપણે 'વિલાયતી'* શબ્દ વાપર્યો—પછી એ ચીજ ભલે ભારતીય હોય! દા.ત. વિલાયતી આમલી, વિલાયતી જાંબુ (સફેદ જાંબુ), વિલાયતી ગુલાબ (લગભગ ગુલાબ જેવા જ આકારનાં સુગંધ વગરનાં નાના ફાલસા જેવા રંગનાં ફૂલ) વગેરે. આ પ્રવૃત્તિ આગળ વધતી રહી. કૈં અસાધારણ કે વિચિત્ર હોય તે પણ પછી વિલાયતી કહેવાવા માંડચું, ને પછી તો તોછડા કે મૂરખ માણસ માટે પણ વ્યંગમાં એનો પ્રયોગ થવા લાગ્યો.

પણ એનું ખાસ નોંધપાત્ર રૂપ તો ગત પહેલા વિશ્વયુદ્ધ દરમિયાન ઘડાયું. તે વખતે ભારતમાં આવેલા અસંખ્ય બ્રિટિશ સૈનિકો, સ્વાભાવિકરીતે જ 'બિલાયટ'ને 'બિલાયટી' શબ્દોના પરિચયમાં આવ્યા. એમણે આ 'બિલાયટી'નું, એમનું, એમને કંઇક સરળ પડે એવું રૂપ 'બ્લાઇટી' કર્યું! ને એ Blighty તો ઝડપથી પ્રચલિત પણ થઇ ગયું! પછી તો લડાઈમાં કોઇ સૈનિક ગંભીર રીતે ઘવાય ને એનો ઈલાજ ભારતમાં શક્ય ન હોય, એ માટે એને ઈંગ્લંડ જ મોકલવો પડે એમ હોય ત્યારે એને માટે Blighty one (બ્લાઈટી વન) એવો પ્રયોગ પણ પ્રચલિત થઈ ગયો. વલી, વાલી, વિલાયત, વિલાયતી, બિલાયત બિલાયટી ને બ્લાઈટી! સૈકડો વર્ષોના પથરાએલા મંચ પર ખેલાએલી આ શબ્દલીલા કેવી મનોરંજક છે!

(જન્મભૂમિ-પ્રવાસી) —'સુદર્શન'

કપપ ('કુમાર' અંક ૪૮૬)

ક્લાઉડ બર્સ્ટ

તાજેતરમાં કાશ્મીરના પહેલગાંવ શહેરમાં કેટલોક ભાગ વરસાદના એક પ્રચંડ ઝાપટામાં તણાઈ ગયો! અંગ્રેજીમાં એ ઝાપટાને 'ક્લાઉડ બર્સ્ટ' કહ્યું છે. જો વરસાદના વર્ગ પાડીએ તો અનુક્રમે ફરફર, ઝરમરઝરમર વરસાદ, ઝાપટું, મૂશળધાર અને ક્લાઉડ બર્સ્ટ એમ પડી શકે.

મૂશળધાર વરસાદમાં એક કલાકે એક ઈંચ જેટલું પાણી પડે છે. આવો ભારે વરસાદ પશ્ચિમઘાટ તથા આસામમાં વખતોવખત પડે છે.

'ક્લાઉડ બર્સ્ટ' એના કરતાં ઘણી જલદ ક્રિયા છે, જેમાં કલાકે ૧૦ ઇંચ કે તેથી યે વધારે વરસાદ તૂટી પડે છે. અમેરિકામાં પનામા રાજ્યમાં એક વખત આવા વરસાદમાં ફક્ત ત્રણ જ મિનિટમાં ૨·૪૭ ઈંચ પાણી વરસી ગયું હતું! આ જોતાં 'ક્લાઉડ બર્સ્ટ' એટલે 'બારે મેઘ તૂટી પડે' એમ કહી શકાય. આ પ્રકારનો વરસાદ એકાએક, ગાંડોતૂર બનીને અને બહુ જ નાના પ્રદેશને આવરીને થોડાક સમય સુધી જ વરસે છે. એક જ જગ્યા ઉપર કેન્દ્રિત થઇને બૉમ્બમારો થતો હોય એના જેવું એ હોય છે. એના જોરથી નાનકડી ટેકરીઓ તો ખતમ થઈ જાય.

એવો વરસાદ કેમ થાય છે? આપણે જાણીએ છીએ કે વાદળોમાંની વરાળ એકઠી થઈ ટાઢી થઇને જલબિંદુરૂપે પૃથ્વી ઉપર વરસે છે. આ ક્લાઉડ બર્સ્ટમાં એવું બને છે કે હવાના ભયંકર દબાણના કારણે વરસાદ વાદળમાં જમા થઈ રહે છે,ને વાદળમાંથી પૃથ્વી ઉપર આવી શકતો નથી. આમ, પાણીનો સારો એવો જથ્થો ઊંચી સપાટીએ એકઠો થઈ રહે છે. હવે પેલું હવાનું દબાણ જેવું ઓછું થાય કે તરતજ વાદળોમાંજમા થએલું પાણી એકસાથે નીચે તૂટી પડે છે—જાણે કે અવકાશમાં રહેલું મોટું તળાવ એકાએક તૂટચું ન હોય, એમ! આથી એક સાથે જોરદાર વરસાદ વરસી જાય છે, જેને 'ક્લાઉડ બર્સ્ટ'–'વાદળ તૂટી પડચું' હોય એવા વરસાદ તરીકે ઓળખવામાં આવે છે. ('સંદેશ')



ચીની આક્રમણ સામેના ભારતીય સંરક્ષણ પ્રયત્નોને બિરદાવતી બે ખાસ ટિકિટો આ સ્વાતંત્ર્યદિને બહાર પડી : એક રૂપિયાની ટિકિટ પર, હિમાલયની પર્વતમાળામાં કાતિલ ઠંડીમાં પહેરો દેતા ભારતીય સંત્રીનું, ને બીજી પંદર નયા પૈસાની ટિકિટ પર, પર્વતમાળાના કપરા માર્ગ પર યુદ્ધસામગ્રી ચડાવવા પરિશ્રમ કરતા ભારતીય જવાનોનું આલેખન છે.

'હેં બા, આ છોકરાં કેટલા રૂપિયે શેર વેચાતાં હશે?'
'જા જા, છોકરાં તે વળી વેચાતાં હશે?'
'તો પછી બધાં છોકરાં જન્મે કે તરત તેમને જોખતાં કેમ હશે?'

પનુ : આમ જિંદગીભર વાંઢા રહેવાથી તું કંટાળી નથી જતો?
ધનુ : મારા બાપા કચ ટાળ્યા'તા તે હું કંટાળું?

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

પહેલું તથા ત્રીજું ઇનામ : મોકૂફ; બીજું ઈનામ : ભીખુભાઈ શાહ, પોરબંદર; નોંધપાત્ર (૧) વાસણાની 'ભાગોળ'–રોહિત વી. સંઘાણી (૨) 'Temple Entrance' પી. બી. ખાટા, મુંબઇ.

આ વખતનાં ચિત્રોમાં ચિત્રદષ્ટિ સાથે ટેકનિક તેમજ વિષય-વૈવિધ્ય પણ પ્રશસ્ય છે. આ રીતે જો વિવેકપૂર્વક કૅમેરાનો ઉપયોગ થતો રહે તો આવા વખતમાં કરકસર સાથે ફોટોગ્રાફીનો શૉખ જળવાઇ રહે.

પહેલા ઈનામને પાત્ર કોઈ ચિત્ર નથી. બીજું ઈનામ ભીખુભાઈ શાહ પોતાનાં બે ચિત્રોની ગુણવત્તાથી મેળવે છે: (૧) 'ડોકિયું' અને (૨) 'બેલૂરમઠ–કલકત્તા'. 'ડોકિયું' ચિત્રમાં કુતૂહલદષ્ટિથી દૂર કાંઇક નિહાળી રહેલા નાના ભુલકાનો સાનંદાશ્ચર્યમયો ભાવ સચોટ રીતે ઉતારવા માટે ભાઇ શાહે બરાબર યોગ્ય તકે જ ચાંપ દાબી છે. આગળના જમણા ખૂણામાંથી ઊંચે સુધી આઉટ ઑવ ફોકસ રહેલાં ડાળાં-પાંદડાં બાદ કરતાં દષ્ટિને વિક્ષેપ કરતી નકામી કોઈ વસ્તુ ચિત્રમાં નથી. પ્રિન્ટને નીચેથી અર્ધો ઇંચ કાપવાની અને ઉપલો ડાબો ખૂણો છાપમાં વધારે ઘેરો લાવવાની જરૂર છે. 'બેલૂરમઠ'ના સમગ્ર દશ્યને આવરી લેતા ચિત્રમાં સારી ટેકનિક સાથે દૂરની દીવાલોના ત્રાંસ ઘટાડી શકાયા હોત તો તે ખામી રહિત બની રહેત.

ભાઈ રોહિત વી. સંઘાણીનું 'ભાગોળ' ચિત્ર પણ પ્રશંસનીય પ્રયાસ છે. ગુજરાતના ગામડાની ભાગોળ અને ત્યાંના વાસ્તવિક રોજિંદા જીવનનો હૂબહૂ ચિતાર તેમાં છે. સાથેસાથ સવારના મૃદુ અને સામા પ્રકાશે લેવાએલા સ્નૅપમાં વાતાવરણની તાજગી અનુભવાય છે. પણ એક ક્ષતિ આ ચિત્રને સારા ઈનામને પાત્ર થતું અટકાવે છે. આ જ ચિત્ર આ જ કોણથી પણ જરા દૂરથી લેવાયું હોત તો ગાડાની આગળ ઊભેલો ડોયા જેવો છોકરો, બાજુ ઉપર બેઠેલો કૂતરો અને માનવપાત્ર ચિત્રમાં સુયોગ્ય પ્રમાણમાં આવી રહેત ને આગળના ભાગમાં જે વસ્તુઓ ખીચડા જેમ ખડકાએલી લાગે છે તે છૂટી પડીને યોગ્ય સ્થાનમાં આવી જઇને, નજરને દૂરદૂર ભાગોળના સીમાડા સુધી ફેરવતું એક સુરુચિકર ચિત્ર બની જાત. પ્રિન્ટની ટેકનિક સારી છે.

ભાઈ ચન્દ્રકાત ખાટાનું અંગ્રેજી નામાભિધાન (ટેમ્પલ એન્ટ્રન્સ) વાળુ શ્રી નાથદ્વારાના પ્રવેશદ્વારનું, સામા મીઠા પ્રકાશમાં લેવાએલું ચિત્ર રસમય બન્યું છે. કૅમેરાનો કોણ, પ્રકાશયોજના, એક્સ્પોઝર બધું ઠીક છે; પણ વધારે પડતા માણસોની અવરજવર, ડાબા ખૂણે ઊભેલી ગાય, ઓટલે બેઠેલાં માણસો એ બધો જમેલો એક સુંદર સ્થળની મઝાને બગાડી નાખે છે. એકાદ બે પાત્રથી યોગ્ય સંયોજના રચાવાની ધીરજપૂર્વક રાહ જોવી જરૂરી હતી.


શ્રીદામ ભટ્ટ



(ઉપર) 'ટેમ્પલ એન્ટ્રન્સ' ચદ્રકાન્ત ખાટા–મુંબાઈ અને (નીચે) 'ભાગોળ': રોહિત સંઘાણી. બને ચિત્રો નોંધપાત્ર છે.







ડાબી બાજુ 'બેલૂર મઠ–કલકત્તા' અને જમણી બાજુ 'ડોકિયું' (બીજું ઈનામ): ભીખુભાઈ શાહ–મુંબાઈ

એક રાતની વાત (અનુસંધાન પૃ. ૩૨૭થી) જ ભરાયો હતો, સંતાયો હતો. મેં ઝડપથી બારણું બંધ કરી દીધું. પણ બારી ખુલ્લી હતી. થોડી વાર પછી ફરી બારણે ટકોરા પડચા. આ વખતે મેં ખોલ્યું નહિ.

બારી સામે ખુરશીનું મોઢું ફેરવી, પગ પર કામળો ઢાંકી, બારી બહાર હું તાકતો બેઠો. ઓરડાની અંદરના ફાનસના પ્રકાશથી બહારનો અંધકાર વધારે ઘેરો લાગતો હતો. બહાર કોઇ ફરતું હોય તો દેખાય પણ નહિ, એમ ધારી ફાનસ મેં ભીંતમાંનું કબાટ ખોલી અંદર મૂકી, કબાટનું બારણું બંધ કરી દીધું. ફાનસ ઓલવી નાખું તો જ્યારે જરૂર પડે ત્યારે સળગાવવું શી રીતે?

બહાર એકધારો સતત વરસાદ પડતો હતો. વીજળીના એક ચમકારામાં મેં મારી કાંડા ઘડિયાળમાં જોયું તો ૧૧ વાગ્યા હતા. રાત હજુ હવે શરૂ થતી હતી!

મનને બીજે વાળવા હું 'શ્રી કૃષ્ણ શરણં મમ'નો જાપ કરી ગયો; સિનેમાનાં આવડતાં ગાયનો મનોમન લલકારી ગયો; છેવટે જુદીજુદી જાતની ચાના ભાવ પણ બોલી ગયો. પણ એક જ વિચાર મારા મનમાં હતો. આજે રાત્રે જ આવશે. ૧૪મી જાન્યુઆરી ૧૯૬૩ મારી પાછળ મારી પત્ની, મારાં બે બાળકો, મારી હસતી-ખીલતી વાડી, બહાર ઊભેલી ફિયાટ, બધું જ મૂકતો જવાનો હતો. પેલો પહેલાં આવેલો એ જ માણસ હશે? કે આ પાછળથી આવેલો એ? કે પછી ત્રીજો જ કોઈ? કે સાપ, કે વિકરાળ વાઘ, કે... કે... ભૂતાવળ.........

મેં કબાટમાંથી પાછું ફાનસ કાઢ્યું. બૅગમાંથી ચાના ભાવનું એક નાનું કાગળિયું કાઢ્યું ને એની પાછળની કોરી બાજુએ મેં લખવા માંડ્યું.

પૂરું નામ લખ્યું, મારું સરનામું લખ્યું, ચાની કંપનીનું નામ લખ્યું, મોટરનો નંબર લખ્યો, પાકીટમાંના પૈસાનો આંકડો નોંધ્યો, નીચે રાતનો બનાવ આલેખ્યો, કઇ રીતે અહીં આવ્યો, કેવો માણસ મળ્યો, કોણે ટકોરા માર્યા એનું વર્ણન કર્યું. એણે ભાખેલું મારું ભવિષ્ય લખ્યું, કદાચ-કદાચ કામ લાગે: મારી પછી,-પોલીસને મારી પત્નીને... ચિઠ્ઠી વાળી મેં ખિસ્સામાં મૂકી. ફરી બારી બહાર તાકતો બેઠો.

પૈસા માટે હશે? મારા મનમાં નવો તુક્કો આવ્યો. એ તો સહેલું હતું. મારું સર્વસ્વ આપી દેવા તૈયાર હતો, મારો જાન બચે તો. મેં કાંડા ઘડિયાળ ઉતારી ટેબલ પર મૂક્યું, મારી પાર્કર પેન મૂકી, મારું પાકિટ મૂક્યુ: એને સહેલું પડે, એક જ સપાટે બધું મળી જાય અને મને જવા દે! પછી બીજા વિચારે પાકિટ ખોલી દસ રૂપિયાની એક નોટ કાઢી લીધી. ગડી કરી ખિસ્સામાં મૂકી. કદાચ સવાર થાય ને જરૂર પડે તો હવે વીસ માઇલ જ દૂર રહેલા શહેરમાં પહોંચી શકાય. માત્ર દસ જ રૂપિયા મારી પાસે જો રહેવા દે તો!!

હું સમજું છું કે આ બધું અશક્ય લાગે એવું છે, ન બને એવું લાગે છે, મારું વર્તન પણ હવે વિચિત્ર લાગે છે; પણ બીકનો માર્યો માણસ શું ના કરે?

પાંચેક વાગ્યે હું છેવટે ઊંઘી ગયો હોઈશ; કારણ સાડાચાર વાગ્યે તો મેં ઘડિયાળ જોએલી. આંખ ઊઘડી ત્યારે અજવાળું થઈ ગએલું. ટેબલ પર પડેલી ઘડિયાળમાં જોયું તો સાત વાગ્યા હતા. બહાર સ્વચ્છ આકાશ નીલ વદને તાકતું હતું. હજુ છાપરેથી પાણીની ધાર પડતી હતી. હવામાં ગજબની કુમાશ હતી. પલળેલી ઠંડીનો ચમકારો ઓર વધ્યો હતો. ભેજની વાસ આવતી હતી.

હું ઊઠ્યો, ઘડિયાળ પહેરી લીધું. પાકિટ ખિસ્સામાં મૂક્યું. પેન ખોસી. કબાટ ખોલી ફાનસ કાઢ્યું, ઓલવ્યું. કબાટનું ખાનું મેશથી કાળું કાળું થઈ ગયું હતું. વૉશબૅસીનમાં મોં ધોયું. પાણીની છાલકથી આંખો બળવા માંડી. કપડાં બદલી, બૅગ બંધ કરી, બૂટ પહેર્યા. બારણું ખોલ્યું. ડાઇનિંગ રૂમમાં પ્રવેશતાં જ પેલો લીલા ફેંટાવાળો માણસ મળ્યો: 'ગુડ મૉર્નિંગ, સર.' 'ગુડ મૉર્નિંગ.'

'બ્રેકફાસ્ટ અભી લાયા સર, આપ બૈઠિયે.'

બ્રેકફાસ્ટની જરા ય ભૂખ નહોતી. અહીંથી મારે ભાગી છૂટવું હતું. પણ પેલો હું બોલું એ પહેલાં જ છૂ થઈ ગયો. હું ટેબલ પર બેઠો. થોડી વાર પછી એ કૉર્નફ્લેક્સ લઈ આવ્યો. દૂધ મૂક્યું. પાછો જતો રહ્યો. બહાર 'ગુડ મૉર્નિંગ સર' કહેતો સંભળાયો. તરત જ એક માણસ, સૂટ પહેરેલો, અંદર આવ્યો. ટેબલ પર મારી સામે બેઠો. એ પણ મારા જેવો જ મુસાફર લાગતો હતો. આખી રાત આ બંગલામાં મારા જેવું બીજું પણ કોઈ હતું જોઈ મને નવાઈ લાગી. એના હોવાનાં કોઈ ચિહ્ન દેખાયાં નહોતાં. કદાચ મારી પહેલાં આવ્યો હોય—કે કદાચ પછી.

ફેંટાવાળો એના માટે પણ કૉર્નફ્લેક્સ લઈ આવ્યો. અમે મૂંગામૂંગા કૉર્નફ્લેક્સ ચાવવા લાગ્યા. એટલામાં બીજા એક માણસનો બહારથી અવાજ સંભળાયો: 'બાહરજી, સાબ લોગ કો નાસ્તા ખિલાયા?'

'જી હજૂર.' ફેંટાવાળાએ કહ્યું.

'ગુડમૉર્નિંગ જેન્ટલમેન' કહેતો એ નવો અવાજ અંદર આવ્યો. એનાં કપડાં સુઘડ હતાં. એની રીતભાત પરથી તરત જ એ આ હોટેલનો મૅનેજર કે માલિક હશે એમ લાગ્યું.

'આપ લોગ ઠીક તો સોએ? કુછ તકલીફ?'

'નહિ, નહિ; કોઈ ભી તકલીફ ન થી.' અમે બન્ને મુસાફરો સાથે જ બોલી ઊઠ્યા. મારી નજર એના પર પડી, એની મારા પર. એની આંખો પણ ઉજાગરાથી રાતી હતી!

મૅનેજરે ભડભડ બળતી ફાયરપ્લેસમાં લાકડાં સરખાં કર્યાં. ઉષ્માનું, હૂંફનું મોજું આવ્યું અને ભેટી પડ્યું.

'અચ્છા હુઆ, આપ લોગ ઠીક તરહ સો સકે. મેરા લડકા ઐસા હૈ!—દિવાના હય, યૂ સી. હરેક મુસાફિર કો હેરાન કરતા હય. હરેક કો ગભરાતા હય. બોલતા, યે તુમ્હારી આખરી રાત હય. ઔર મુસાફિર લોગ ભી ડર કે મારે, ઉસકા દિવાના ચહરા દેખ કે સો નહિ સકતે. કભી કભી કોઈ મુસાફિર સુબહ સુબહ બિલકુલ બેહોશ નજર આતે હય. ઠીક હુઆ આપ લોગ કો વો મિલા નહિ.'

અમે કૉર્નફ્લેક્સ પૂરા કરી ટોસ્ટ ખાવા લાગ્યા. ગરમ કૉફી પીધી. પગ લંબાવ્યા. બહાર ખુશબૂદાર સવાર ફેલાઈ ગઈ હતી.

ખિસ્સામાં હાથ નાખી પેલા ચાના ભાવવાળી વાળેલી ચિઠ્ઠીની મેં ખિસ્સામાં ને ખિસ્સામાં જ નાનકડી લખોટી બનાવી અને પેલો સામેનો મુસાફર ગયો કે તરત જ રમતાં રમતાં ફાયરપ્લેસનાં સળગતાં લાકડાંઓમાં નાખી. મનમાં હાશ થઈ.

થોડી વાર પછી મૅનેજરને મેં પૂછ્યું: 'How much do I owe you? ક્યા કિરાયા દેનેકા હય?'

'ઓહ, સિર્ફ દસ રૂપયા.'

મેં ખિસ્સામાં પાકિટ માટે હાથ નાખ્યો. પછી યાદ આવ્યું કે સવારે કામ લાગે એ માટે મેં ખિસ્સામાં છૂટી દસ રૂપિયાની નોટ મૂકી છે. ગડીવાળી નોટ મેં બહાર કાઢી પેલા સામે ધરી.

મને ખૂબ હાશ થઈ. હૃદયમાં શાંતિ પથરાઈ ગઈ હતી. મારું મન કોઈ સાતમા સ્વર્ગમાં ભમતું હતું,—બેધ્યાનપણે.

'માફ કીજિયે સા'બ, આપ મુઝે કોઈ ચિઠ્ઠી દે રહે હય.' મૅનેજરે મને કહ્યું.

મારી નજર મારા લંબાએલા હાથ પર પડી. હાથમાં ચાના ભાવનું કાગળિયું હતું—ગડી વાળેલું!

આ માસ(ઑગસ્ટ)ઇતિહાસમાં • વ્યક્તિવિશેષ • પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : ગાય દ મૉપાસાં

કેવળ સત્યની—એટલેકે વાસ્તવિકની જ



રજૂઆત કરવાનું એક વલણ 'નૅચરાલિઝમ' નામે ફ્રેંચ સાહિત્યમાં વિકસ્યું હતું 'સ્ટેન્ડહૉલ, બાલ્ઝાક ફ્લોબર્ટ, ગૉન્કૉટ, એમિલઝોલાવગેરે એના પુરસ્કર્તા. ગાય દ મૉપાસાં પણ એમાંનો એક હતો.

ટૂંકી વાર્તાનો એ જગવિખ્યાત ઉસ્તાદ ૧૮૫૦ની ૫મી ઑગસ્ટે પારી(સ)ના એક શેરદલાલને ત્યાં જન્મેલો. ભણતર પૂરું કરી નૌકાદળમાં જોડાયો, ને પછી સરકારી કારકુનીમાં. સાહિત્યના રસ અને ઝોલા વગેરેના પરિચયે એ લખવા માંડયો અને એક કાવ્યસંગ્રહ પ્રકટ કર્યો. જીવનની નક્કર હકીકતોને ફોટોગ્રાફ જેટલી ચોક્કસાઈથી રજૂ કરતા અને ભાષાને કોઈ પણ જાતના શણગાર ચડાવ્યા વિનાના લખાણના પુરસ્કર્તા 'નૅચરાલિસ્ટ' શૈલીનાં એ કાવ્યો પર સરકારે પ્રતિબંધ મૂકવા ધાર્યું પણ એમાં ફાવી નહિ.

એ પછી તેણે ટૂંકી વાર્તાઓ શરૂ કરી. પહેલી જ વાર્તા (લા બાઉલ દ સ્યૂફ)એ એને સાહિત્યજગતમાં ચમકાવી દીધો. એની એ પ્રથમ વાર્તાની તોલે તો એની ખુદની બીજી વાર્તાઓ કે બીજા કોઇ લેખકની વાર્તાઓ પણ આવી શકે તેમ નથી. પછી તો એણે ૩૦૦ ઉપરાંત વાર્તાઓ અને છએક નવલકથાઓ લખી. આ બધી કૃતિઓમાં એણે માણસના મનોવ્યાપાર અને એની વૃત્તિઓનું તલાવગાહી અન્વેષણ કરીને જીવનમાં વ્યાપેલી અનીતિ, અશ્લિલતા ને જુગુપ્સાપ્રેરક લંપટતા તથા કુત્સિતતાને બેધડક ઉઘાડાં પાડયાં છે. એની એક નવલકથાના વેચાણ માટે ત્યાંના રેલવે બુકસ્ટૉલ્સ પર પ્રતિબંધ મૂકવામાં આવેલો. પણ એથી તો લોકો વધુ કુતૂહલથી તે મેળવવા માંડયા. પણ એની નવલકથાઓ એની વાર્તાઓ જેવી સિદ્ધિ મેળવી ન શકી.

નગ્ન હકીકતોને જ રજૂ કરવાના વલણમાંથી ઉદ્ભવેલા વાસ્તવવાદના લેખકોને આગળ જતાં માત્ર અણગમો ઉપજાવે અને અભદ્ર લાગે એવી બાબતોમાં જ 'સત્ય' દેખાવા લાગ્યું. આ રીતે લખનારા મોટા ભાગના લેખકો શારીરિક કે માનસિકરીતે રોગી હતા. મૉપાસાં પણ એમાંથી બાકાત નહોતો.

ટૂંકી વાર્તાઓનો એના જેવો ઉસ્તાદ કદાચ કોઈ નથી, પણ એની સાહિત્યિક કારકિર્દી એકાદ દસકા જેટલી જ છે. 'નૅચરાલિઝમ'ને એ ખલાસ થઈ જવા જેટલી હદ સુધી ખેંચી ગયો. સાહિત્યમાં એણે કોઇ નવી દૃષ્ટિ ઉમેરવાને બદલે માનવજીવનને જે રીતે જોયું એ જ રીતે પોતાની કૃતિઓમાં રજૂ કર્યું. દુર્ભાગ્યે એને દેખાએલું જગત અસુંદર અને એનાં પાત્રો અણગમો ઉપજાવે એવાં હતાં. પણ એની લખાવટ ઘણી સ્પષ્ટ હતી. એકેએક શબ્દ એ તોળીતોળીને મૂકતો અને 'નૅચરાલિઝમ'ની મનહૂસ વિગતોને એ પોતાના કટાક્ષો વડે હળવી બનાવી દેતો. આ શક્તિ એની આગવી હતી.

પણ ૪૦ની ઉંમરે પહોંચતાં તો એ નિરાશાવાદી ને માંદલા માનસનો બની ગયો. એના સાહિત્યનું તેજ પણ ઘટી ગયું. શારીરિક અને માનસિક અસ્વસ્થતા દૂર કરવા લેવાએલાં હદ ઉપરાંતનાં ઔષધોથી એનું સ્વાસ્થ્ય કથળી ગયું. એક વાર તો એણે આપઘાતનો પણ પ્રયત્ન કર્યો, પણ ફાવ્યો નહિ. લકવાનો એ ભોગ બન્યો ને ઇ. ૧૮૯૩-ની ૬ઠ્ઠી જુલાઇએ એનું અવસાન થયું.

પ્રસંગવિશેષ : જગખ્યાત ગ્રીનિચ વેધશાળાની સ્થાપના • ૧૦ ઑગસ્ટ ૧૬૭૫

અચોક્કસ ગણતરીને લીધે અનેક હોનારતોના ભોગ બનતાં વહાણો માટે ચોક્કસ રેખાંશ શોધવા ઇંગ્લંડના રાજા ચાર્લ્સ બીજાએ ઈ. ૧૬૭૫ની ૧૦મી ઑગસ્ટે લંડન નજીક, ટેમ્સને કાંઠે ગ્રીનિચ મુકામે એક ટેકરી પર શાહી વેધશાળાની સ્થાપના કરી. ઇંગ્લંડના અવલ દરજ્જાના સ્થપતિ સર ક્રિસ્ટૉફર રેને એનું મકાન બાંધ્યું. ત્યારથી તે છેક આજ સુધીની એ વેધશાળાની અખંડિત કામગીરી નોંધપાત્ર છે. સમયનું ચોક્કસ માપ કાઢવા ઉપરાંત, હવામાનથી માંડી જમીનની મોજણી સુધીનાં વિવિધ ક્ષેત્રે એણે સંશોધનો કરી વિજ્ઞાનના વિકાસમાં અમૂલ્ય ફાળો આપ્યો છે. ન્યૂટનના 'પ્રિન્સિપિયા'ની પ્રમાણભૂતતા સિદ્ધ કરતો હેલીનો ધૂમકેતુ અહીંથી જ શોધાયો. પૃથ્વી સૂર્યની આસપાસ ફરતી હોવાના પ્રત્યક્ષ પુરાવા રૂપ બ્રાડલેની પ્રકાશના ઍબરેશનની શોધ અહીંથી થઈ. ઈ. ૧૮૩૩માં ખલાસીઓને ચોક્કસ સમય જણાવવા બપોરના એક વાગ્યાના ટકોરા અહીંથી જ સંભળાવવાનું શરૂ થયું ને એમાંથી ગ્રીનિચનો સમય બ્રિટિશ ટાપુઓના 'સ્ટૅન્ડર્ડ ટાઇમ' તરીકે નક્કી થયો. ૧૮૮૪માં ગ્રીનિચનાં રેખાંશનો 'ઝીરો મેરીડિયન' તરીકે સ્વીકાર થયો.

છેલ્લી સદી આખી ગ્રીનિચે સૂર્યના ડાઘાનો સતત અભ્યાસ કર્યો છે. ફોટોગ્રાફીની શોધ પછી પંદર વર્ષે, ઈ. ૧૮૪૮માં ગ્રીનિચે જ પૃથ્વીના ચુંબકત્વને લગતા પહેલા ફોટોગ્રાફો લીધા હતા. તારાઓ અને ધૂમકેતુઓની છબીઓ પણ ગ્રીનિચે જ પ્રથમ પાડેલી. આઇન્સ્ટાઇનના સાપેક્ષવાદની સિદ્ધતા પણ ગ્રીનિચે ચકાસી હતી. આમ, વિજ્ઞાનક્ષેત્રે ઘણો લાંબો ને ગૌરવભર્યો ઇતિહાસ સર્જનાર આ વેધશાળા હાલ અસલ સ્થાનેથી ફેરવાઇને સસેક્સ પરગણામાં હર્સ્ટમોન્સોમાં ગોઠવાઇ છે. વિસ્તરતા જતા લંડનની ધમાલ અને એમાંથી ઊપજતી અનેક ડખલોથી સંશોધનોમાં પડતો વિક્ષેપ એ આ ફેરવણીનું કારણ છે. એના નવા સ્થાનમાં 'આઇઝૅક ન્યૂટન' નામનું ૯૮ ઇંચનું એક વિશાળ દૂરબીન પણ ઉમેરાયું છે. આ વેધશાળાનું સમગ્ર તંત્ર બ્રિટિશ નૌકાખાતાને હાથ છે. એનું અસલ મકાન હાલ સંગ્રહસ્થાન તરીકે વપરાય છે.



સર ક્રિસ્ટૉફર રેને બાંધેલા ગ્રીનિચ વેધશાળાના અસલ મકાનનાં બે દૃશ્યો

દોલત બેટી સૂમની ખરચી કદી ન જાય,
પાળી પોષી મોટી કરી ઊઠી પર ઘર જાય.

શારીરિક શ્રમને માટે સદા ગૌરવ લેતા અમેરિકાના માજી પ્રમુખ હર્બર્ટ હૂવરનો જુવાનજોધ પુત્ર કડિયાકામ કરતાં ઊંચેથી પડી મરી ગયો, તેના આઘાતથી તેમણે આખો દિવસ ભૂખ્યા તરસ્યા ને બેચેનીમાં ગાળ્યો. પણ લોકો બીજે દિવસે દિલાસો આપવા આવ્યા ત્યારે દુઃખપેરી ગંભીરતાથી તે બોલ્યા: 'જાતમહેનતનું ગૌરવ કરતાં મારા પુત્રે જાન ગુમાવ્યો એનો મને સંતોષ છે.'

અનેકાર્થી શબ્દ: **કલમ** = લેખણ; ચિત્રકારની પીંછી; લેખન કે ચિત્રકળાની શૈલી; અક્ષર, દસ્કત; ત્રાંસી કાપીને રોપાતી ઝાડની ડાળી; એક ઝાડની ડાળીને બીજા ઝાડની ડાળી સાથે લગાડવી તે, રોપાનો વિસ્તાર કરવો તે; ઉખેડીને ફરી વાવેલું ધાન્ય, ડાંગર; બંગાળમાં થતી ચોખાની એક જાત; કરારની શરત; દસ્તાવેજની કે કોઈ લખાણની કંડિકા; કાન અને આંખ વચ્ચે હજામતમાં લાંબો કે ટૂંકો રાખવામાં આવતો વાળનો ભાગ; પુરુષની જનનેન્દ્રિય; જુવાનહાથી; ચોર કે શઠ; સઢની આઠ માંહેની એક જાત; સંપ્રદાય કે પક્ષ; એક જાતનું ઈમારતી લાકડું; શરણાઇની જાતનું એક જાતનું વાંસનું વાજિત્ર; લાંબાં-પહોળાં પાનવાળું કદંબની જાતનું એક ઝાડ, જેનું લાકડું ઇમારત, ફર્નિચર તથા કાંસકી પ્યાલા-ચમચા બનાવવામાં વપરાય છે; વંશમાં જન્મેલો માણસ; આતશબાજીનો એક પ્રકાર-છછુંદર.

કહેવતોના અર્થ: 'પારકે ભાણે મોટો લાડવો'-પોતાની સ્થિતિથી અસંતુષ્ટ માણસો સામાની સ્થિતિથી પૂરા જ્ઞાત ન હોઇ સાધારણ રીતે એને વધારે સુખી, વધારે શ્રીમંત, વધારે શક્તિશાળી માનતા હોય છે. આ સર્વસામાન્ય ઈર્ષ્યાભાવને ઉચિત રૂપક વડે કેવી સમર્થરીતે આ કહેવતે દર્શાવ્યો છે!

ગણિતગમ્મત: કોઈ પણ સંખ્યાના બંને છેડથી સરખા અંકોની બદલી કરી બનાવે સંખ્યાને મૂળ સંખ્યામાંથી બાદ કરવાથી વચ્ચેના બધા અંક એકસરખા (નવડા) આવશે, અને મૂળ સંખ્યા જો છ અંકની હશે, તો ડાબી જમણી સંખ્યાઓના સરવાળા જેટલી વચલી સંખ્યા બનશે. દા. ત. ૪૭૫૪૨૩. તેમાંથી બાદ ૨૩૫૪૪૭=૨૩૯૯૭૬; ૨૩+૭૬=૯૯. બીજો દાખલો: ૬૭૮૯૩૪૫૧૨૫-૨૫૮૯-૩૪૫૧૬૭=૪૧૯૯૯૯૯૯૫૮. (પ્રફુલ્લ જાની)




તીડ કૂદી શકે છે તેટલા પ્રમાણમાં માણસ કૂદી શકતો હોત તો છ ફૂટ લાંબો માણસ ૩૦૦ ફૂટ લાંબો કૂદકો મારી શકત.

મહત્ત્વાકાંક્ષા + પ્રયત્ન = યશ
મહત્ત્વાકાંક્ષા − પ્રયત્ન = ઉપહાસ



કલાકણિકા: રંગીન કાચના ટુકડાઓ જડેલી બારીઓ (સ્ટેઈન્ડ ગ્લાસ વિન્ડોઝ)ની કલા યુરોપમાં ચરમ કક્ષાએ પહોંચી છે. મોટે ભાગે દેવળોની બારીઓમાં બાઈબલનાં પાત્રો કે પ્રસંગોને નિરૂપતી એ કલા લોકસ્પર્શી બની છે.




અમેરિકન રાષ્ટ્રધ્વજની ટિકિટ


ગઇ ૯મી જાન્યુઆરીએ અમેરિકાના પાટનગર વૉશિંગ્ટનમાંથી ત્યાંના રાષ્ટ્રધ્વજ-અંકિત પાંચ સેન્ટની જે નવી અમેરિકન ટિકિટ બહાર પડી છે એના પર ત્યાંના ધ્વજ ઉપરાંત પ્રમુખના આવાસ 'વ્હાઇટ હાઉસ'નું આલેખન છે, પણ એના પર ક્યાં યે અમેરિકા (યુ. એસ. એ.)નું નામ કે ટપાલખાતાનો ઉલ્લેખ કરેલો નથી,—તે એમ ગણીને કે એ રાષ્ટ્રધ્વજ આજે તો જગતભરમાં પરિચિતછે.

ઇ. ૧૭૭૭ની ૧૪મી જૂને જ્યારે એનો આવિષ્કાર થયો ત્યારે એના પર,સંઘમાં જોડાએલાં તેર રાજ્યોના દ્યોતક ૧૩ તારકો અને તેર પટ્ટીઓની રચના હતી. (એ પ્રથમ ધ્વજ સીવનાર બાઇના નામ પરથી તે 'બેટ્સી રૉસ ફ્લૅગ'ના નામે પણ ઓળખાતો.) પછી તેમાં બીજાં બે વધુ રાજ્યો ભળતાં ૧૫ તારકો ને ૧૫ પટ્ટીઓ મુકાઇ. એ ધ્વજ સૌ પ્રથમ ફૉર્ટ મૅક્હેન્રી-મેરીલૅન્ડ-પર ફરકયો તે પ્રસંગની પ્રેરણા પરથી 'ધી સ્ટાર સ્પૅન્ગલ્ડ બૅનર'નું અમેરિકન રાષ્ટ્રગીત રચાયું. પછીથી દરેક નવા રાજ્યના જોડાણ સાથે એક વધુ તારક ને એક વધુ પટ્ટી ઉમેરવી મુશ્કેલ બની જતાં મૂળ ૧૩ પટ્ટીની રચના કાયમ રહી અને રાજ્યદીઠ તારક જ ઉમેરવાનું રખાયું.

છેલ્લે ઈ. ૧૯૫૯ના ઑગસ્ટમાં હાવાઇને રાજ્ય તરીકે સ્વીકારાયા પછી હાલ અમેરિકન રાષ્ટ્રધ્વજમાં પચાસ તારકોની રચના છે.



ઘરના ખૂણાઓમાં રહી શકે એવાં આ ચાર ખુણિયાં-ટેબલોની રચના એવી છે કે જરૂર પડયે ચારેને એકઠાં કરી જમવા માટેનું કે દીવાનખાનામાં વચ્ચે મૂકવાનું મોટું ગોળ ટેબલ કરી શકાય.





મૅસૅકર ઑાવ સ્કીઍા (સ્કીઓની કતલ)


કલાકાર યૂજેં દેલાક્રવાની બે વિખ્યાત કૃતિઓ

સિંહનો સામનો

તુર્ક લોકો સામેની ગ્રીક લડતના એક કરુણ પ્રસંગ ઉપરથી કરેલું ડાબી બાજુનું ચિત્ર (મૅસૅકર ઑાવ સ્કીઓ) દેલાક્રવાનું સૌથી વધુ ગવાએલું ચિત્ર છે. એની વાત એવી છે કે એ પ્રદર્શનમાં મોકલ્યા પછી, એ જ પ્રદર્શનમાં આવેલા અંગ્રેજ કલાકાર કૉન્સ્ટેબલના 'ધ હે વેઇન' (ઘાસનું ગાડું) નામના ચિત્રની રંગાવટથી તે એટલો બધો પ્રભાવિત થઈ ગયો કે અધિકારીઓ વગેરેની રજા લઇને તેણે પોતાનું ચિત્ર સુધારવા માટે પાછું માગ્યું; અને પંદર દિવસ બાદ નવા રંગવિધાનમાં તે રજૂ થયું ત્યારે, એ કાળે પ્રચલિત મૂંજડા ઘેરા રંગોને બદલે એમાં એકબીજાને પડછે શોભતા સુંદર ઊજમાળા રંગોની ભભકે ત્યારના ચીલાચાલુ વિવેચકોને ખળભળાવી મૂક્યા. (જમણી બાજુ) મૉરૉક્કોના પ્રવાસમાંથી તેને મબલખ ચિત્રપ્રસંગો, પાત્રો, વેશભૂષા ને વાતાવરણ લાધી ગયા. તેના પરિણામે તેણે જે સંખ્યાબંધ ચિત્રો કર્યાં તેમાંનું (અરબ ઘોડેસવાર પર ત્રાટકેલા સિંહનું) આ ચિત્ર, બલિષ્ઠ ભાવ આલેખવાની તેની તાકાત સાથે પ્રાણીચિત્રણા પરના તેના કાબૂનું પણ ઉત્તમ દ્યોતક છે.

નામી ફ્રેંચ કલાકાર યૂજેં દેલાક્રવાની કેટલીક કૃતિઓ









મથાળે ડાબી બાજુ : આ અંકના પૂઠા પરના ચિત્રમાંની 'સ્વાતંત્ર્યદેવી'ના પાત્ર માટે કરેલો સ્કેચ; જમણી બાજુ : સ્મશાનભૂમિમાં 'હૅમલેટ અને હૅારેશિયો': શેક્સ્પીઅરની કૃતિ પરથી આલેખેલું ચિત્ર; નીચે ડાબી બાજુ : સર વૉલ્ટર સ્કૉટની કૃતિમાંથી પ્રેરણા લઈ કરેલું ઝડપી સ્કેચ ચિત્ર 'રૅવન્સ વૂડ ઍન્ડ લ્યુસી ઍટ ધ મરમેઇડ ફાઉન્ટન'; જમણી બાજુ : વિખ્યાત સંગીતકાર શાપેં દેલાક્રવાનો ગાઢ મિત્ર હતો. પ્રતિભાના તાપથી તપ્ત એના રૂઢિવિચ્છેદક વ્યક્તિત્વનું નિરૂપણ; તદ્દન નીચે : શિકારનો સામાન : કરચલો આદિ ખાદ્ય શિકાર અને બંદૂક વગેરેની પાછળ વિશાળ દશ્યચિત્ર ધરાવતી આ કૃતિ દેલાક્રવાની અચેતન પદાર્થચિત્રણા (સ્ટિલ લાઈફ)નો એક સારો નમૂનો ગણાય છે.

